ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૧ અંક: ૩ માર્ચ ૨૦૧૯ સળંગ અંક : ૫૬૯

# વિ-વિદ્યાનગર



चरोतर विद्यामंडल – वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते।

**CHARUTAR VIDYA MANDAL**
(Est: 1945)
Vallabh Vidyanagar-388120
www.vvidyanagar.co.in

# શ્રદ્ધાંજલિ












પુલવામા- કાશ્મીરમાં તા. ૧૪-૦૨-૨૦૧૯ના રોજ થયેલ આતંકી હુમલામાં શહીદ થયેલ ભારતીય અર્ધલશ્કરી દળ (સીઆરપીએફ)ના જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા ચારુતર વિદ્યામંડળ તથા ચારુતર વિદ્યામંડળ સંચાલિત વિવિધ સંસ્થાઓ દ્વારા તા. ૧૮-૦૨-૨૦૧૯ના રોજ ચારુતર વિદ્યામંડળ કાર્યાલયથી શહીદ ચોક સુધી યોજાયેલ ઐતિહાસિક મૌનરેલી નિમિત્તે લેવાયેલ વિવિધ તસવીરોમાં ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી ઈજનેર ભીખુભાઈ પટેલ, માનદમંત્રીશ્રી ડૉ. એસ.જી. પટેલ, માનદ સહમંત્રીશ્રીઓ, અન્ય પદાધિકારીઓ, કર્મચારીઓ, વિદ્યાર્થી ભાઈઓ-બહેનો તથા વલ્લભ વિદ્યાનગરના નાગરિકો દૃશ્યમાન થાય છે. અન્ય તસવીરોમાં શહિદ સ્મારક ખાતે શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરતા અધ્યક્ષશ્રી તથા માનદમંત્રીશ્રી નજરે પડે છે.




વિ-વિદ્યાનગર
ચારુતર વિદ્યામંડળ પ્રકાશન
માર્ચ - ૨૦૧૯
વર્ષઃ ૨૧ અંકઃ ૩
સળંગ અંકઃ ૫૬૯

ISSN 0976-9609-V Vidyanagar

ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦
સ્થાપના વર્ષઃ ૧૯૪૫


कर्मण्येवाधिकारस्ते


તંત્રી
ઉર્વીશ છાયા

પરામર્શન
નરેશ વેદ • રાજેન્દ્રસિંહ જાડેજા
જયન્ત ઓઝા • ભગીરથ બ્રહ્મભટ્ટ
આર.પી. પટેલ

સંપાદન-સહાય
અનિતા એ. સાળુંકે

પ્રકાશક
ડૉ.એસ.જી. પટેલ
માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

•

મુદ્રક
આણંદ પ્રેસ, ગામડી- આણંદ

અધ્યક્ષ
શ્રી ભીખુભાઇ બી. પટેલ

માનદ મંત્રી
ડૉ.એસ.જી. પટેલ

કુલપતિ
ડૉ. ભાવેશ પટેલ

માનદ સહમંત્રીઓ
શ્રી બી.પી. પટેલ • શ્રી એમ.જે. પટેલ • શ્રી મેહુલ ડી. પટેલ
શ્રી આર.સી. તલાટી• શ્રી વી. એચ. પટેલ • શ્રી કે.એસ. પટેલ

ડાયરેક્ટર જનરલ
ડૉ. એન.એમ. ઝવેરી


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન,વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ-ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટૅકનોલૉજી, હૉટેલ મૅનેજમેન્ટ ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઇ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઇબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે • રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કૉલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ એકેડેમી • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કોલેજ.


• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-
• વિદ્યાર્થી લવાજમઃ ₹૧૦૦/- • આજીવન લવાજમઃ ₹૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**વિ-વિદ્યાનગર**

**'વિ-વિદ્યાનગર' www.vvidyanagar.co.in પર મુકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.**

**अकरुणत्वयकारणविग्रहः परधनेपरयोषिति च स्पृहा।**
**स्वजनबन्धुजनेष्वसहिष्णुता प्रकृतिसिद्धिमिदं हि दुरात्मनाम्।**

નિર્દયતા, કારણવગર લડાઈ, પારકા ધનમાં તથા પારકાની સ્ત્રીમાં સ્પૃહા રાખવી, સજ્જનો અને બાંધવોની ઉન્નતિમાં અસહિષ્ણુતા-દુર્જનો આ સ્વભાવથી સિદ્ધ હોય છે.

(સંકલન કર્તાઃ પ્રિ. ઘનશ્યામસિંહ એન. ગઢવી)

**આ માસની વિચારકણિકા**

મૌત સે ન કિસી કી રિશ્તેદારી હૈ,
આજ મેરી તો કલ તેરી બારી હૈ.

- સૂફીવાણી
(અમીઝરણામાંથી સાભાર)


॥ કુલપતિની કલમે ॥
Education in India during British Period
• Dr. Bhavesh Patel 3
॥ પ્રાથમ્ય ॥ સુખની શોધમાં...
• એસ.જી. પટેલ 5
॥ આપણો વૈભવ અને વારસો ॥ (પદ્ય વિભાગ)
દયારામ 7
॥ આપણો વૈભવ અને વારસો ॥ (ગદ્ય વિભાગ)
ધ્યેયનિર્ણય
• કિશોરલાલ ઘ. મશરૂવાળા 8
॥ નવાં કાવ્યો ॥ હરીશ પંડ્યા, શૈલેષ ગઢવી, રક્ષા શુક્લ 9
॥ ચિંતન ॥ ભારતીય આચારો
• નરેશ વેદ 10
॥ વ્યક્તિત્વ ॥ ઈન્દુલાલ યાજ્ઞિકનું જીવનઘડતર
• ડંકેશ ઓઝા 13
॥ અભ્યાસ ॥ જીવનનો તારક કે મારકઃ શબ્દ
• ઈશ્વરભાઈ વાઘેલા 17
॥ અભ્યાસ ॥ કેનઉપનિષદ
• ઘનશ્યામસિંહ ગઢવી 19
॥ પ્રાસંગિક ॥ ભાઈકાકાનો વાંચનપ્રેમ અને તેનો..
• રમણભાઈ પી. પટેલ 23
॥ લઘુકથા ॥ ઘરબંગલો
• નટવર આહલપરા 24
॥ વિશેષ ॥ ગાંધીનું વિજ્ઞાન
• પંકજ જોશી 25
॥ ભાવાનુવાદ ॥ જાનના જોખમે... લે. કોસ્ટારિકા
• અનુ. હરિત પંડ્યા 32
॥ રમત-જગત ॥ ઓસ્ટ્રેલિયન ઓપન ચેમ્પિયનશીપ
• પી.ડી. શર્મા 36
॥ વિદ્યાવૃત્ત ॥ 12,35,37

# Education in India during British Period - II

## Dr. Bhavesh Patel

Last month we wrote about the Education in India during British Period before Macaulay arrived on Indian scene. It covered two phases; early period of ignorance, and opposition and erroneous design. In this article, we will initialize the third and final phase. The final phase cannot be covered in a single article; therefore, in this article we will outline the changes in the education system in India with the initiatives of Macaulay and address the post-Macaulay period in the next article.

Macaulay era in a way set in 1830, though he came to India in 1934 and wrote his famous minutes in 1835. On 29th September 1830, the Director of the Company wrote to Madras Government, "The improvements of education, however, which most effectually contribute to elevate the moral and intellectual condition of people are those, which concern the education of the higher classes of the persons possessing leisure and natural influence over minds of their countrymen. By raising the standard of education among these classes you would eventually produce a much greater and more beneficial change in the ideas and feelings of the community than you can hope to produce by acting directly on the more numerous class" (Chand, 2007).

Macaulay came to India in 1934 and soon appointed as the first Law Member of the Governor General of Bengal. The General Committee of Public Instruction, who had come to a deadlock on differences between Anglicists and Orientalists, approached the Governor General of Bengal in January 1935. Consequently, the famous minutes of Lord Macaulay came in existence. Macaulay, in his minutes took the position as follows (extracted from http://Shodhganga.inflibnet.ac.in):

- Rs. 1 lakh was not only for 'reviving literature in India' but also for the 'introduction and promotion of the knowledge of science…'
- The word 'literature' appearing in the Charter can be interpreted to mean 'English Literature...'
- "We must at present do our best to form class of persons, Indian in blood and colour, but English in taste, in opinion, in morale and in intellect"
- English is the key to modern knowledge and… it is likely to become the language of commerce throughout the seas of the East.
- British government's main aim was to spread European literature and science… and so money granted for education must be spent for that purpose through English medium.

Macaulay logically addressed major confusions that emerged from

the unanswered questions on medium of instruction, aim of education policy and type of knowledge to be emphasised. The policy aimed at providing higher education to higher classes than giving elementary education to the masses. However, this policy did not address two concerns namely, (a) who is responsible for delivering education and (b) what is the role of missionaries in imparting education. Perhaps, there was no need to address these two issues explicitly in the minutes and the policy, as they were implicit.

Based on these minutes, Lord Hardinge almost instantly proclaimed that those who are educated in English Schools would be given preference for services in public offices. This became the first Indian education policy of British period in India. This proclamation was a clear statement that there was a limited and calculated objective of preparing people to join services. This gave rise to two different classes, English-knowing class and non-English-knowing class of people among Indians. English-knowing class would help administration in understanding the local culture and religious implications on administration and legal system, and would help influencing the masses through their special-class appeal in Indian clad.

There is one opinion among some scholars that whatever the objectives of Macaulay minutes were, it did some good to India, if we see in retrospect. It prepared Indians with reasonably good English recognistion ability as the International language and that it brought modern science to India.

The note of Director of the Company to Madras Government and subsequent policy based on Macaulay's minutes propagated the 'Downward Filtration Theory'. British rulers in the beginning of 19th century felt that to rule India peacefully, it is necessary to make higher classes blind followers of the Government; and drop-by-drop the masses would gain influence from them.

Bhavesh Patel, Ph. D.
Kulpati
Charutar Vidya Mandal

This article is an extract and compilation of the following sources:

Chand, J. (2007). Education in India during British Period. New Delhi: Anshah Publishing House

Chapter III Education Policies in India Under the British Rule. Website: http://shodhganga.inflibnet.ac.in/bitstream/10603/102629/11/11_chapter%203.pdf accessed on 1st February 2019.

## સુખની શોધમાં...

એસ.જી. પટેલ

આજકાલ મોબાઈલ મીડિયામાં અસંખ્ય સંદેશાઓ વહેતા થયા છે. જેમાં શાનાથી સુખી થવાય એના કીમિયા બતાવેલા હોય છે. જેમ કે નવી કાર, આનંદદાયક વેકેશન, મોભાદાર નોકરી... વગેરે ખરેખર તો તમારી લાગણીઓ સાથે જોડાયેલ સુખાકારી કોઈપણ ભૌતિક ચીજ કે વસ્તુ અથવા વ્યકિત સાથે જોડાયેલ નથી. તમો એવું કદી ન કહી શકો કે ફલાણી વસ્તુ મારી પાસે નથી તેથી હું વ્યગ્ર છું. તમારી સુખાકારી કોઈપણ વસ્તુ કદી આપી શકતી નથી. યાદ રાખો કે તમો જુદી જુદી વસ્તુઓ પર કંટ્રોલ કરી શકો છો, પણ કોઈપણ વસ્તુ તમારા પર કદી કંટ્રોલ કરી શકે નહીં. શાંતચિત્તે બેસીને જરા દિલથી સંકલ્પ ચલાવો કે તમો ખુશ છો, જે કોઈ વસ્તુ આપણી પાસે છે તેનાથી સંતુષ્ટ છો. તમારી પાસે જે કંઈ નથી તેનાથી દુ:ખી પણ નથી. હું ખુશ છું. મારી ખુશી મારા પર આધારિત છે. ખુશ રહેવા માટે ભૌતિક સાધનો અને સંપત્તિની જરૂર નથી. મારી ખુશી મારી કોઈપણ સામગ્રી પર આધારિત નથી. ખુશી એ મારી ઊપજ છે. હું શુ ખરીદ કરું છું તેના પર મારી સુખાકારીનો આધાર નથી. હું જેવાં કપડાં પહેરું છું તેનાથી મારી ખુશી બદલાતી નથી. આજે જે કંઈ વસ્તુ માણું છું તેનો આધાર મારી ખુશી પર નથી. હું જે કંઈ વાપરું છું તેનો હું માલિક છું. હું મારા મનનો પણ માલિક છું, હું જે કંઈ વાપરું છું કે ભોગવું છે તેનો પણ માલિક છું. મારી પાસે જે કંઈ ઉપલબ્ધ છે તેમાં મારું મન પરોવાયેલ છે અને ખુશ રહું છું. હું સતત ખુશીમાં રહેવા ટેવાયેલ છું હું ખુશ જ છે.' આમ આવા સારા અને સકારાત્મક વિચારો કરતા રહેવું, સારા કામો કરવાની અગ્રિમતા આપતા રહેવું સકારાત્મક પ્રવૃત્તિઓમાં રોકાયેલ રહેવું. આ ઉપરાંત કેટલીક બાબતો પર ચિંતન કરીએ કે જેનાથી સુખાકારીમાં વૃદ્ધિ થાય.

દુ:ખની લાગણી આવે તો તમારી જાતને દોષિત ન માનો. વૈજ્ઞાનિકોએ સંશોધનાત્મક અભ્યાસ પરથી તારણો કરેલાં છે કે સુખાકારી અમુક અંશ સુધી આનુવંશિક છે. કેટલાક લોકો હંમેશાં સુખ ભોગવવા જ જન્મ્યા હોય છે અને બીજા બધા કરતાં વધારે આશાવાદી હોય છે. જો તમારી સુખની માત્રા થોડી ઓછી હોય તો સમજી લો કે તમો કંઈ જ ખોટું કરતા નથી. તમારી જાતને કહેવાનું ચાલુ કરો કે હું પણ સુખની ક્ષણો સર્જી શકું છું. તમારામાં આનુવંશિક રીતે દુ:ખી થવાનો વારસો મળ્યો હોય તો પણ નકારાત્મક વિચારો ત્યાગી સકારાત્મક સંકલ્પો રચવાથી દુ:ખને સુખમાં પરિવર્તિત કરી શકાય છે. આ કામ અઘરું છે પણ અશકય તો નથી જ. હંમેશાં આશાવાદી રહેવાનું વલણ કેળવો તો સુખનો ઉદય અવશ્ય થશે.

જીવનમાં જે કોઈ ઘટના બને તે માટે પોતે પોતાની જાત માટે આભારવશતાનો ભાવ જાગૃત કરો તો સુખાકારીની અનુભૂતિ વધશે. જે કંઈ બન્યું તે સારું થયું છે એમ સમજી આપણી જાતને ભાગ્યશાળી સમજો. સુખને પામવા પોતાના મનને મોકળાશ આપો. નાની-મોટી ક્ષણોમાં સમાયેલ સુખને શોધી કાઢશો તો તે બધી યાદગાર પળો પણ સંભારણાં બની જશે. સુખને આવતું અટકાવનારું પરિબળ એ દુ:ખદ પળો અને લાગણીઓને વાગોળવાનું કામ છે. કદાચ કોઈ માણસ તમારી લાગણી દુભાય એવું વર્તન કરે તો તેને ઉદારદિલથી માફ કરી દો, કારણ કે તેનાથી માફી પામનાર વ્યકિતને રાહત થતાં તેના શરીરમાંથી ઉત્પન્ન થતાં તિરસ્કારનાં કંપનોમાં ઓટ આવશે અને તેનાથી તમને અનુભવાતી દુ:ખદ લાગણીઓનું સુખદ ભાવમાં પરિવર્તન થવા લાગશે. આપણી લાગણી દુભાવનાર વ્યકિત માટે ઉત્પન્ન થતા નેગેટિવ વિચારો રોકો અને તેમાં સમાયેલ પોઝિટિવિટીનું સ્મરણ કરો તો સુખદ ક્ષણોનું વ્યાપ વધતો જશે. જયારે તમને સુખની અનુભૂતિ થાય ત્યારે તે વાત તમારી નજીકમાં જે કોઈ હોય એમને જણાવો અથવા તમારી ડાયરીમાં તેની નોંધ કરી લો. આમ કરવાથી સકારાત્મક સંકલ્પોનું સર્જન કરવું સરળ બનશે. શકય હોય તો દરરોજ ઓછામાં ઓછા ૨૦ મિનિટ મેડીટેશન કરવાની ટેવ પાડો તો વધારે કૃતજ્ઞ બની રાહતનો શ્વાસ લેશો તમારું મગજ સુખ પામશે. મેડીટેશન એકાંતમાં અથવા સમૂહમાં પણ કરી શકાય આમ કરવાથી નકારાત્મક સંકલ્પોને સરળતાથી પોટીઝીવ વાતાવરણ બનાવવામાં સહાયભૂત બનશે. તેનાથી ભાવી સુખ અને શાંતિ માણવાનો રાજપથ ખુલ્લો થશે.

સુખદ પળોને લાંબો સમય ટકાવી રાખવા પરિવારજનો અને મિત્રમંડળમાં વધારે સમય ગાળો કે જેથી તેઓ પણ તમારા સુખમાં ભાગીદાર બને. કોઈપણ ક્ષણે ઊભી થતી એકલતા ટાળો. સામાજિકતાની સહાય એ સુખને માણવાની, સાચવવાની અને વહેંચવાની ઉત્તમ આવી છે, જેટલું સુખ વહેંચશો એટલું જ વધશે. ભોજનનો સમય તમારી પસંદગીના સાથીઓ સાથે વીતાવો. કોઈક નિમિત્ત ઊભું કરી મિત્રો કે સગાંસ્નેહીઓને ભોજન માટે આમંત્રણ આપો. એવું પણ કરી શકાય કે નજીકના સ્નેહીઓ જમવાની આઈટમો સમજૂતીથી પોત પોતાના ઘેર બનાવે, પછી એક જગાએ ભેગા

થઇ જમવાનું રાખો. તો આનંદમાં વૃદ્ધિ થશે. મને મારા ગામની ગૃહિણીઓ પોતપોતાને ઘરે બનાવેલ સામ્રગી લઇને ગામની બહાર કોઇ પવિત્ર સ્થળે અવારનવાર ઉજાણી માટે જતી હતી તે યાદ રોમાંચ ઉપજાવે છે.

સામાન્ય રીતે લોકો પોતાની મનસપંદ પ્રવૃત્તિ કરતા હોય છે ત્યારે અનહદ સુખ માણતા હોય છે, વિચાર કરો કે તમારી સૌથી વધારે તાકાત કઇ છે. તમારી શોધી કાઢેલી ક્ષમતામાં સતત વધારો થતો રહે તે માટે સજાગ બનો. કેટલીકવાર આ તમારી ક્ષમતાઓ જ તમારા જીવનની ખુશીઓનો ભંડાર બની જતી હોય છે. રોજિંદા વ્યવહારમાં લગભગ ૨૫% જેટલો સમય મનપસંદ પ્રવૃત્તિમાં પસાર કરો. આ પસંદગીની પ્રવૃત્તિના સમયમાં ક્રમશઃ વધારો કરતા રહો તો સુખદ અનુભવોની હારમાળા સજાશે.

નવી ખરીદી લાવેલી વસ્તુ ક્ષણિક સુખ આપશે પણ તેની સાથે સર્જાયેલ યાદગાર પળો લાંબા સમય માટે સુખદ સંભારણાં બની શકશે. નવી નવી વસ્તુઓ ખરીદવાની લાલચને રોકો. એ સુખ આપવાને બદલે ઘરમાં ભેગી થયેલી અને વપરાશ વગર પડી રહેલી વસ્તુઓની જાળવણી અને મરામત જ તમારા માટે માથાનો દુઃખાવો બની જશે. એવી આશા ન રાખો કે સુખ તમારી પાસે દોડતું આવશે. તમારા સમયનું એવું આયોજન કરો, કઇ પ્રવૃત્તિ કયારે કરવામાં આવે કે જેનાથી મનને આનંદ થાય અને પોતાની સાથે સૌ સાથીઓને સુખની મજા માણી શકાય. સમયની ફાળવણી કરતી વખતે ખ્યાલ રાખો કે કઇ પ્રવૃત્તિથી આનંદ આવે છે. જે બાબતથી તમારી જાતને હલકી (નીચી કે નિરાશ) બનાવે તેવી લાગે તે ટાળો. જો તમો માત્ર રોજિંદુ કામ કરવું, ટીવી જોવું અને ઊંઘી જવામાં જ સમય પસાર કરશો તો સુખની અનુભૂતિ દૂર ભાગશે. આવું જ અવારનવાર થયા કરતું હોય તો વિચાર કરો કે તમો જે કામમાં પરોવાયેલા છો તેનાથી સંતુષ્ટ છો કે કેમ. જો તમો તમારા કામથી સંતુષ્ટ ન હોવ તો બીજા કામની શોધ ચાલુ કરી દો. યાદ રાખો કે પૈસા જ સુખ આપે છે એવું નથી. પૈસા જીવન માટે એક અનિવાર્ય જરૂરિયાત છે જ, પણ એ જ સર્વસ્વ નથી.

વધારે સુખી માણસોએ ઘણું બધું કામ કરવાનું હોય છે, પણ તેને પહોંચી વળવા તણાવ ઉત્પન્ન થાય એવું ન થવું જોઇએ. સુખનું પણ બેલેન્સ સાચવો કે જેથી સતત સર્જનાત્મકતા સચવાઇ રહે પણ વધુ પડતા બોજા નીચે દબાઇ ન જવાય. દિનચર્યા એવી ગોઠવો કે જેથી રોજ મેડિટેશન થાય, હરવા-ફરવાનો સમય મળે, મિત્રો અને પરિવારજનો માટે જરૂરી સમય ફાળવવામાં આવે બધું એકી સાથે કરવાની લાલચ છોડો. એવી પ્રવૃત્તિમાં રોકાયેલા રહો કે જેનાથી તમારી જાત કરતા બીજાઓ માટે વધારે ઉપયોગી બનો. આવું કરવા જતાં કદાચ ટૂંકા ગાળામાં બોજા રુપ લાગે પણ લાંબે ગાળે ઊંડો સંતોષ પણ મળી શકે. કોઇ સેવાભાવી સંસ્થામાં જોડાઇ જા. અને નિયમિત પણે સમયનું દાન આપતા રહો. તેનાથી સુખમાં દિવસો પસાર થશે અને આયુષ્યમાં પણ વૃદ્ધિ થશે.

શરીરમાં પેસી ગયેલા હઠીલા રોગો સ્વાસ્થ્ય સાચવવામાં અડચણરૂપ બનતા હોય છે. ડાયબીટીસ, બ્લડપ્રેસર જેવા રોગોને નિયંત્રણમાં રાખવા દિનચર્યા એવી સરસ ગોઠવો કે જેથી તે રોગોની યાદ વારંવાર ન આવે છતાં એમની સાથે પ્રેમથી જીવન જીવવાના રસ્તા અપનાવી લો. એમને આજીવન સાથી બનાવી તંદુરસ્તી સચવાદ રહે તેવા ઉપાયો જીવનની કાર્યશૈલીમાં સેટ કરી દો. આપણી સુખાકારી આપણા મગજમાં ઉત્પન્ન થતા રસાયણો સાથે પણ સંબંધ ધરાવે છે. જેવા કે-સેરોટોનીન, ડોપામાઇન અને ઓકિસટોસીન. આ પદાર્થોનું પ્રમાણ આપણા મગજમાં સચવાયેલ હોય ત્યારે આપણને આનંદ અને ઉત્સાહનો અહેસાસ થાય છે. કોઈક કારણોસર આ રસાયણોમાં વધઘટ થતાં હતાશા આવી જતી હોય છે. જીવનમાં લાઈફ સ્ટાઇલ બદલવા છતાં પણ સુખની લાગણી ન આવે તો માનસિક રોગોના ડોકટરની સલાહ લઇ યોગ્ય દવા-ઉપચાર કરવાથી માનસિક સંતુલન સચવાશે અને સુખની અનુભૂતિ કેળવી શકશો. નિયમિત કસરત કરવાથી શરીર સ્વાસ્થ્ય સચવાય છે અને પરિણામે સુખશાંતિ ભોગવી શકાય છે. આપણી આસપાસના લોકો સાથે કેવા પ્રકારની લાગણીઓના તાણાવાણા જોડાયેલ છે. તેનો આધાર આપણી સુખાકારી સાથે સંબંધ ધરાવે છે. ખૂબ જ નિકટતા ધરાવતા મિત્રો અને સ્નેહીઓને ભેટવું, ચુંબન કરવું, હસમુખા રહેવું એ સુખમય જીવન જીવનની કળા સમાન છે. કોઇકવાર કોઇક પ્રત્યે દશાવેલ કૃત્રિમ હાસ્ય પણ સુખદ પળોને નજીક લાવવામાં ઉપયોગી થાય છે. માટે હંમેશાં હસતા રહો અને હસાવતા રહો તો સુખની હારમાળા સર્જાશે અને તેની અસર લાંબો સમય ટકી રહેશે.

આપણે તો સુખી બનીએ જ, પણ એ સુખને બીજાઓ સુધી વહેંચતા રહેવાથી બીજાઓ પણ સુખ અનુભવે તે માટે મદદરૂપ બનો બીજાને મદદરૂપ થવાના અનેક રસ્તા છે જેમાં શારીરિક, માનસિક, સામાજિક, આર્થિક, આધ્યાત્મિક, ધાર્મિક વગેરે બાબતોનો સમાવેશ થઇ શકે છે.

(માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર)

## જે કોઇ પ્રેમ અંશ અવતરે

જે કોઇ પ્રેમ અંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે,
સિંહણ કેરું દૂધ હોય તે સિંહણસુતને જરે,
કનકપાત્ર પાખે સહુ ધાતુ ફોડીને નીસરે. પ્રેમરસ૦
સક્કરખોરનું સાકર જીવન, ખરના પ્રાણ જ હરે,
ક્ષારસિંધુનું માછલડું જેમ મીઠા જળમાં મરે. પ્રેમરસ૦
સોમવેલીરસપાન શુદ્ધ જે બ્રાહ્મણ હોય તે કરે;
વગળવંશીને વમન કરાવે, વેદવાણી ઊચરે. પ્રેમરસ૦
ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપિ અર્થ ના સરે,
મત્સ્યભોગી બગલો મુક્તાફળ દેખી ચંચુ ના ભરે. પ્રેમરસ૦
એમ કોટિ સાધને, પ્રેમ વિના પુરુષોત્તમ પૂંઠે ના ફરે,
દયાપ્રીતમ શ્રી ગોવર્ધનધર વર, પ્રેમભક્તિએ વરે. પ્રેમરસ૦

## નિશ્ચયના મહેલમાં

નિશ્ચયના મહેલમાં વસે મારો વ્હાલમો, વસે વ્રજલાડીલો રે;
જે રે જાયે તે ઝાંખી પામે જી રે!
ભૂલા ભમે તે બીજા સદનમાં શોધે રે, હરિ ના મળે એકે ઠામે રે.
સત્સંગદેશમાં ભક્તિનગર છે રે, પ્રેમની પોળ પૂછી જાજો રે.
વિરહતાપ-પોળિયાને મળી મહોલે પેસજો રે, સેવાસીડી ચડી ભેળા થાજો રે.
દીનતાપાત્રમાં મનમણિ મૂકીને ભેટ ભગવંતજીને કરજો રે.
હુંભાવ પુંભાવ નોછાવર કરીને રે શ્રીગિરિધર વર તમો વરજો રે.
એ રે મંડાણનું મૂળ હરિઇચ્છા રે, કૃપા વિના સિદ્ધ ન થાયે રે.
શ્રી વલ્લભશરણ થકી સહુ પડે સહેલું રે, દૈવી જન પ્રતિ દયો ગાયે રે.

## વ્રજ વ્હાલું રે

વ્રજ વ્હાલું રે! વૈકુંઠ નહિ આવું, મને ન ગમે ચતુર્ભુજ થાવું,
ત્યાં શ્રીનંદકુંવર ક્યાંથી લાવું? - વ્રજ વ્હાલું રે !
જોઇએ લલિતત્રિભંગી મારે ગિરધારી, સંગે જોઇએ શ્રી રાધે પ્યારી,
તે વિના નવ આંખ ઠરે મારી, - વ્રજ વ્હાલું રે !
ત્યાં શ્રીજમુના ગિરિવર છે નહિ, મુને આસક્તિ છે ઘણી એ બેની,
તે વિના મારા પ્રાણ પ્રસન્ન રહે નહિ. - વ્રજ વ્હાલું રે !
ત્યાં શ્રીવૃંદાવનરાસ નથી, વ્રજવનિતા સંગ વિલાસ નથી,
વિષ્ણુને વેણ વાયાનો અભ્યાસ નથી. - વ્રજ વ્હાલું રે !
જ્યાં વૃક્ષે વૃક્ષે વેણના ધારી, પત્રે પત્રે છે હરિ ભુજ-ચારી,
એક વ્રજરજ ચોમુક્તિ વારી. - વ્રજ વ્હાલું રે

## કાળજ કોર્યું તે કોને કહીએ ?

કાળજ કોર્યું તે કોને કહીએ રે ઓધવ! છેલછબીલડે ?
વેરી હોય તો વઢતાં રે ફાવીએ, પણ પ્રાણથી પ્યારો એને લહીએ રે ! ઓધવ !
ધીખીએ ઢાંક્યાં તે કહ્યે નવ શોભીએ, ડાહ્યાં શું વાહ્યાં નાને છૈયે રે ! ઓધવ !
સોડનો ઘાવ માર્યો સ્નેહી શામળિયે ! કિયા રાજાને રાવે જઇએ રે! ઓધવ !
કળ ન પડે, કાંઇ પેર ન સૂઝે ! રાતદિવસ ઘેલાં રહીએ રે ! ઓધવ !
કાંઇ વસ્તુમાં ક્ષણ ચિત્ત ન ચોંટે ! અલબેલો આવી બેઠો હૈયે રે ! ઓધવ !
દયાના પ્રીતમજીને એટલું જઇ કહેજો : ક્યાં સુધી આવું દુઃખ સહીએ રે? ઓધવ!

- દયારામ

## પ્રતિભાવ

ચરોતર અને ચકલાસી ગામ સુદ્ધાંમાં અજાણ્યા એવા, ૧૯ મી સદીના અંતિમ વર્ષોમાં અંગ્રેજી શાસન સામે બળવો કરનાર, પછાત ધારાળા જ્ઞાતિના રણછોડ વીરાની વીરકથાને ભારતીય-અમેરિકી ઇતિહાસકારના ગ્રંથમાંથી શોધીને પ્રકાશિત કરવા બદલ (વિ-વિદ્યાનગર, ડિસેમ્બર ૨૦૧૮) પંચમહાલના શ્રી.બી.એન. ગાંધીને અભિનંદન ! સૌરાષ્ટ્ર કે કચ્છમાં આવી ઘટના બની હોત તો લોકગીત કે લોકકથા રૂપે ચારણોએ જાળવી હોત. આવી જૂની ઘટનાઓની જીવંત સ્મૃતિ હોય તેવા માણસો મળવા હવે અશકય છે, પણ કેલિફોર્નિયાના પ્રા.વિનાયક ચતુર્વેદીની જેમ સરકારી દફતરભંડારો તપાસવાથી નાનાં ગામોમાં થયેલી અંગ્રેજ વિરોધી ચળવળો (atmicro level) પ્રકાશમાં આવી શકે છે. સાધુ-સંન્યાસીઓ દ્વારા અદ્યાપિ કહેવાતું રહ્યું છે કે ૧૮૫૭ ના વિદ્રોહમાં તેમણે આપેલાં બલિદાનોની ઇતિહાસમાં પૂરતી નોંધ નથી લેવાઇ.

**નલિનાક્ષ પંડયા**

## ધ્યેયનિર્ણય

**કિશોરલાલ ઘ. મશરૂવાળા**

જીવનનું ધ્યેય શું હોવું જોઇએ એ માનવી જીવનમાં સૌથી મોટો પ્રશ્ન છે. જીવનના ધ્યેય ઉપર માણસના વર્તનનું અને જીવનની નાની મોટી બાબતોનું વલણ, તે જ પ્રમાણે તેનું કર્તૃત્વ અને તેના સામાજિક સંબંધો પણ અવલંબેલા છે. માટે ધ્યેય ઠરાવવામાં ભૂલ કે સદોષતા ન હોવી જોઇએ.

જેમ જેમ સમય જાય છે, જેમ જેમ જગત વિષેનો આપણો અનુભવ વધતો જાય છે તેમ તેમ અનેક બાબતોમાં આપણી કલ્પના અને વિચારોમાં ફેરફારો થતા જાય છે. તે જ પ્રમાણે જીવન વિષેના ધ્યેય બાબતમાં યોગ્ય એવો ફેરફાર થવો જરૂરી છે. આ ફેરફાર યોગ્ય સમયે ન થાય તો તેના પરિણામ વ્યક્તિ અને સમાજને અસહ્ય રીતે ભોગવ્યા સિવાય છૂટકો નથી. તેથી જીવનનું ધ્યેય ઠરાવતાં માણસે દેશ, કાળ, પરિસ્થિતિ, તેની જરૂરિયાતો, તેની ભાવનાઓ, તેનું મન અને છેવટે તેનું અને માનવજાતિનું સર્વતોપરી કલ્યાણ એ બધાનો જેટલો વ્યાપક, દીર્ઘ અને સૂક્ષ્મ વિચાર કરી શકાય તેટલો કરીને તે નક્કી કરવાનો પ્રયત્ન કરવો જોઇએ.

સુખ વિષે પ્રીતિ અને દુઃખ વિષે અપ્રીતિ આ ભાવનાઓ માનવજાતિમાં પ્રથમથી તે અત્યાર સુધી એમ જ ચાલુ છે. માણસને સુખની ઇચ્છા સહજ છે, અને તે ઇચ્છા પૂરી કરવા માટે તે અનેક સંકટોનો સામનો કરે છે. અત્યંત દુઃખમય સ્થિતિમાં પણ માણસ કાંઇને કાંઇ સુખની આશા પર જ જીવે છે. ચાલુ કે ભવિષ્યના કોઇ પણ સુખ સાથે ચિત્તનો સંબંધ જોડ્યા વગર માનવી જીવન ચાલવું જ શક્ય નથી. ભવિષ્યના સુખ સાથે ચિત્તનો જોડેલો સંબંધ એટલે જ આશા. ક્યાંક અને ક્યારેક સુખ સાથે માનવી મનનો સંબંધ હોય છે જ. મનનો તે ધર્મ જ છે. તે ધર્મમાંથી જ સ્વર્ગની, સુખમય પરલોકની અને પુનર્જન્મની કલ્પના નિર્માણ થયેલી છે. અને અન્યાય, દુષ્ટતા અને દુરાચરણ કરનારને ક્યારેક પણ દંડ મળવો જ જોઇએ આ ન્યાયવૃત્તિમાંથી નરકની કલ્પના ઉત્પન્ન થયેલી છે. દુઃખનાશ, સુખની પ્રાપ્તિ વગેરે બાબતો આપણી ઇચ્છા પ્રમાણે આ જન્મમાં બનતી નથી, તે પ્રમાણે જ સત્કર્મનાં સારાં અને દુષ્કર્મનાં માઠાં ફળો આ જગતમાં મળતાં રહે છે એવું બધે દેખાઇ આવતું નથી, એ પરથી આ બધી બાબતો વિષે સ્વર્ગ, પુણ્યલોક, નરક, પુનર્જન્મ વગેરે કલ્પનાઓ દ્વારા માણસે પોતાના મનથી વ્યવસ્થા અને ન્યાય લગાડી દીધો છે. આ વ્યવસ્થા પછી પણ ક્યારેક માણસના ધ્યાનમાં આવ્યું કે જીવમાત્રાને સુખદુઃખ લાગેલાં છે, ગમે તેટલી ઉત્તમ સ્થિતિમાં જન્મ થયો હોય તોયે સંપૂર્ણ દુઃખનાશ અને બધી રીતે સુખપ્રાપ્તિની સ્થિતિ માણસને પ્રાપ્ત થવી શક્ય નથી. દુઃખ ન જોઇતું હોય તો સુખ પણ છોડવું જોઇએ. એક ન જોઇએ તો બીજી પ્રિય વસ્તુનોયે ત્યાગ કરવો જોઇએ. જન્મ સાથે જ સુખ-દુઃખ પણ માણસની પાછળ લાગેલાં છે. તેથી દુઃખમાંથી છૂટવા માટે સુખ છોડવાને તૈયાર થવા સિવાય બીજો ઉપાય નથી.

માણસ સામાજિક પ્રાણી હોવાથી બધાના હિતની દૃષ્ટિએ ધ્યેયનો વિચાર કરવો એ જ નિશ્ચયપૂર્વક તેને માટે ઉચિત થશે. ધ્યેયની યોગ્યતાનો કિંવા શ્રેષ્ઠતાનો વિચાર કરતાં આ જ વસ્તુને આપણે મહત્ત્વ આપવું જોઇએ. તેને જ માનવધર્મ કહેવાય. આ માનવધર્મથી જ આપણે માનવતા પ્રાપ્ત કરી શકીશું. તે માનવધર્મ પ્રમાણે આચરણ કરતાં કરતાં આપણે બધાએ માનવતા સિદ્ધ કરવાની છે. તે જ આપણા જીવનનું ધ્યેય છે. તે જ ધ્યેય માટે આપણે બધાએ સદ્‌ગુણોના ઉપાસક બનવું જોઇએ.

વિવેક, સંયમ, ચિત્તશુદ્ધિ અને પુરુષાર્થ એ મુખ્ય સાધનોથી આપણું અને સમાજનું કલ્યાણ સિદ્ધ કરીને માનવ્યની પરમ સિદ્ધિ પ્રાપ્ત કરવી એ જ માનવી જીવનનું ધ્યેય છે.

('સંસાર અને ધર્મ' (કિશોરલાલ ઘ. મશરૂવાળા)માંથી ટૂંકાવીને.)

સાથી હાથ બઢાના,
પર્યાવરણ કો બચાના,

વૃક્ષોનું જતન,
તો સમૃદ્ધ વતન,

સૌજન્ય- ડૉ. શારદા જોશી,
એસ.એમ. પટેલ કોલેજ ઓફ હોમસાયન્સ, વિ.વિ.નગર

॥ નવાં કાવ્યો ॥

## ભરતી-ઓટ

**હરીશ પંડ્યા**

ફીણ ફીણ થૈ જળ દરિયાના રેતી પર પથરાય,
સૂરજ પણ ભીની રેતીમાં ચહેરો જોઇ મલકાય,
સમીર ભેખડથી ઊતરી લે
પળ બે-પળ વિસામો,
સાગર-પંખી જાત-ભાતનાં
ગણતાં થાકો નામો,
શંખ અને છીપલાંથી કાંઠો છલક છલક છલકાય,
ફીણ ફીણ થૈ જળ દરિયાના રેતી પર પથરાય,
બપ્પોર ઢળતાં જળ દરિયાના
પાછાં પગલે ભાગે
ભીની રેતમાં કોમળ ચરણોનો
પદ્‌રવ મધુરો જાગે,
કચડાતી રેતીના નિઃસાસા ભેખડમાં પડઘાય,
ફીણ ફીણ થૈ જળ દરિયાના રેતી પર પથરાય

(ડી-૧, ત્રિલોચન સોસાયટી, ઘોઘા જકાત નાકા પાસે, રીંગ રોડ, સુભાષનગર, ભાવનગર-૩૬૪૦૦૧ મોઃ ૯૪૨૮૪૦૧૬૨૭)

**શૈલેષ ગઢવી**

સમયનું વ્હેણ સમજે એમ જાણે વારતા કરશે,
નજીવી હસ્તરેખા પણ કટાણે વારતા કરશે.
મળે રફનોટ જો તારી તો દુનિયા જીવ લઇ લેશે,
હકીકત નામ દઇ ઇચ્છા પ્રમાણે વારતા કરશે.
સતત આરવ કરે છે પ્રકૃતિ તું કાન માંડી જો,
અરે! મૂંગા તણખલા પણ ચરાણે વારતા કરશે!
કદી ભેગા મળી વાળુ કરી લ્યો એક છત નીચે,
નિખાલસ ઠામડાં ખખડીને ભાણે વારતા કરશે.
અભણ માતાની રંગોળી સમજવા ચૂલો ફૂંકી જો,
દસે દસ આંગળાની છાપ છાણે વારતા કરશે.

(આંબાવાડી પ્લોટ, મધીમા મંદિરની પાછળની શેરી, મુ- મેંદરડા-૩૬૨૨૬૦ જી- જુનાગઢ મોઃ ૯૯૨૫૩૧૨૯૪૪)

## એ વાતે

(ગઝલ)

**રમેશ પટેલ**

શબ્દોમાં ઓગળવું મારે;
અર્થોમાં ખળખળવું મારે!
ખરતાં પર્ણે બળવું મારે;
લીલપમાં ઝળહળવું મારે!
સૂરજ છે કે અંગારો?
એ વાતે વિહવળવું મારે.
તમને મળવા સામા કાંઠે-
અહીંથી પાછા વળવું મારે!
શબ્દો ભીનાં ભીનાં વરસે;
અંદરથી ઓગળવું મારે!

(પ્રાંજલ-૩૦, આનંદ વાટિકા સોસાયટી, સરદાર પુલ પાસે, અડાજણ રોડ, સૂરત-૩૯૫૦૨૯ મોઃ ૯૮૨૫૧૦૦૨૫૫)

## બદલીશું ઈતિહાસ

**રક્ષા શુકલ**

વાસણ-કપડાં, કચરાં-પોતા, એજ નથી અધ્યાસ
ઓફિસ-ધંધો, સાહસ-સત્તા, બદલીશું ઈતિહાસ.
કોબીજ-બોબીજ લઉં'ને કિચનમાં હું બધું સંભાળું,
એ જ ત્વરાથી નેટ ઉપર ફોલ્ડરનું ખોલું તાળું.
દીવો ઉંબર પર મૂકું, ભીતર ભળતું અજવાળું,
નરસિંહ-મીરાં, મુનશી મારા દરવાજે હું ભાળું.
એ સૌના હોવાથી મારું હોવું ખાસમખાસ,
વાસણ-કપડાં, કચરાં-પોતા, એજ નથી અધ્યાસ.
ગેન્ડીમાં વહેતા જળથી મારામાં વૃક્ષો ફૂટે,
પુસ્તક સઘળાં ઓનલાઈન થઇ ધોધંધોધ વછૂટે.
કક્કાને જે તિલક કરેલું રંગ હજુ ક્યાં ખૂટે!
પહાડો'ને ધસમસ નદીઓ મારું સરનામું ઘૂંટે.
વણખેડી જો ભોંય મળે, એમાં પણ પાડું ચાસ,
વાસણ-કપડાં, કચરાં-પોતા, એજ નથી અધ્યાસ.

(૧૫, નંદન-શાસ્ત્રીનગર, મુ.પો. તળાજા, જિ- ભાવનગર-૩૬૪૧૪૦ મોઃ ૯૯૭૯૨૪૪૮૮૪)

## ભારતીય આચારો

**નરેશ વેદ**

કોઈપણ રાષ્ટ્રને સારી રીતે ઓળખવું હોય તો એ રાષ્ટ્રની પ્રજાની મુખ્ય સંવેદનાઓ કઈ છે એ જાણવું જરૂરી બને છે. તેથી આપણે ભારતીય પ્રજાની મુખ્ય સંવેદનાઓ સમજવાનો પ્રયત્ન કરીએ.

ભારતીય પ્રજાએ હંમેશાં નર-નારીના પ્રેમને અભિવંદ્યો છે. માણસમાં રહેલી માનવતામાં આસ્થા રાખી છે અને મુક્તિની કામના કરી છે. પ્રેમભાવ, ભક્તિભાવ અને મોક્ષભાવને સ્થાયી માન્યા છે. તેથી આ ભાવોને અનુરૂપ સંવેદનાઓ તેની મુખ્ય સંવેદનાઓ છે.

ભારતીય સમાજમાં ગૃહ અને પ્રેમનું અધિષ્ઠાન છે નારી. ભારતીય સમાજ પિતૃસત્તાક છે; છતાં માતૃપૂજક છે. આપણો સમાજ એટલે વર્ષમાં શાકંભરી, માઘી, ચૈત્રી, અષાઢી અને આસો માસમાં પાંચ વખત નવરાત્રિ મનાવે છે. ભારતીય પ્રજા સ્ત્રીઓને ભોગ્યારૂપે નહીં પણ કાર્યેસુ મંત્રી, ભોજયેસુ માતા, શયનેસુ રંભા અને કરણેસુ દાસીરૂપે સ્વીકારે છે. ભારતીય પ્રજાની માન્યતા છે કે સંસારની યોજનામાં સ્ત્રી મમતાભરી અને દયામયી છે. જગત અને જીવનના ગમે તેવાં અનિષ્ટ અને અમંગળ ઉપર, દુરિત અને દુષ્ટતા ઉપર તે પોતાના પ્રેમ અને આત્મભોગ વડે વિજય મેળવી શકે છે. ભારતીય પ્રજા સ્ત્રીનાં માતા, બહેન, પત્ની અને ભાભી-એવાં બધાં સ્વરૂપોમાં અદ્‌ભુત શ્રદ્ધા ધરાવે છે. બહેનનો નિર્વ્યાજ સ્નેહ અને ભાભીનો અનર્ગળ ભાવ ઋણાનુબંધની ઋજુગરવી કવિતાસમો છે. પત્નીનો પ્રેમ જન્મજન્માતરનો છે. માતાના પ્રેમના આવિર્ભાવને તો કુટુંબ કે અન્ય એવી કોઈ પ્રકારની સીમા નથી. પત્નીની સહનશીલતા અને સમર્પણશીલતામાં તથા માતાની મમતા અને વત્સલતામાં ભારતીય પ્રજાને ઊંડો વિશ્વાસ છે. ભારતીય સ્ત્રીત્વમાં આંતરિક સૌંદર્ય અને શારીરિક સામર્થ્યનાં તથા તપ અને ત્યાગવૃત્તિનાં તત્ત્વોને મુખ્ય ગણવામાં આવ્યાં છે. સ્ત્રીવિષયક આવા ભાવો અને ખ્યાલો ભારતીય સંવેદનાઓનું એક રૂપ છે. ભારતીય પ્રજાએ નરનારીનાં જોડલાંની 'ઉરદોરી એક' કલ્પી છે. તેથી જ પ્રેમને એમને જોડનાર કોઈ 'આંતર હેતુ' રૂપે ઓળખ્યો છે, જ્યારે કામને વામ કહીને ઓળખાવ્યો છે. લગ્નને સોળ સંસ્કારો પૈકીના એક સંસ્કારરૂપે અને અતૂટ જીવનબંધનની ભાવનારૂપે સ્વીકાર્યું છે. પ્રેમને સદ્‌ભાવ, સૌજન્ય અને નિરભિમાનીપણાથી શુદ્ધ કરવાની અને એ માટે વિરહયાતના અને એનાં સહનતપનની વાત આગળ કરી છે. વસિષ્ઠ-અરુંધતી, રામસીતા, રાધાકૃષ્ણ, શિવ-પાર્વતી, સત્યવાનસાવિત્રી અને નળદમયંતીનાં કથાનકો, આ કારણે તો તેનાં આદર્શ આદ્યરૂપો (archetypes) બન્યાં છે.

ભારતીય પ્રજાની નારીભાવના અને પ્રણયભાવના એના યોગ્ય અને અનુત્તમરૂપમાં કવિ કાલિદાસના 'શાકુંતલ'માં, ભવભૂતિના 'ઉત્તરરામચરિત'માં, રવીન્દ્રનાથ ટાગોરની 'ચિત્રાંગદા'માં, કવિ જયશંકર પ્રસાદની 'કામાયની'માં, મૈત્રેયી દેવીની 'ન હન્યતે'માં તથા શરદચંદ્ર ચેટર્જી અને કાન્હુચરણ મહાન્તીની વિપુલ કથાસૃષ્ટિમાં પ્રગટ થઈ છે. તો વાત્સલ્યમૂર્તિ માતાની અમર છબી બાળ કનૈયાનાં ઉધમાતો અને તોફાનોને સહન કરતી પણ એને ભારે લાડકોડથી ઉછેરતી 'શ્રીમદ્‌ ભાગવત'ની જશોદામાં, આયરિશ સંતાનને પોતાનું બાળક કરી ઉછેરતાં પોતાના બધા ધર્માચારો પડતાં મૂકતી રવીન્દ્રનાથ ટાગોરની 'ગોરા'ની આનંદમયીમાં અને અંગનાં સંતાનો કરતાં સાવકાં સંતાનને પોતાનું કરી એના સ્નેહ અને આદરની અધિકારિણી બનતી શરદબાબુની 'વિપ્રદાસ'ની દયામયીમાં અંકિત થઈ છે. न मातुः परदैवतम् એ ભારતીય સંવેદના છે. અમૃતનિધાન માતા વિશેની ભાવસંવેદના ભારતીય પ્રજાની એક મુખ્ય સંવેદના છે.

ભારતીય પ્રજાએ માણસમાં રહેલી મહાનતા અને ઉદાત્તતાનો ખ્યાલ સ્વીકાર્યો છે. માણસની ખરી કિંમત તેની માણસાઈમાં ગણી છે. માનવધર્મને મોટો ધર્મ માન્યો છે. મધ્યકાળના સંતોએ ઊંચ-નીચ, છૂત-અછૂત, ગરીબ-તવંગરના ભેદને અવગણીને સામાજિક સમરસતા અને સેવાનો બોધ રજૂ કર્યો હતો. સ્વામી વિવેકાનંદે મનુષ્યમાત્રમાં રહેલી દિવ્યતા અને પૂર્ણતાનો મહિમા કર્યો હતો. તો મહાત્મા ગાંધીએ કોમી એકતા સ્ત્રીપુરુષ જાતિસમાનતા, અસ્પૃશ્યતાનિવારણ અને દરિદ્રનારાયણની સેવા દ્વારા ભગવાન નારાયણને રીઝવવાની વાત કરી હતી. न मानुषात् श्रेष्ठतरं हि किंचित એ 'મહાભારત'કાર વેદવ્યાસની વાણીનો પ્રતિઘોષ બંગાળી કવિ બડુચંડીદાસે આ રીતે કર્યો હતો : 'સાબાર

ઉપરે માનુષ સત્ય તાહાર ઉપરે નાઇ.' ભારતીય પ્રજાએ આ સંસારનું સૌથી મોટું અને છેલ્લું સત્ય માણસને માન્યું છે. પશ્ચિમની યુરોપીય પ્રજાની મૂળભૂત માન્યતા છે કે 'માણસ પાપનું સંતાન છે.' જ્યારે માણસ મૂળભૂત રીતે પાપી છે એવા વલણની સામે રહીને ભારતીય ચિંતકો, બૌદ્ધિકો અને સર્જકોએ, ખાસ કરીને શરદબાબુએ લખ્યું છે. તેઓએ એક સ્થળે લખ્યું છેઃ 'ત્રૂટી, ભૂલ, અપરાધ, અધર્મ એ જ માણસનું સર્વસ્વ નથી. તેની અંદર જે સાચો માણસ છે, જેને આપણે આત્મા કહીએ તો ચાલે, તે તેના બધા અપરાધો કરતાં મહાન છે. મારી સાહિત્યકૃતિઓમાં તેનું હું અપમાન નહીં કરું એ જ મારી ઇચ્છા છે'. સાધારણ કે પામર જણાતી વ્યક્તિઓમાં પણ ક્યાંક કોઇ ઉત્તમાંશ હોય છે. એવા ગૂઢ સદ્‌ગુણો માટે પણ તેઓને આદરણીય ગણ્યાં છે. સાવ પતિત વ્યક્તિમાં પણ ક્યાંક ઊંડે ઊંડે અખૂટ સૌજન્ય હોવાની વાત સ્વીકારી છે. સ્ખલનશીલ માનવીની ભીતર જે મનુષ્યત્વ, જે માણસાઇ રહ્યાં હોય છે, તેને પ્રમાણવાનો અને ચિત્રિત કરવાનો ભારતીય પ્રજાએ અને સાહિત્યકારે સદાસર્વદા પ્રયત્ન કર્યો છે. न मनुष्य पाप करता है, न पुण्य करता है, वह सिर्फ वही करता है, जो उसे करना पडता है । એવું જીવનસત્ય પ્રગટ કરવા ભગવતીચરણ વર્માએ 'चित्रलेखा' નવલકથા લખી છે. શરદચંદ્ર ચેટર્જી, વિભૂતિભૂષણ બેનર્જી, મુનશી પ્રેમચંદજી, વિ.સ. ખાંડેકર, કાન્હુચરણ મહાન્તી વગેરેની કથાસૃષ્ટિમાં આ સંવેદનાનું થયેલું નિરૂપણ ઉદાહરણરૂપે જોવા જેવું છે. મહર્ષિ અરવિંદે આપેલી 'અધિમનસ' અને 'ચેતનાના ઉત્ક્રમણ'ની અવધારણાઓ, કનૈયાલાલ મુનશીએ આપેલી 'સુપરમેન'ની અવધારણામાં તથા જે એકને માટે શક્ય તે સૌને માટે પણ શક્ય ગણીને મહાત્મા ગાંધીએ આપેલી 'સત્યના પ્રયોગો'ની અવધારણા માણસમાં રહેલી પામરતા અને અધમતાની સામે પરમ અને ઉદાત્ત માણસાઇનો મહિમા કરે છે. ભારતીય પ્રજાની માન્યતા છે કે માની કૂખેથી જન્મ લેવાથી માનવ નથી થવાતું. માનવ થવા માણસે વિદ્યાસાધના અને અધ્યાત્મસાધના જેવી સાધના પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. Biological being માંથી human being થવા પ્રયત્ન કરવો પડે. 'હું માનવી માનવ થાઉં તો ઘણું' અને 'વ્યક્તિ મટી બનું વિશ્વમાનવી, માથે ધરું ધૂળ વસુંધરાની', એવું ગાન ભારતીય કવિ એટલે જ તો કરે છે. human being માંથી Being humane એ ભારતીય જનતાની મૂળભૂત સંવેદના છે.

ભારતીય પ્રજા સાંસારિક સંબંધો અને વ્યવહારોનાં બંધનોમાંથી, એમાંથી જ જન્મતાં અહંતા-મમતા, રાગદ્વેષ, મોહશોકમાંથી, દુન્યવી ક્ષણજીવી ભોગવિલાસમાંથી, ચિત્તવૃત્તિઓની આસક્તિઓમાંથી વિરક્ત થઇ મોક્ષ પામવા ઇચ્છનારી પ્રજા છે. વૃત્તિ-પ્રવૃત્તિનો અશેષ લોપ વડે સંન્યાસભાવ ધારણ કરવા ઉત્સુક પ્રજા છે. કેમ કે ભારતીય પ્રજા મૂળભૂત રીતે ધર્મભાવનાવાળી, શુભ, શિવ અને મંગળનાં તત્ત્વોમાં આસ્થા રાખનારી પ્રજા છે. એને મન ધર્મ એટલે સંપ્રદાય, પંથ, મત કે ફિરક્કાઓ નહીં, પણ પોતાને ધારણ કરનાર આંતરિક સંબલ એટલે ધર્મ. ધર્મ એટલે ધર્માચરણ. સંસારનાં શુભ, શિવ અને મંગળને અનુકૂળ રીતે આંતરભાવને વ્યક્ત કરવો એનું નામ ધર્મભાવના. આવી ધર્મભાવના દાખવી જેમણે જીવનભર ધર્માચરણ કર્યું એ શ્રીરામ, યુદ્ધિષ્ઠિર, રાજા હરિશ્ચંદ્ર અને મહાત્મા ગાંધી વગેરેએ ભારતીય પ્રજાના ચિત્તમાં પોતાનું કાયમી સ્થાન પ્રાપ્ત કર્યું છે. એક ઉદ્ધત અને ઉચ્છૃંખલ રાજસત્તાએ એક સતીનાં શીલ અને સ્વમાનનું અપમાન કર્યું અને ધર્મની ગ્લાનિ થઇ ત્યારે ધર્મની પુનઃ સંસ્થાપના માટે લંકાયુદ્ધ અને કુરુક્ષેત્રનાં યુદ્ધો ખેલાયાં. રામ અને કૃષ્ણ જેવા અવતારી પુરુષોએ હાથમાં ધુરા અને શસ્ત્ર સંભાળ્યાં. 'ધર્મે જય અને પાપે ક્ષય' એ સરેરાશ ભારતવાસીની માન્યતા છે. આ ધર્મનું તત્ત્વ અકળ અને આચ્છાદિત છે, ગૂઢ અને ગુહ્ય છે. એટલે ગૂઢ અને ગુહ્ય વિદ્યા તરફ તથા જગત, જીવન, જીવ અને શિવની અકળ સ્થિતિગતિ અંગે એક જાતના રહસ્યાત્મક વલણ તરફ ભારતીય પ્રજામાનસનો ઝોક છે. અણુથી ભૂમા સુધી સચરાચર સૃષ્ટિમાં વ્યાપ્ત એક શ્રીમત્ ઊર્જિત અને વિભૂતિમત ચેતના તરફ એની દૃષ્ટિ છે. એની ભાળ સ્થૂળ ચર્મચક્ષુથી, આ દશ્યમાન ભૌતિક જગતમાં નહીં, પણ આંતરદષ્ટિપરક દિવ્યચક્ષુ વડે આત્મલોકમાં મળે એની એને પતીજ છે. એટલે કર્મ, જ્ઞાન, ભક્તિ અને યોગ-એ ચાર માર્ગો વડે ત્યાં પહોંચવાની તેણે કલ્પના કરેલી છે. દેશના ખૂણેખૂણેથી આવેલ સંતો અને ભક્તકવિઓએ પોતાની ઉજ્જવળ વાણીમાં આ સંવેદનાઓ હૃદયસ્પર્શીરૂપે પ્રગટ કરી છે.

ભારતીય પ્રજાએ સ્થૂળ ભવબંધનો અને જન્મમરણના ફેરામાંથી મુક્તિ પામવાની કામના હંમેશાં

સેવી છે. એ કારણે સૃષ્ટિમાં પ્રવર્તતતા કર્મના સાર્વભૌમ નિયમમાં અને નીતિના સામ્રાજ્યમાં વિશ્વાસ રાખ્યો છે. જીવનમાં ચાર પુરુષાર્થોની યોજના વિચારી છે. નિષ્કામ ભાવ અને નિરાસક્ત દૃષ્ટિની હિમાયત કરી છે. અનાસક્તિયોગનો મહિમા કર્યો છે. અષ્ટાંગ યોગમાર્ગની સહાય વડે દુઃખમાંથી મુક્તિનો માર્ગ ચીંધ્યો છે. વિવેક-જ્ઞાન વડે જીવનમુક્તિ અને શરીરભાવના નાશ બાદ અવિનાશી ત્રિવિધ દુઃખતાપના લોપ વડે વિવેકમુક્તિનો ખ્યાલ સ્વીકાર્યો છે. વાસનામોક્ષ અને સર્વાંગી મુક્તિના ખ્યાલો મુખ્ય ગણ્યા હોવાથી વેદસંહિતાઓમાં ભારતીય ઋષિએ પ્રાર્થ્યું છે. 'आ नो भद्राः क्रतयो यन्तु विश्वतः।' 'હું જ રહું વિલસી સહુ સંગ, હું જ રહું અવશેષે', એ સંવેદના ભારતીય પ્રજાની એક મુખ્ય સંવેદના છે. જીવનમાં દુઃખ છે. દુઃખનું કારણ અજ્ઞાન છે. જ્ઞાનપ્રાપ્તિ દ્વારા અજ્ઞાનને વિદારીને દુઃખમુક્ત થઈ શકાય છે, અને પરમ સુખની પ્રાપ્તિ કરી શકાય છે, એ વાતમાં ભારતીય પ્રજાને ઊંડો વિશ્વાસ છે. આ સંસાર તો સ્વપ્ન જેવો ગાંધર્વલોક છે. એટલે શરીર અને સંસારનો મોહ છોડી સ્વ-રૂપનું અનુસંધાન સાધવામાં આધિ, વ્યાધિ અને ઉપાધિ જેવા ત્રિવિધ તાપનો નાશ થાય છે. આવું સ્વરૂપાનુંસંધાન સાધી અનર્ગળ અવિનાશી સુખની પ્રાપ્તિની ઝંખના ભારતીય પ્રજાની મુખ્ય સંવેદનારૂપ રહી છે.

આ છે ભારતીય સંવેદનાઓ. આ સંવેદનાઓમાં કાળક્રમે ફેરફાર થયો છે. અંગ્રેજોના આગમન અને શાસન પછી તથા વિજ્ઞાન અને ટેક્નોલોજીના પ્રભાવ પછી આપણી પ્રજાની સંવેદનાઓમાં થોડું પરિવર્તન આવ્યું છે, પરંતુ એ આમૂલાગ્ર નથી.

(૩૫, પ્રોફેસર્સ સોસાયટી, મોટા-બજાર,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦ મોઃ ૯૭૨૭૩૩૩૦૦૦)

॥ વિદ્યાવૃત્ત ॥

**ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર પુલવામા - કાશ્મીરમાં તા.૧૪–૨–૨૦૧૯ના રોજ થયેલ આંતકી હુમલામાં ભારતીય સેનાના જવાનોને શ્રધ્ધાંજલિ આપવા ચારુતર વિદ્યામંડળ તથા ચારુતર વિદ્યામંડળ સંચાલિત સંસ્થાઓ દ્વારા તા.૧૮-૨-૨૦૧૭ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે યોજાયેલ ઐતિહાસિક મૌન રેલી.**

પુલવામા - કાશ્મીરમાં તા.૧૪-૨-૨૦૧૮ના રોજ થયેલ આંતકી હુમલામાં શહીદી પામેલા ભારતીય સેનાના જવાનોને શ્રધ્ધાંજલિ આપવા ચારુતર વિદ્યામંડળ તથા ચારુતર વિદ્યામંડળ સંચાલિત સંસ્થાઓ ધ્વારા વલ્લભ વિદ્યાનગર ખાતે ચારુતર વિદ્યામંડળ કાર્યાલયથી આ અમાનવીય આંતકી હુમલાના વિરોધમાં તા.૧૮-૨-૨૦૧૯ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે એક મૌન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. વલ્લભ વિદ્યાનગરના ઈતિહાસમાં આ ઐતિહાસિક રેલી ચારુતર વિદ્યામંડળ કાર્યાલયથી–મોટા બજાર–ભાઈકાકા સ્ટેચ્યું-નાના બજાર થઈને શહીદ ચોક સુધી યોજાઈ હતી. આ મૌન રેલીમાં ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી, માનદ મંત્રીશ્રી, માનદ સહમંત્રીશ્રીઓ, અન્ય પદાધિકારીઓ, કાઉન્સિલના સભ્યો, ચારુતર વિદ્યામંડળ સંચાલિત તમામ સંસ્થાઓના આચાર્યશ્રીઓ, વડાશ્રીઓ, અધ્યાપકો, કર્મચારીઓ, વિદ્યાર્થી ભાઈઓ-બહેનો અને વલ્લભ વિદ્યાનગરના નાગરિકો મળી અંદાજે ૨૦,૦૦૦થી વધુ સહભાગી બન્યા હતા અને શહીદ થયેલ તમામ જવાનોને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. આ કાર્યક્રમના અંતે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી ભીખુભાઈ બી.પટેલ અને માનદ મંત્રીશ્રી ડૉ.એસ.જી.પટેલ દ્વારા શહીદ થયેલ જવાનોના બાળકોને ચારુતર વિદ્યામંડળની કોઈ પણ સંસ્થામાં મફત શિક્ષણ આપવાની તમામ જરૂરી મદદ કરવાની જાહેરાત કરી હતી. શહીદોના પરિવારજનોને નાણાંકીય સહાય માટે ચારુતર વિદ્યામંડળ સંચાલિત સંસ્થાઓ દ્વારા સૈનિક સહાય ફાળો એકત્ર કરવા માટે વેબસાઈટની સુવિધા કરવામાં આવશે. શાળામાં એકત્ર થયેલ રકમ જેટલી રકમ ચારુતર વિદ્યામંડળ દ્વારા ઉમેરીને શહીદો માટે સરકારશ્રી દ્વારા ઉભા કરેલ ફંડમાં સહાય મોકલી આપવામાં આવશે.

॥ વ્યક્તિત્વ ॥

# ઈન્દુલાલ યાજ્ઞિકનું જીવનઘડતર

**ડંકેશ ઓઝા**

ઈન્દુલાલ યાજ્ઞિક (૧૮૯૨-૧૯૭૦) આપણા જાહેરજીવનના અગ્રણી નેતા. જેઓ જીવનના છેલ્લા વર્ષોમાં મહાગુજરાત આંદોલન થકી વધુ જાણીતા બન્યા. આઝાદી પછી તેઓ ચારેક વાર અમદાવાદ ખાતેથી લોકસભાના સભ્ય તરીકે ચૂંટાયેલા. પોતાના સાથી મિત્રોની વારંવારની માંગણી પછી તેમણે આત્મકથા લખી, આત્મકથા છ ગ્રંથોમાં છે. પહેલો ગ્રંથ 'જીવનવિકાસ' નામે છે જેમાં જન્મથી દેશસેવાના જીવનવ્રત લેવા સુધીના ૨૫ વર્ષની કથા છે. બીજો ભાગ 'ગુજરાતમાં નવજીવન'એ નામે છે, તે માત્ર ચાર વર્ષનો સમયગાળો આવરી લે છે. જેમાં પલટાતું માનસ, ખેડાની લડત અને દુષ્કાળ રાહતની કામગીરી ઉપરાંત લગ્નજીવનની વેદનાનું કરુણ પ્રકરણ છે. આ બન્ને ભાગ ૧૯૫૫ માં પ્રગટ થયા. એટલે કે ઘટનાઓના ૫૦ વર્ષ પછી તેમણે સ્મૃતિના આધારે જે વિગતે બયાન કર્યું છે તે અદ્ભુત છે.

ત્રીજો ભાગ 'કારાવાસ' નામે છે. તેમાં ગાંધી અને સરદાર સાથેના મતભેદો એ વિગત મહત્ત્વની છે. ગાંધીજીને લેખકે ખુલ્લો પત્ર લખ્યો છે. આ ભાગનો સમયગાળો પણ માત્ર ૩-૪ વર્ષનો જ છે. ચોથો ભાગ 'જીવનસંગ્રામ' નામે છે. તેમાં ઈન્દુલાલના વિદેશપ્રવાસો ને તે પૂર્વે સિનેમાની દુનિયામાં તેમણે ઝંપલાવેલું તેની વિગતો છે. પાંચમો ભાગ 'કિસાનકથા'નામે છે. જેમાં બે દાયકા ઉપરાંતનો સમયગાળો છે. તેના પરિશિષ્ટમાં 'દયા કે ન્યાય'નામનું એમનું ષષ્ઠીપૂર્તિના અવસરનું વકતવ્ય છે જે કવિ ઉમાશંકર જોશીએ પોતાના સામયિક 'સંસ્કૃતિ'માં પણ પ્રગટ કરેલું. છેલ્લો અને છઠ્ઠો ભાગ 'છેલ્લાં વહેણ' નામે છે જે લખાતો હતો તે દરમ્યાન ઈન્દુલાલનું અવસાન થયું અને તેમના મૃત્યુ પછી તે બહાર પડયો. આ છેલ્લા ભાગમાં મહાગુજરાત આંદોલનની કથા અને શહીદ સ્મારક સત્યાગ્રહની વિગતો છે. ૧૯૫૮ થી ૧૯૭૨ સુધીની કથા ઈન્દુચાચાની ડાયરીઓ તેમજ તેમના નિવેદનો, પ્રવચનો વગેરેના આધારે સંપાદક ધનવંત ઓઝાએ રજૂ કરેલ છે.

આત્મકથા છ દળદાર ગ્રંથોમાં પ્રસરેલી હોઈ આપણે અહીં તેના શરૂઆતના બે ભાગ અંગેનો જ થોડો પરિચય મેળવીએ, જેમાં તેમના જીવનની મહત્ત્વની વિગતો અને વિકાસરેખા આવી જાય છે. વ્યકિતનો ઉછેર અને તેની કિશોરાવસ્થા અને યુવાવસ્થાના પાયા પર જ આખું જીવન ઊભું હોય છે. વ્યકિતનું ઘડતર કોના દ્વારા અને કેવી રીતે થયું તે જીવનની અતિ મહત્ત્વની બાબત છે. વળી આ તો આત્મકથા છે. તેમાં લેખકે પહેલા ભાગમાં ચાર ખંડોમાં કુટુંબજીવન, તે સમયનું સંસ્કારજીવન, પોતાનું કોલેજજીવન અને દેશસેવાના જીવનવ્રત વિશે વિગતે લખ્યું છે. તો વળી બીજા ભાગમાં પોતાના લગ્નજીવનની વેદના અને પત્ની કુમુદના પત્રો પરિશિષ્ટમાં મૂકયા છે.

વતનનો ઈતિહાસ લખતી વખતે તેમણે શાંતિલાલ ઠાકર લિખિત નડિયાદના ઈતિહાસનો ઘણો લાભ લીધો છે. નડિયાદની વ્યુત્પત્તિ અંગે પણ વિચાર કર્યો છે. ત્યાંના દેસાઈઓ અને નાગરો રાજકારણના નટ પુરવાર થયા તે પૂર્વે આ નગર નટોનું હોઈ શકે એવી ધારણા કરી છે. પરંતુ તેની કંઈ હકીકતો મળતી નથી, એમ પણ લખ્યું છે. 'સરસ્વતીચંદ્ર'કાર ગોવર્ધનરામ ત્રિપાઠી અને રાજપુરુષ ઝવેરીલાલ યાજ્ઞિક જેવા મહાનુભાવો અને વડોદરા તેમજ કચ્છના દિવાન રહેલા મણિભાઈ જશભાઈની વાતો પણ લખી છે. એવા બીજા પણ કેટલાંક દેશી રાજ્યોમાં રાજાઓના દીવાન તરીકે ખિમાયેલા. તે વખતની નાગરીનાત અને તેના જમણવારો, તેની રૂઢિચુસ્તતા ઉપરાંત ગુજરાતમાં સમાજસુધારો ચાલ્યો ત્યારે નડિયાદના સાક્ષરોએ સંરક્ષણનો માર્ગ ગ્રહણ કરીને નડિયાદમાં એક અભેદ્ય કિલ્લો રચ્યો અને તેનું રક્ષણ કરવાનો સુધારાવાદીઓ ઉપર છેવટ સુધી દારૂગોળો ચલાવ્યો તેની વિગતે વાત કરી છે. પ્રસ્તાવનામાં તેમણે લખ્યું છે કે આ જીવનકથાનો નાયક હું નથી પણ ગુજરાતની પ્રજા છે એ વાતના પર્યાપ્ત પુરાવા વાચકને સાંપડે છે.

બહોળા કુટુંબમાં પોતે જન્મ્યા, મોટેભાગે મણિબા પાસે, માસીબા પાસે ઊછર્યા. પિતા તબીબ થવા મુંબઈમાં અભ્યાસ કરતા હતા. ૩૧ વર્ષની નાની વયે પ્લેગનો ભોગ બન્યા. તે સમયનું કુટુંબજીવન અને ભોજનપ્રેમ કેવાં હતાં, પ્રાથમિક શિક્ષણ કેવું હતું, ધાર્મિક વાતાવરણ કેવું હતું તેની રસપ્રદ વિગતો તેમણે વર્ણવી છે. તેઓ શરૂઆતમાં ગુજરાતી પાંચેક ચોપડી ઘેર માસ્તર પાસેથી ભણેલા. પછી વ્હોરાવાડમાં નિશાળે જતા થયેલા. મોજમસ્તી ગઈ અને માસ્તરની શિસ્ત આવી તે સંદર્ભે ઈન્દુલાલે લખ્યું છે કે ''આઠ વરસે હરાયો વાછડો અજાણ્યા વાસમાં ખીલડે બંધાયો.'' એ જમાનો સોટી વાગે ચમચમનો હતો. તે સંદર્ભે બાળમાનસને વ્યકત કરતાં તેમનું વાકય છે : ''પણ નવી સજાઓના વરસાદથી મારા શરીરને સોળ પડયા તેના કરતા મારું સ્વમાન વધારે હણાયું....

હું નમ્ર શાંત એકમાર્ગી વિદ્યાર્થી મટીને મારા વર્ગનો વધારેમાં વધારે તોફાની છોકરો બની ગયો ! (પાન-૬૨)

પાડોશમાં વિમળા નામની કન્યા ૧૨ વર્ષે વિધવા બની. તેને વહેલી સવારે જગાડીને સાસરે લાવવામાં આવી તેમજ ચૂડી ફોડીને હજામ પાસે તેના વાળ ઉતારવામાં આવ્યા. આ હૃદયભેદક દૃશ્ય અને તેનું કારમું રુદન જિંદગીભર ઈન્દુલાલનું કાળજું વીંધતું રહ્યું. ઘરમાં અને ગામમાં જે ચર્ચાઓ થતી તેમાં જૂના અને નવા વિચાર વચ્ચેનો ભેદ ઈન્દુલાલને સમજાવા લાગ્યો. ઈન્દુલાલે લખ્યું છે : ''સન ૧૯૦૩ની આખરે હું બન્ને પરીક્ષામાં પાસ થયો ને પિતાજી દાકતરની છેલ્લી પરીક્ષામાં નપાસ થઈ ઘરે આવ્યા.'' ૧૯૦૪માં નડિયાદમાં પ્લેગ ફાટી નીકળ્યો, ઈન્દુલાલ મણીબા અને બે ભાઈઓ સાથે ઘાસનો માંડવો નાખીને દોલતરામના ખેતરમાં રહ્યા. જે પિતા મુંબઈથી સાવચેતી રાખવા ચાનક આપતા હતા, પોતે દાકતર હોવાથી પોતાના વિશે નિશ્ચિંત રહેવાનું કહેતા હતા તે મુંબઈ ખાતે પ્લેગમાં જ અવસાન પામ્યા !

છઠ્ઠા ધોરણમાં પહેલે નંબરે પાસ થઈ ઈન્દુલાલ મેટ્રિકમાં દાખલ થયા ત્યારે સાક્ષર કેશવલાલ ધ્રુવ પાસે પાડોશી ગોવર્ધનરામના સરસ્વતીચંદ્રનો પાઠ ભણતા. આ સમયે ઈન્દુલાલ ઘણા ધાર્મિક પણ ખરા. કુંભનાથના મંદરે જતા અને ધ્યાનસ્થ બની જતા, સંતરામ મંદિરે જતા, સાધુ જાનકીદાસની કથામાં જઈને બેસતા. પોતાના મકાનના ભાડૂત વ્યાસજીની કથા અને ધૂનમાં તલ્લીન થતા. કાશીવિશ્વનાથ મહાદેવમાં પૂજા કરવા જતા. એક વડીલે કંઈક કારણસર તમાચો મારેલો ત્યારે તેમને ઘર છોડી સંન્યાસ લેવાનો પણ વિચાર આવેલો. બીજી તરફ સ્ત્રીમય સંસારથી ઘેરાયેલા હતા. શરીરમાં કિશોરનું નવું લોહી વહેતું થયેલું, તેથી જે સ્વપ્નો આવતા તેથી વિક્ષેપભાવ પણ અનુભવતા. નાગરી નાતના જ્ઞાતિભોજનોની વાતો છે, મદમાતી નવયૌવનાઓ પર મુગ્ધનજર નાખ્યાની વાતો પણ છે. આ બધું 'કુમારની ધર્મસાધના' પ્રકરણમાં વિગતે વર્ણવાયું છે.

૧૯૦૫માં ત્રિપાઠી કુટુંબની કન્યા કુમુદ સાથે તેમનો વિવાહ નકકી થાય છે. તે કુમાર અને કન્યાની માતાઓના બેનપણાને કારણે જ છે. ઈન્દુલાલ લખે છે : ''વડીલોની આજ્ઞા માથે ચડાવીને હું મોટા ઘરનો જમાઈ થયો.''

નડિયાદથી અમદાવાદ ગુજરાત કોલેજમાં, ત્યાંથી પોપટકાકાની સલાહ મુજબ વિજ્ઞાનશાખામાં, સાકરલાલકાકાની સલાહ મુજબ વકીલાતનું ભણવા ઈન્દુલાલ મુંબઈ જાય છે. સ્વભાવે સંકોચશીલ છે. બુદ્ધિ અને શ્રદ્ધા વિશે વકતવ્ય આપે છે. અધ્યાપક તેમની નીચું જોઈને બોલવાની રીતની ટીકા કરે છે. બુદ્ધિ અને શ્રદ્ધા બન્ને વિશે પૂરતી દલીલો કર્યા પછી તેઓ બુદ્ધિયુકત શ્રદ્ધા પર ઠરે છે. મુંબઈ પહોંચીને તેમનો કેટલો માનસિક વિકાસ થયો તેનો આ એક માઈલસ્ટોન છે. (પાન-૧૦૩). વળી, વિલ્સન કોલેજમાં અને ગોખલેના પ્રમુખપદે મનુ સુબેદારે 'અસ્પૃશ્યની ઉન્નતિ' વિશે આપેલા જોસ્સાદાર ભાષણથી ઈન્દુલાલના દિમાગમાં નવો પ્રકાશ પડે છે.

ધીરે ધીરે તેઓ મિત્રોને કારણે ગુર્જરસભામાં જતા થાય છે. તેમની લેખન પ્રવૃત્તિ-લેખનશકિતની શરૂઆત થાય છે. 'સમાલોચક' માં ભાષાન્તર પ્રગટ થાય છે, 'નાગરવિલાસ' હસ્તલિખિત માસિકના ઈન્દુલાલ તંત્રી વરાય છે. સ્ત્રીઓ સાથે ભળવાનું થાય છે. તેનાથી તેમના હૃદયનાં દ્વાર ખૂલે છે, ગાંધીજીને હજુ મળ્યા નથી, પરંતુ ગોખલેની ગાંધીની પ્રશંસાથી ઈન્દુલાલના દિલમાં ગાંધીભકિતનો પૂંજ રચાય છે. વાચન પુષ્કળ વધે છે. પરિણામે ઈન્દુલાલના શ્રદ્ધાળુ માનસમાં નવા વિચારનાં બીજ રોપાય છે. સમજાય છે કે દુનિયાને સુધારવા ઈચ્છનારે પોતે જાતે સુધરવાનું હોય છે. પરિણામે તેમની ગાયત્રી-સંધ્યા બંધ થાય છે, ઈરાની ચા પીતા થાય છે, કુમુદને નહિ પરણવાના વિચારો પણ શરૂ થાય છે. રૂઢિના બંધનો તૂટતાં જાય છે, ઈન્દુલાલ લખે છે તેમ તેઓ હઠાગ્રહી આસ્તિકમાંથી નાસ્તિક બને છે.

નોકરી અને કમાવાની દોડધામ શરૂ થાય છે. પરિણામે 'મુંબઈ સમાચાર'માં જોડાય છે. છાપા તરફથી આર્યધર્મ પરિષદનો અહેવાલ લખવા અમદાવાદ જાય છે, સાહિત્ય પરિષદનો અહેવાલ લખવા વડોદરા જાય છે. ડૉ સુમંત મહેતા, કનૈયાલાલ મુનશી અને શંકરલાલ જેવાનો સહવાસ પ્રાપ્ત થાય છે. ૧૯૧૩ આવતાં તેઓ વકીલાતમાં જોડાય છે પણ અસીલો પ્રાપ્ત થતા નથી. આગવી ભાષામાં તેઓ લખે છે મારું ટટ્ટુ ચાલ્યું નહિ. મુંબઈને કારણે સેતલવાડ અને ઝીણા, ભૂલાભાઈ અને કાંગા જેવા મહાનુભાવોને સાંભળવાનો લાભ મળે છે. બુદ્ધિશકિત અને દેશભકિત બન્ને ખીલતાં જાય છે. ગુર્જરસભા તરફથી ભારત પાછા ફરેલા દક્ષિણ આફ્રિકાની લડતના સફળ નેતા ગાંધીનો સન્માન સમારંભ યોજાય છે. ઝીણા અને મુનશી અંગ્રેજીમાં સ્વાગત પ્રવચન કરે છે. ગાંધી માતૃભાષા ગુજરાતીમાં જવાબ આપે છે. અમૃતલાલ ઠકકર અને રણજીતરામ મહેતા જેવા મિત્રો થાય છે. હિન્દુ સેવક સમાજમાં જોડાઈને દેશસેવામાં એકાગ્ર થવા મન કૂદકા મારે છે. 'નવજીવન'નામનું માસિક તેઓ શરૂ કરે છે અને મોતીલાલ

દલાલનું 'સત્ય' માસિક ખરીદી લઇને 'નવજીવન અને સત્ય' નામે માસિકનું મંગળાચરણ કરે છે.

હવે ઇન્દુલાલનું મન દેશસેવા તરફ ધપી રહ્યું હતું. તે અંગેનો છેવટનો નિર્ણય કરવા તેઓ ઉત્સુક હતા. વકીલાત તો તેમણે છોડી હતી. ધનપ્રાપ્તિ અને કુટુંબજીવનના સ્વપ્નને તિલાજંલિ આપવા તેઓ તૈયાર હતા. સાંતાક્રુઝના દરિયાકિનારે એકલા ફરતાં ફરતાં તેમણે કાયમી નિર્ણય કરી લીધો. પૂણે પહોંચીને શાસ્ત્રીજીનું શાસન સ્વીકારીને હિન્દુ સેવક સમાજમાં તેઓ દાખલ થઇ ગયા. ત્યાં ચીતળિયા એન ઠક્કરબાપાની વચ્ચેની ઓરડીમાં ગોઠવાયા. ત્યાં વળી કામ કરતાં કરતાં એની બેસન્ટના ચુસ્ત અનુયાયી જમનાદાસ દ્વારકાદાસનો સંપર્ક થયો, તેમના દ્વારા હોમરુલ લીગ અને તેના નવા અંગ્રેજી દૈનિક 'ન્યૂ ઇન્ડિયા'ના તેઓ રસિયા બન્યા. પૂનામાં ડેકકન કોલેજના પ્રો.બળવંતરાય ઠાકોર અને ખેતીવાડીના અધ્યાપક જે.પી.ત્રિવેદીને તેઓ મળતા. 'નવજીવન' માટે નવા લેખો લખાવતા. હવે તેઓ નાગપુર આવી પહોંચ્યા ત્યાં 'હિતવાદ' નામનું અંગ્રેજી સાપ્તાહિક જે ગોખલેના પટ્ટશિષ્ય ચલાવતા હતા તેમાં લખવા લાગ્યા. એક તરફ 'નવજીવન', બીજી તરફ 'યંગ ઇન્ડિયા' અને ત્રીજી તરફ 'હિતવાદ'. આમ ઇન્દુલાલ લેખનકાર્યમાં ડૂબી ગયા. હવે તેમને ગુજરાત જવાની ચટપટી થઇ. વડોદરા પહોંચીને તેઓ દાકતર સુમંત અને શારદાબેનને મળ્યા. અહીં પ્રાંતિક રાજકીય પરિષદનું કામ ચાલતું હતું. કોચરબ પહોંચીને ગાંધીજીને મળ્યા, કેળવણી પરિષદની વાત કરી. ગાંધીએ તેમાં રસ લીધો, માતૃભાષા દ્વારા બધું શિક્ષણ આપવાનો આગ્રહ તેમણે પ્રગટ કર્યો.

૧૯૦૫ માં રણજિતરામે ગુજરાતી સાહિત્ય પરિષદની પ્રવૃત્તિ આદરી, ગુજરાતની અસ્મિતા જગવવાનો પ્રયત્ન કર્યો. સુમંત મહેતા દંપતી સાથે એમને ફાવી ગયું. ચરોતર કેળવણી મંડળના મુખ્ય પ્રણેતા મોતીભાઇ અમીનની સાથે મળીને ગ્રંથાલયોની પ્રવૃત્તિમાં પણ સક્રિયતા દાખવી. આ જમાનો જાતજાતની પરિષદોનો હતો, રાજકીય પરિષદ, કેળવણી પરિષદ, સંસાર સુધારા પરિષદ વગેરેના અધિવેશનો દ્વારા લોકોને સંગઠિત કરીને આઝાદીના નવા વિચારો પ્રસરાવવાનું કામ થતું હતું. ઇન્દુલાલને આગામી કોંગ્રેસની બેઠક માટે લખનૌ મોકલવાનું નકકી થયું. આયોજન વિના જ ચારેબાજુ દોડતા રહેતા હતા એટલે ત્યાંની ઠંડીનો ભોગ બન્યા. આ દરમ્યાન તેમને ઘણું રાજકીય શિક્ષણ મળ્યું. હવે અમદાવાદની પરિષદ પછી તેમની નજર પંચમહાલ તરફ ગઇ. ત્યાં ગોખલેની સ્મારકસભા ભરવામાં તેઓ લાગી ગયા. આ દરમ્યાન મેસોપોટેમિયા (ઇરાક)માં લડતા હિન્દી સિપાઇઓની બૂરી હાલત વિશે બહુ ચિંતાજનક સમાચાર દેશના છાપામાં પ્રગટ થતા હતા તેથી સરકારે હિન્દના વર્તમાનપત્રોના તંત્રીઓનું એક પ્રતિનિધિ મંડળ બસરા તરફ મોકલવા ઠરાવ્યું. તેમાં ઇન્દુલાલનો સમાવેશ થયો. આમ તેઓ ઇરાક પહોંચી ગયા. ત્યાંની હવામાનની પરિસ્થિતિથી બીમાર પડયા. મંદવાડમાં તેમણે અનુભવ્યું કે કામલાલસા અંતરમાં કયાંક દબાઇ ગઇ હતી તે ઓચિંતી ઊભરી આવીને કવચિત દમ્યા કરતી, (પાન-૧૯૧) બીજી તરફ જનસેવાના અધૂરાં અરમાનો દિલમાં ઉભરાતાં, ઇન્દુલાલની ગેરહાજરીમાં નવજીવનના અંકો પ્રગટ કરવાનું કામ રણજીતરામે સંભાળેલું. તે દફતર ઇન્દુલાલને પરત સોંપ્યું. તેના થોડા જ દિવસમાં ખબર પડી કે જૂહુના દરિયામાં નહાતે નહાતે રણજીતરામ ડૂબી  ગયા! હવે ઇન્દુલાલ ગાંધીજી તરફ ઢળ્યા. ગળગળા થઇને ઠકકરબાપાની રજા લીધી, ગુરુ ગાંધીજીના રાહે ગુજરાતમાતાના ચરણે જીવન સમર્પણ કરવાનો અચળ નિર્ણય કર્યો.

જોઇ શકાય છે કે ઇન્દુલાલ ટૂંકા સમયમાં ઘણું ઘણું કરવા ઝંખતા હતા. પરિણામે અહીંથી તહીં અને તહીંથી અહીં કૂટાતા રહેતા હતા. કામ કરવાનો ઉત્સાહ અને ધગશ શમતા ન હતા. તેથી તેઓ એક પ્રવૃત્તિમાંથી બીજી પ્રવૃત્તિમાં ફંગોળાતા રહ્યા. આત્મકથાના પ્રથમ ભાગના અંતે જે છાપ પડે છે તે આવી પડે છે.

આત્મકથાનો બીજો ભાગ માત્ર ચાર વર્ષની જીવનયાત્રા રજૂ કરે છે. ૨૩ વર્ષની વયે દેશસેવાનું જીવનવ્રત લીધા પછી બે વર્ષમાં ગાંધીજીની અદમ્ય પ્રેરણાથી ઇન્દુલાલ મુંબઇ છોડીને ગુજરાતમાં આવી વસે છે. આ સમય દરમ્યાન આગળ કહ્યું તેમ વિવિધ પરિષદો, હરિજનશાળાઓ, વ્યાયામશાળાઓ અને વાચનાલયો ઊભા કરવાનું કામ કરે છે. તેમણે કબૂલ કર્યું છે કે ખેડા જિલ્લાના ગામડા અને ગ્રામપ્રજાને તેમણે ગાંધીજીને કારણે જોયાં. તેમના ઊર્મીલ દિલે અને ગરમ સ્વભાવે તેમને એકી વખતે અનેક દિશામાં દોડાવ્યા. શકિત અને સાધનોની મર્યાદા વિશે વિચાર્યા વિના એક સ્વપ્નદ્દષ્ટાની રીતે તેઓ દોડયે ગયા.

આત્મકથાના આ બીજા ભાગમાં ગુજરાતના નવજીવનની કહાણી છે. ખેડાની લડતનો ઇતિહાસ છે દુકાળ રાહતની કામગીરી છે. એક વરસમાં સ્વરાજ માટે કાંતણયજ્ઞ અને રૂ.એક કરોડ ભેગા કરવાની ગાંધીની ઉમેદ છે. આ બધાની સાથે બે પ્રકરણો અત્યંત મહત્ત્વના છે : ૧ લેખકનું પલટાતું માનસ ૨. લગ્નજીવનની વેદના. ગુજરાતના ગામડા હજુ જાગ્રત ન હતા. લોકો ઊંઘતા હતા. ત્યારે

શહેરના સુખસગવડ છોડીને ઈન્દુલાલ ગામડાની વાટે દોડયા. પ્રજાને ગાંધી અને તેમના માણસો પર પાકી શ્રદ્ધા બેસવા લાગી. ગ્રામજનો જુગજૂના કારમા ત્રાસને પહેલી જ વાર પડકારનાર વીર તરીકે આ કાર્યકરોને આવકારતા. આ કાર્યકરો એમના દુ:ખની કે દિલની ઝાઝી વાત પૂછયા-જાણ્યા વિના પોતાના જ ભાષણોના નશામાં જ મસ્ત રહેતા. લેખક જુદા જુદા પ્રસંગે ગાંધીજીની આત્મશકિત અને વ્યવહારબુદ્ધિ પર વારી જતા. ઈન્દુલાલે લખ્યું છે કે તેમનું માનસ પલટાઇ રહ્યું હતું. એક તરફ તેઓ મિલ અને સ્પેન્સરના વાચનને કારણે ભૌતિકવાદી અને બુદ્ધિવાદી બનેલા. તો વળી ઇતિહાસ અને અર્થશાસ્ત્રના અભ્યાસથી કંઇક સમાજવાદી અને કંઇક સહકારવાદી બનેલા. જો કે ગાંધીજીના સંપર્કને કારણે તેઓ ઉદ્દામ રાજકીય પ્રચારક અને લડાયક સૈનિક બન્યા. રામકૃષ્ણ પરમહંસ અને વિવેકાનંદની છબી ખંડમાં રાખતા, તે સામે ધ્યાન ધરતા. કયાંકથી મળેલી તેમની આખી ગ્રંથાવલી વાંચી ગયેલા. પોતે આઝાદ સ્વભાવના હોવાથી કોઇની શેહ-શરમમાં જલ્દી તણાતા નહિ. વિરોધી કે વિભિન્ન મત રજૂ થતાં પોતાનો મત હિંમતભેર રજૂ કરવાની ફરજ સમજતા.

સુખદેવ ત્રિવેદીના સહવાસને કારણે ભીલસેવા તરફ ખેંચાયા. દુકાળ સમયે તેમાં એવા તો લાગી ગયા કે વલ્લભભાઇ દુકાળ માટે પૈસા ન ફાળવે તો ગાંધી પાસે પહોંચી ગયા. ગાંધીના આદેશને વલ્લભભાઇએ સ્વીકારવો રહ્યો. પણ પરિણામ કેવું આવ્યું ? "ગાંધીજી મારફત દુકાળકામ ઉપાડવામાં મેં જીત મેળવી ખરી પણ વલ્લભભાઇની દોસ્તી મેં ગુમાવી. જો અમારા દિલની જોડી તૂટી તો તેમની આગેવાની નીચે હું પ્રાંતિક સમિતિનો મંત્રી પણ કેટલો વખત રહી શકું એ શંકા મારા મનને કોરવા લાગી." આવી મન:સ્થિતિના અંતે ઇન્દુલાલે એક શ્લોક ટાંકયો છે. જેનો અર્થ એ છે કે "એક વખત તમે તે અમે અને અમે તે તમે એ આપણી બન્નેની વૃત્તિ હતી. પણ હવે તમે તે તમે અને અમે તે અમે એમ શાથી બન્યું હશે?" (પાન-૨૩૭)

લગ્નજીવનની વેદના પ્રકરણમાં ઇન્દુલાલની ડોલાયમાન મન:સ્થિતિ અને રાંડયા પછીના ડહાપણ પસ્તાવો વર્તાય છે. મણિબાના કહેવાથી વિવાહ સ્વીકાર્યો પછી આનાકાની ચલાવી, લગ્ન કર્યાં, કુમુદના ગૃહસ્થજીવન શરૂ કરવાના બધા જ સંનિષ્ઠ પ્રયાસો તરફ ઉપેક્ષા અને અસહકાર દાખવ્યાં. ગાંધીજી સુધી વાત પહોંચી, તેઓ પણ કોઇ ઉકેલ લાવી ન શક્યા. કારણ એટલું જ કે ઇન્દુલાલ સંસાર શરૂ કરવા તત્પર જ ન હતા. આ બધી જ ઘટનાઓ વિગતે વર્ણવ્યા પછી ઇન્દુલાલ લખે છે.

"લગ્ન પહેલાં દંપતીજીવન વિશે ગમે તેવાં સ્વપ્નમાં રાચવાનો મને હક હતો. પણ જો તે સ્વપ્ન સૃષ્ટિમાંથી સરીને મેં એક નમણી બાળાનું પાણિગ્રહણ કર્યું, પછી તેની સાથે ગમે તેવો સંસાર શરૂ કર્યો તો તેના તરફ નરી માનવતાની દષ્ટિથી મારો નવો ધર્મ નિશ્ચિત થઇ ચૂકયો. કુમુદને એક આદર્શ પ્રેરણામૂર્તિ અને સહચારિણી તરીકે હું ન ચાહી શકયો તો વાત્સલ્યમૂર્તિ જીવનસાથી તરીકે તેને મારા અંતરમાં સ્થાન આપવું જોઇતું હતું. અસંતુષ્ટ પ્રેમભાવને તિલાંજલિ આપીને વાત્સલ્યભાવને પરમધર્મરૂપે સ્વીકારવા મારા મનને વાળવુ જોઇતું હતું. જો હું આ વાત્સલ્યધર્મને મારા મનોરાજયમાં ભેળવી શકયો હોત તો કુમુદ સાથે કંઇક સુખીજીવન ગાળી શકત, તેને કંઇક સુખી કરી શકત. આ પ્રાપ્તધર્મ હું ચૂકયો. મારો ભાવનાપૂંજ મારા માનવધર્મને અનુસરીને નવા રૂપરંગ ધારણ કરવાને બદલે માનવતા વિહીન જડરૂપને પામ્યો અને તેને અધીન થતાં હું માનવતાનો અને કુમુદનો દ્રોહી બન્યો." (પાન-૨૫૦). આ મનોવિશ્લેષણમાં પોતાનો એકરાર છે. વાચક તેને સદ્‌ભાવથી સ્વીકારે એવી લેખકે આશા રાખી છે. કુમુદના બે પત્રો લેખકે મૂકયા છે. છેલ્લે છેલ્લે કુમુદ સાક્ષરશ્રી ગોવર્ધનરાયના પત્નીના સ્મરણાર્થે સ્થપાયેલા લલિતા-વનિતાશ્રમમાં શિક્ષિકા તરીકે સેવા આપતી હતી, શિક્ષણકાર્યમાં સારી પ્રગતિને કારણે સ્થાનિક બોર્ડની શાળાકમિટિની સભાસદ નીમાઇ હતી. એ દરમ્યાન તેને ક્ષયરોગ લાગુ પડયો. ૧૯૨૯માં તે જીવલેણ નીવડયો.

ઇન્દુલાલની આત્મકથાના એ બે ભાગને અંતે એમનું જે વ્યકિતત્વ વાચકોના ચિત્તમાં ઊભરે છે તે એક વિકાસશીલ યુવાનનું છે. ભાવનાત્મક ખેંચાણને કારણે કુટુંબ કરતાં સમાજને અને દેશને વધુ મહત્ત્વ આપનારું છે. અદમ્ય ઉત્સાહ છે કંઇક ઝડપથી કરી નાખવાની તમન્ના છે, વાચન છે, વિશ્લેષણ છે, ચિંતન પણ છે, નિર્ણયો તત્કાળ લેવાની વૃત્તિ છે. તેમાં ખૂંપી જવાની તૈયારી છે. ગમે તેટલું સારું કામ હોય પરંતુ તેમાં લાંબો સમય જોડાઇ રહેવાનો સ્વભાવ નથી. મજાની વાત એ છે કે લેખક પોતે પણ વહેલા-મોડા પોતાના ગુણદોષ વિશે સભાન પણ છે. મોટાભાગના યુવાનોની દશા આવી જ હોય છે. ત્યારે અન્યની ભૂલોમાંથી શીખ લઇને સુધરવાની તક પણ વાચકને પ્રેરણા આપે છે. તો અન્ય વચકોને પોતાના જીવનમાં ડોકિયું કરવાની તક પણ પૂરી પાડે છે.

(૬, સ્વાગત સિટિ, મુ.પો.અડાલજ-૩૮૨૪૨૧
જિ.ગાંધીનગર, (મો) ૯૭૨૫૦૨૮૨૭૪)

॥ અભ્યાસ ॥

## જીવનનો તારક કે મારક : શબ્દ

ઈશ્વરભાઈ વાઘેલા

'શબ્દ'નો ઉદ્‌ભવ માનવઉદ્‌ભવ પછી જ થયો હશે, કારણ કે, વર્તમાનકાળે માણસ સિવાયનો કોઈ સજીવ શબ્દ વાપરતો હોય તેમ જોવા-જાણવામાં આવ્યું નથી. માણસ જેમ જેમ સમૂહમાં રહેતો થયો હશે અને તેને પ્રત્યાયનની જરૂર ઊભી થતા શબ્દ ઉદ્ભવ્યો હશે. કારણ કે, કારણ વિના કોઈ બોલતું નથી. જે કારણ વિના બોલે છે તે બકવાસ કરે છે. સમય વેડફે છે કઠોપનિષદમાં કહેવાયું છે કે, 'કોઈ નિમિત્ત દ્વારા જ શબ્દની પ્રવૃત્તિ ચાલે છે.'

આજે તો માણસ માત્ર શબ્દના છાત્ર બની ગયા છે. કોઈ માણસ એવો નથી, જે શબ્દ વાપરતો ન હોય. બોલવામાં, લખવામાં, કમ્પ્યુટર પર કાર્ય કરવામાં કે ઈન્ટરનેટ પર જાય ત્યાંય શબ્દો જ છે. હેઝલીટ કહે છે કે, 'બધી જ વસ્તુઓમાં માત્ર શબ્દ જ અમર હોય છે.' વાણી એ માણસને મળેલું વરદાન છે. વાણી છે તો શબ્દો છે જ. ગોરખનાથ કહે છે કે,

"શબ્દ જ તાળું, શબ્દ જ કૂંચી,
શબ્દથી જ શબ્દનો પ્રકાશ છે."

આમ શબ્દ જ સંસ્કૃતિનો વાહક છે.

શબ્દ એટલે અર્થવાળો વર્ણસમૂહ. સાર્થ જોડણીકોશમાં શબ્દનો અર્થ-'અવાજ, બોલ,વચન કે એક કે વધારે અક્ષરોનો અર્થયુકત સમુચ્ચય'એમ આપેલ છે. શબ્દ અને અર્થનું જોડાણ મહત્ત્વનું છે. જે વર્ણસમૂહ (શબ્દ) અર્થ વિનાના હોય તેનું મહત્ત્વ કે તાકાત નથી. પણ જે શબ્દ અર્થ આપે છે તે જ તાકાતવાન છે. તેથી જ શબ્દને સમજવા અને પચાવવા માણસ માટે અનિવાર્ય છે. પતંજલિ કહે છે કે, 'શબ્દ જો યોગ્ય રીતે સમજાય તથા યોગ્ય રીતે પ્રયોજાય તો તે આલોક અને સ્વર્ગલોકમાં પણ મનોરથો પૂરાં કરે છે.' અમૃત ઘાયલ કહે છે કે, 'શબ્દોની તાકાત તો પાળિયાને ય બેઠા કરી દે છે.' કદાચ આ વાત અશકય કે વધારે પડતી લાગે. પણ કેટલાંય માણસો જીવતાં હોવા છતાં મરેલાં હોય છે. જેને જીવતા મડદાં કહેવાય. આવા જીવતાં મડદાંને સજીવન કરે, સચેતન કરે તે શબ્દ. આપણે જાણીએ છીએ કે, વાલિયો લૂંટારો એક ખરાબ માણસ-મરેલો માણસ હતો. તેને નારદમુનિ મળે છે તેને કહે, 'જા તારા ઘરે જઈને પૂછ કે તું જેઓ માટે પાપ કરે છે તેઓ તેના ભાગીદાર છે ખરા ?' વાલિયો ઘરે જઈને પૂછે છે અને જવાબ મળે છે કે, 'તમારી જવાબદારી છે અમારું પોષણ કરવાની. તમે જે કરો તે તમે ભોગવો. અમે તેમાં ભાગીદાર નથી'. આ શબ્દો વાલિયાને વાલ્મીકિ બનાવી દે છે. આ છે શબ્દોની તાકાત. તેથી જ કહેવાયું છે કે, 'જો શબ્દ નામની જ્યોતિ ના હોત તો આ સંસારમાં ગાઢ અંધકાર છવાયેલો હોત' કબીર કહે છે કે,

"શબદ શબદ હર કોઈ કરે, શબદ કે હાથ ન પાંવ
એક શબદ ઔષધ કરે, એક શબ્દ કરે ઘાંવ."

આ બાબત હરેક માણસે જાણી લેવી જોઈએ. કારણ આપણા કેટલાંક શબ્દો કોઈ માટે ઔષધરૂપ બને તેમ છે. અને કેટલાંક શબ્દો કોઈને માટે ઘા રૂપ બને તેમ હોય છે. દા.ત. કોઈ પિતા પોતાના દીકરાને વારંવાર કહે કે, 'એ ગધેડાને કોઈ વાત સમજાશે જ નહિ.' આ શબ્દો દીકરાને ગધેડો જ બનાવી દેશે. પણ જો એમ કહેવાયું હોય કે, 'બેટા, ધીરજ રાખ, ફરીથી વાંચી જા, ફરીથી હું સમજાવું તેમાં ધ્યાન રાખ, જરૂર તને સમજાશે.' આ શબ્દો દીકરાને વધારે સારો બનાવશે. તેથી જ શબ્દો વાપરતાં પહેલાં વિચારવું જરૂરી છે. કારણકે 'શબ્દ સરવાળો ય છે અને બાદબાકી પણ' એક કવિ કહે છે કે,

"શબ્દ થી કોઈ રીઝે, કોઈ ખીજે,
એ તીર પણ છે અને તુકકો પણ."

ગાંધીજી પણ કહે છે કે, 'શબ્દોમાં ચમત્કાર રહેલો છે. શબ્દ ભાવનાને દેહ આપે છે અને ભાવના શબ્દના આધારે સાકાર બને છે.'

શબ્દ સંદર્ભે સારી બાબતો જાણવા જેવી છે.

**શબ્દો એક પ્રકારની ઊર્જા છે**- દરેક શબ્દને પોતાના ખાસ તરંગો હોય છે. જેવા શબ્દો તેવા વાઈબ્રેશન. જેવા શબ્દો તેવી અસર. આમ શબ્દો ઊર્જાવાન છે. ઊર્જા છે તેથી તો શબ્દો અમર છે.

**શબ્દોમાં ગતિ છે**- જેમાં ઊર્જા હોય તેમાં ગતિ હોય. શબ્દોમાં ઊર્જા છે-શકિત છે-બળ છે-તરંગ છે તેથી ગતિ છે. પ્રબળ સંકલ્પથી બોલાયેલા શબ્દના તરંગો પ્રકાશ કરતાં પણ ઝડપથી ગતિ કરે છે.

**શબ્દો ધ્યેય પ્રાપ્તિનું સાધન છે**-દરેક શબ્દ પોતાનો એક આગવો અર્થ ધરાવે છે. એ અર્થ એ જ એનું ધ્યેય છે. જેવા શબ્દો વપરાય- સમજાય તેવું ધ્યેય સાધી શકાય છે.

**શબ્દોમાં વિચાર છે**- દરેક શબ્દ એક ખાસ વિચાર ઉત્પન્ન કરે છે. માણસ જે શબ્દ બોલે તેનો વિચાર તરત જ ચાલુ થઈ જાય છે. દાત.'તીર' શબ્દ 'નિશાન સાધી શકાય છે.' તે વિચાર આપે છે. તેથી જ મકરંદ દવે ગાય છે. 'તન તીર છે.' વિચારો જ ભવિષ્ય-સંજોગો સર્જવા સમર્થ છે.

**શબ્દોમાં લાગણી છે**- જુદા જુદા શબ્દો જુદી જુદી લાગણીઓ

સર્જે છે. અમુક શબ્દો માણસને નિરાશ કરે છે, દુઃખ પહોંચાડે છે, ગુસ્સે કરે છે. જ્યારે અમુક શબ્દો માણસને પ્રોત્સાહિત કરે છે. સુખ આપે છે. અને હસતાં રાખે છે.

**શબ્દો મનમાં ચિત્રો સર્જે છે**- દરેક શબ્દ કોઇને કોઇ પ્રકારનું હકારાત્મક કે નકારાત્મક ચિત્ર સર્જે છે. દા.ત. 'બેટ' બતાવીને કહેવામાં આવે કે 'આ ધોકરણું છે.' તો આપણે તરત જ ના પાડી દઇશું કારણકે 'બેટ' અને 'ધોકરણું' શબ્દ સાંભળતા જ તેના ચિત્રો મનમાં ઊપસે છે. અને તેની ઓળખ થઇ જાય છે. સારા શબ્દો મનમાં સારા ચિત્રો સર્જે છે. દા.ત. કોઇ શિક્ષક નબળા વિદ્યાર્થીને કહે કે, 'તને તો આવડશે જ. તું તો હોંશિયાર છે. થોડીક વધુ મહેનતની જરૂર છે.' આ શબ્દો વિદ્યાર્થીને વધુ પ્રયાસ તરફ દોરી જશે કારણ તેના મનમાં હોંશિયારનું ચિત્ર સર્જાય છે. આમ જે ચિત્રો શબ્દ દ્વારા મનમાં સર્જાય છે તે જીવનમાં પણ સર્જાય છે.

**શબ્દોમાં ચુંબકીય શકિત છે**- આપણી તીવ્ર ઇચ્છા-સંકલ્પમાં એક પ્રકારનું ચુંબકત્વ હોય છે. માટે પાકા ઇરાદાથી-તીવ્ર ઇચ્છાથી બોલાયેલા શબ્દ આપણી આસપાસ એક ખાસ પ્રકારનું ઇલેક્ટ્રોમેગ્નેટિક ક્ષેત્ર ઊભું કરે છે. અને આ ક્ષેત્ર એના જેવાં જ વાઇબ્રેશન ધરાવતી વ્યકિત, સંજોગ કે પરિસ્થિતિ તરફ આપણને દોરી જાય છે.

આમ 'શબ્દ' તો સરોવરના પાણી જેવો છે. સાચો શબ્દ શ્રીફળ જેવો છે. શબ્દ જો પૂરેપૂરો સમજાય તો એમાંથી કોપરા જેવો અર્થ પમાય છે. શબ્દને અર્થ સાથે સંબંધ છે. અર્થને કોઇ ચોકકસ પરિસ્થિતિ, સંજોગ, પ્રસંગ અને સંવેદન સાથે સંબંધ છે. અર્થમાં વ્યકિતનો અનુભવ, જ્ઞાન અને વ્યાવહારિક સમજ ભળે અને સાંપ્રત જગતના બનાવો વિશેનો પ્રતિભાવ અને વ્યકિતની માન્યતા ભળીને નવો અર્થ જ અર્થ આપે છે. શબ્દો માત્ર અક્ષરોનું લખાણ જ નથી હોતા. તેમાંથી તો લખનારના હૃદયના ધબકારા સંભળાય છે. દરેક શબ્દો કંઇક બોલતા હોય છે, કંઇક ગાતા હોય છે. તેમાં ધૂન છે, તેમાં સંગીત છે. એ સંગીત પણ લખનારના શુદ્ધ હૃદય ઉપરથી પરાવર્તિત થતું હોય છે. એટલે જ 'શ્યામ સાધુ ' કહે છે કે,

"શણગારી શબ્દોના ટહુકા
જીવું છું અવસરના જેવું"

એક કવિ કહે છે કે, 'અમારે મન શબ્દો તો કંકુ ને ચોખા'.

શબ્દની બીજી બાજુ નઠારી છે. તેનાથી ચેતીને ચાલવું જોઇએ.

**શબ્દો છેતરી શકે છે.**- માણસ માણસને શબ્દો દ્વારા છેતરે છે. દા.ત. એકના ત્રણ થશે. એક રૂપિયો આપો ત્રણ રૂપિયા લઇ જાવ. ઘણા વ્યકિતઓ આ શબ્દોથી છેતરાય છે.

**શબ્દો ધિક્કાર આપી શકે છે** દા.ત. 'છટ્ટ, જા-જા, હટ, ફૂટ અહીંથી' જેવાં શબ્દો ધિક્કારની લાગણી દર્શાવે છે.

**શબ્દો ભડકાવી શકે છે**- દા.ત. 'ઓહ'-'તારું હવે આવી બન્યું છે.'-જેવા શબ્દો ભલભલાના રુંવાડા ઊભા કરી દે છે.

**શબ્દો ડિપ્રેશન આપી શકે છે**-શબ્દો કયારેક હૃદયના ધબકારા વધારી દેવાની કે કયારેક હૃદયને બંધ કરી દેવાની તાકાત પણ ધરાવે છે.

**શબ્દો ડરાવી શકે છે**- 'એ સિંહ આવ્યો'-બાળકોને ડરાવવા આ શબ્દોનો ઉપયોગ થાય છે. જેનો ડર હોય તે આવ્યો કહેવાથી ડર લાગે છે. તે 'હવે મારું શું થશે?' તે અંગે વિચારતા કરી મૂકે છે.

**શબ્દો સુવાડી શકે છે**- અહીં બે અર્થ છે એક હકારાત્મક છે. જેમાં પ્રેમભર્યા હાલરડાં બાળકોને સુવાડવામાં ઉપયોગી બને છે. જયારે નકારાત્મકતા પણ છે. કેટલાંક ધમકીભર્યા શબ્દો માણસને ઊભો થવા દેતા નથી.

**શબ્દો મારી શકે** -કેટલાંક શબ્દો માણસને તેવા તબકકે પહોંચાડે છે કે જેનાથી મૃત્યુ પામે છે.

આમ શબ્દ વિકાસ તરફ, સુખ તરફ, આનંદ તરફ લઇ જાય છે અથવા અધઃપતન, દુઃખ તરફ, નફરત તરફ વગેરે તરફ લઇ જાય છે. આથી જ વિદ્વાને કહ્યું છે કે, 'તોલ મોલ કે બોલ'.

શેખ સાદી કહે છે કે, 'જેની જબાન એના હુકમ નીચે નથી, તેના કરતાં જબાન વિનાનો, ખૂણામાં મૂંગો-બહેરો થઇને બેઠેલો ઇન્સાન બહેતર છે'. મહંમદ પયંગબર કહે છે કે, જે મુનિમ છે તેણે હંમેશા સારા વચનો બોલવા જોઇએ. યા મોં બંધ રાખવું જોઇએ.

આથી માણસે જ્યારે બોલવું પડે ત્યારે એક એક શબ્દ સમજી-વિચારીને જ બોલવો જોઇએ. શું બોલી રહ્યો છે, એ બાબતની જાગૃતિ આવી જાય તો આગળની મુસાફરી સરળ બની જાય. દરેક શબ્દ બે જણને- એક જેના માટે બોલાયો છે તેને અને બીજો જેના દ્વારા બોલાયો છે તેને અસર કરે છે. આમ શબ્દ જીવનનો તારક કે મારક છે. ત્યારે ધ્યાન રાખવું જોઇએ કે, 'જો સારા શબ્દો ન સૂઝે તો મૌન રહેવામાં જ મજા છે, તેવી બીજી કોઇ મજા નથી'.

સંપર્ક- (૧૦, વૃંદાવન બંગ્લોઝ, ધારાનગરી રોડ,
વલ્લભ વિદ્યાનગર, તા.જિ. આણંદ)

॥ અભ્યાસ ॥

## કેનઉપનિષદ

**ઘનશ્યામસિંહ ગઢવી**

આ ઉપનિષદના અર્થાનુસંધાને સૂચિત થાય છે કે આ વિધાનો ન માત્ર અધિકારી પણ प्रत्यगात्मा વા मुमुक्षु उपयन्ति श्रद्धापूर्वक धीरः निशातयति जन्मादि અનર્થોને, અવિદ્યાને કારણે સંસારોત્પત્તિનું અવસાદન કરે તે વિદ્યા એટલે કે આ ઉપનિષદ.

**સ્થાન**

સામવેદીય તવલકાર બ્રાહ્મણનો નવમો અધ્યાય એટલે 'केन इषितं पतति प्रेषितं मनः' થી કેન, તવલકારોપનિષદ અથવા બ્રાહ્મણોપનિષદ નામાન્તરોથી વિખ્યાત આ ઉપનિષદ रामः कः? राजमणिः, कं? रमेशं, केन? रामेण, कस्मै? रामाय, कस्मात्? रामात्, कस्य? रामस्य, कस्मिन् चित्तलयः रामे? પ્રત્યુત્તરોની જેમ અહીં પણ रामो राजमणिः रामे चित्तल्यः मवतु સુધીની યાત્રા રામરક્ષાસ્તોત્રથી કરાવે છે; તેમ કેનોપનિષદ બ્રહ્મના બારામાં કરાવે છે.

કુલ ૩૪ મંત્રો અને ગદ્ય-પદ્યમય, ચાર ખંડોમાં વિભક્ત તથા એક આખ્યાયિકાથી ન માત્ર જીવ પણ દેવથી પણ સર્વોપરી બ્રહ્મતત્ત્વને સમજાવાયું. 'ઓમ સહનાવવતુ' નિવેદનથી વિવિધતાપોપશાન્તિ તથા બ્રહ્મ મારા અને 'तदात्मनि निरते य उपनिषत्सु धर्मास्ते मयि सन्तु ते मयि सन्तु' થી પૂરક છે.

**પ્રશ્ન**

તવલકારબ્રાહ્મણના પ્રથમ આઠ અધ્યાયોમાં નિષ્કામ અને અશેષ છે, તેનું નિરૂપણ અહીં કરવામાં આવ્યું છે.શિષ્ય બ્રહ્મનિષ્ઠ ગુરુને પ્રશ્ન કરે છે કે કોની ઇચ્છાથી? કોનાથી પ્રેરિત મન વિષયરત બને છે? સાથે સાથે પ્રાણાદિ કેવી રીતે વિષયસહ પ્રવૃત્ત થાય છે? प्र इष વારંવાર થવું કે ગતિ કરવી એવા અર્થમાં અહીં આદિ શંકરાચાર્ય કહે છે તેમ કોની ઇચ્છા (માત્ર)થી એવો અર્થ છે.કારણ ગુરુ શિષ્યને જેમ સમિધાદિ હેતુ અરણ્યમાં મોકલે તેમ અહીં આત્મા મન વ વિષયોમાં મોકલતો નથી.પણ આત્મોપસ્થિતિ માત્રથી મન વ. વિષયોપવિષ્ટ બની જાય છે. જુઓ કોની સાથે જોડાયેલો શ્રેષ્ઠ પ્રાણ (આ શરીરમાં) ચાલે છે?આ પ્રશ્નમાં પ્રાણ શબ્દ એટલે કે નાસિકામાં રહેલ વાયુ છે. ચૈતન્યની પ્રતીતિ પ્રાણનિમિત્તક છે અને તેથી (પ્રાણ)તેનું પ્રાધાન્ય સૂચવાયેલું છે. પ્રથમ શ્રેષ્ઠ એવું વિશેષણ જોડવામાં આવ્યું છે .

केनेषितं पतति प्रेषितं मनः केन प्राणः प्रथमः पैति।
केनेषितां वाचमिमां वदन्ति चक्षः श्रोत्रं क उ देवो युनक्ति ॥ (केन १-१)

**કરણની અલ્પતા કારણ મૂળ**

બ્રહ્માંડના આ સીલસીલાનું પ્રેરક કોણ? આ મહાપ્રશ્નને સજાગ માણસ શોધતો હોય છે. શું જેમાં આપણે હોઈએ છીએ તે આકાશીય ટપકી પડેલ પદાર્થ છે?ના આ તો કોઇનું કાર્ય છે. તો તેનું કારણ કોણ? દા.ત. સ્વાઇન ફ્લુ રોગ. કેમ થયો?તારણ વાઇરલ-મચ્છરજન્ય છે. રોગ કાર્ય અને તેનું જનક જંતુ છે.પરંતુ આમાં તો આપણા જેવા કેટલાય લોકો રહે છે.સૌને નથી થતો આ રોગ. તો કેમ કોઈ અમુકને જ થાય છે. તેની પાછળ પણ એક બીજું કારણ કે જેની રોગપ્રતિકારક શક્તિ ઓછી ત્યાં તેનો ઉપદ્રવ વધુ અને આ કારણે અમુકને તે લાગુ પડયો. તો આ કારણ પાછું બીજું જ છે. આમ રોગ બધાને ન થવો અને રોગપ્રતિકારક શક્તિની અલ્પતા આ બધું મળીને એક કાર્ય ઉત્પન્ન થયું. જેથી કહી શકાય દર્શનની ભાષામાં કે અમુકની રોગપ્રતિકારક શક્તિની અલ્પતા પણ કેમ? આમાં પણ વળી એક બીજું કારણ મળી જાય તેમ છે. આથી તેને પણ કંઈ નામ આપવું પડે. કુલ મળીને તેને કારણમીમાંસા કહે છે અને તે આ પ્રમાણે છે.

- નિમિત્તકારણ દા.ત.રોગ થયો તેમાં જંતુનું લાગવું તે નિમિત્ત
- રોગપ્રતિકારકશક્તિની અલ્પતા તે કારણ કારણ
- તેના જ શરીરમાં કેમ? તો તેનું કારણ કર્મ એટલે કે પ્રારબ્ધ 'कर्म ब्रह्मोदभवं विद्धि' (ગી.૩-૧૫)
- અંતતઃ જેની આ દુનિયા તેના આપણે. તો તેનો સંકલ્પ અને મનુભગવાને કહ્યું કે -

त्वमेको ह्यस्य सर्वस्य विधानय स्वयम्भुवः। (મનુ.૧-૩) જે એક, સર્વવિધાનનો સ્વયંભૂ કર્તા છે. આ બધું પરમાત્મા વડે અને 'तदेव त्वं ब्रह्म विद्धि'

કેન ૧-૨થી ૮ તેનો ઉત્તર છે. કહીએ કે ચાકુ શાક સુધારે છે તો નિર્જીવ ચાકુ શાક ન સુધારી શકે પણ જેના હાથમાં ચાકુ છે તે ગૃહિણી શાક સુધારી રહી છે, જેમ તેમ અહીં કર્ણેન્દ્રિયાદિ સાધનો સાંભળવાદિના છે. તેની સાંભળવાની ક્રિયા જે કાનનો કાન છે, તેનાથી થાય છે. જો ધીર આ વૃત્તિને જાણી લે તો ઈહામુત્ર યાત્રા નિર્વિઘ્ન બને છે.

પછીના મંત્રમાં 'न तत्र चक्षुर्गच्छति' શ્રુતિવચનોના આધારે આ દેવ જાણી શકાતો નથી.કા.કે ''स वेत्ति वेद्यम् । न च तस्यास्ति वेत्ता, विज्ञातारम् अरे केन विजानीयात्?''અર્થાત્ તેને કોઈ જાણનારો નથી અને જેનાથી બીજાને જાણી શકાય, તેને કોનાથી જાણવો?

ત્રીજા મંત્રમાં જે વાણી વડે અપ્રકાશિત પણ વાચી પ્રકટ તે બ્રહ્મ છે. ''तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ।'' થી તેને બ્રહ્મ એવું નામાભિધાન આપ્યું આ ધ્રુવપંક્તિથી. ''મનનાત્ મનઃ વા મનસા ચક્ષુષા શ્રોત્રેણ વા ન

इन्द्रियाणामिन्द्रियम्'' તેને જાણવું શક્ય કેમ બને?

તમામ ઇન્દ્રિયજન્ય જ્ઞાન સૂંઘવું, સાંભળવું, જોવું વ.જે પ્રત્યક્ષ પણ કહી શકાય.હવે સાંખ્ય પ્રમાણે આ જ્ઞાન અધૂરું છે. દા.ત.જ્ઞાનબાધક દૂર વ. આઠ કારણો ગણાવાયા છે. પ્રત્યક્ષ હોવા છતાં સમજ બહાર હોય ત્યારે સમજી શકાય કે આ વિષય ઇન્દ્રિયની સામર્થ્ય બહારનો છે. 'इन्द्रियाण्यपराण्याहु' તેની સીમાને લાંઘીને બીજું પ્રમાણ તો અનુમાન છે અને તે તત્ત્વ તકર્ય નથી. બુદ્ધિજન્ય જ્ઞાનથી અસીમ હોય માપી ન શકાય.જ્ઞાનનું ત્રીજું સાધન છે આપ્તવચન જે -

योडसावतीन्द्रियग्राह्यः सूक्ष्मोडव्यक्तः सनातनः। (મનુ.૧-૯)

જે સનાતન છે. તેને કોઇએ ભૂત કે ભવિષ્યમાં જોઈ શકવાનું સામર્થ્ય પ્રાપ્ત નથી કરેલ. એટલે માની લેવાનું અને તેથી તે આપ્તપ્રમાણ જ્ઞાનનું ત્રીજું કરણ છે.

श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयेतेन्द्रियः। (गी. ४-३९) આ આપ્તતાના મૂળમાં શ્રદ્ધા સન્નિહિત છે.

**शब्दब्रह्मातिवर्तते**

ખંડ બેમાં આને કંઇક આ રીતે સમજાવ્યું છે. અગ્ન્યાદિ સ્થળ, દશ્યમાન અને અનુભૂત પંચમહાભૂતોથી પર, આધિભૌતિકથી આધ્યાત્મિક અંત ર્ચતુષ્ટ્ય જ્યાં ભયથી પ્રેરિત, દર્શનેચ્છાથી કે શાબ્દિક રીતે ખ્યાલ આવી જવાથી જે જણાઈ નથી જતું, પણ તે दभ्रम् અલ્પજ્ઞાન છે. તેના માટે 'नाहं मन्ये सुवेदेति।' અહીં અવધારણાર્થક અવ્યય સાથે શિષ્યને 'હું જાણું છું એમ હું જાણતો નથી' તેવા અર્થમાં તે પદ મીમાંસ્યા કહ્યું. 'स्थितप्रज्ञस्य का भाषा?' અર્જુનના પ્રશ્નની જેમ અહીં જો આપ જાણતા હો તો કહો' એ ન્યાયે ઋષિ કહે છે શિષ્યને-

यस्यामतं तस्य मतं मतं यस्य न वेद सः ।
अविज्ञातं विजानता विज्ञातमविजानताम् । (केन-२-३)

'એમ પણ નથી કે હું જાણું છું જ, હું જાણું છું ખરો પણ બ્રહ્મનું અગાધ રૂપ ઇન્દ્રિયગમ્ય નથી જ નથી. એટલે એમ કહેવું પડે કે હું નથી જાણતો. અથવા છે-

संशय कीन्ह भवानी महादेव तब कहा बखानी।
(मानस. बालकांड-४७)

આ સંશયથી ઉઠેલ વાર્તા ૨-૩માં 'विद्यया विन्दतेडमृतम् । આ સેન્ટેન્સ લોગો બનેલ છે. 'बोधं बोधं प्रति विदितम्' અર્થાત્ પ્રત્યેક બોધમાં મોજૂદ, બુદ્ધિમાં ઉત્પન્ન થતું જ્ઞાન અર્થાત્ 'तत्पायसे अग्निव्याप्ति' તેમ વિજ્ઞાનસ્વરૂપાત્મા નિત્ય છે. આવા જ્ઞાનીને અમરત્વ મળે છે-

इन्द्रयेभ्यः पराह्यर्थार्थेभ्यश्च परं मनः ।
मनसस्तु परा बुद्धिर्बुद्धेरात्मा महान् परः।। (કઠ.૧-૩-૧૦).

અખિલાઈ એક જ છે. તે અમરાનુભૂતિ ઋષિને કહેવી હતી તેનું અહીં સમાપન છે.

**ઉમાહૈવત્યાખ્યાન**

अस संसय मन भयउ अपारा होइ हृदयँ प्रबोध प्रचारा।
(मानस. बालकांड-५०)
जौं तुम्हरें मन अत संदेहू तौ किन जाइ पीरचा लेहूँ।
(मानस. बालकांड-५१)

ઉમાના સંશયને પૂર્ત કરવા સારું મહાદેવ કહે છે તો અને લો પરીક્ષા, ઉમા આવીને કહે છે में कछु न परीछा लीन्ही भवानी । તાગ તો ન મળ્યો પણ આપણે જે જાણીએ છીએ તેમ આખો જન્મપરંપરાનો વખત આવ્યો સતી માટે. અહીં ગુરુ પણ જાણે અજાણ છે.

ખ. ઉમાં 'પ્રેરક બ્રહ્મ છે તેને તું જાણ' તે સિદ્ધાંતને આખ્યાયિકાથી સમજાવે છે. દેવાસુરસંગ્રામે જ્યારે વિજયી દેવો સ્વવિજય માટે પોતાનાને આવકારવા લાગ્યા.જેમ કે 'ગાડા નીચેનો ભાર હું જ ઉપાડું છું.' તેવું માનતા કૂતરાની જેમ દેવો પણ માનવા લાગ્યા. તેઓના મિથ્યાભિમાનને ટાળવા યક્ષ રૂપે બ્રહ્મ જ પ્રકટ થાય છે. પ્રથમ જાતવેદસ્ તેના તરફ દોડે છે કેમકે તે અગ્રણી છે.પણ ગીતા કહે તેમ कश्चिदेनमाश्चर्यवत् વ. જુએ છે, જેમ તેમ અગ્નિએ યક્ષને પૂછયું તું કોણ? किं वीर्यमिति? (केन.३-५) અગ્નિએ કહ્યું, 'હું દાહક છું.' યક્ષે સામે પૂછયું, તારામાં શક્તિ જે છે તેનાથી આને બાળી બતાવ. પણ તણખલું ન બાળી શકનાર અગ્નિ, ઉડાવી ન શકનાર વાયુ, બાદમાં મઘવન જ્યાં જાય ત્યાં જ યક્ષ તિરોધાન થઈ જાય છે. ન માત્ર તિરોધાન થાય છે પણ ઉમા હેમવતીનું રૂપ લઇ લે છે.કા. કે અત્યાભિમાની ઈન્દ્ર તો યક્ષ સાથે વાગ્વિમર્શ પણ ન કરી શક્યો.મુંડક કહે તેમ તે તો 'यम् एव एषः वृणुते तेन लभ्यः' છે. વધુમાં અગ્ન્યાદિ હતપ્રભ થાય છે. પુનરાવૃત્ત થયા અન્તર્ધ્યાનાવસ્થામાં શૂન્યમનસ્કેન્દ્ર ધીર જણાયો છે, તે ત્યાં ઊભો રહી જાય છે અને 'विकारहेतौ सति विक्रियन्ते येषां न चेतांसि त एव धीराः' એવો કાલિદાસીય ધીર અમૃતને પ્રાપ્ત થાય.

બીજી રીતે ઇન્દ્ર મનોદેવ છે, મન ઇન્દ્રિયોનું સ્વામિત્વ કરે છે. જલ્દી કોઇ પ્રાપ્ત કરી શકે તેવી કોઈ હોય તો 'इन्द्रियेभ्यश्च परं मनः' ઇન્દ્ર વડે વિદ્યાદર્શન થયું. અહીં નેતિ નેતિ થી 'वा न सूर्यो न शशांक न पावकः'। છે તે ઉપાસનીય છે. અહીં સ્વામી શિવાનંદના મતે વેદાંતીનું હાલરડું-તમે જ છો અમર આત્મા, ન ખેદ કરો, ઉપાધિ, ન રૂઓ તમે જ છો.ચિદાનંદ બ્રહ્મ.-(ઉપ. રૂપકો.૫, ૮૬)

વિદેહરાજ જનકના યજ્ઞમાં જ્યારે સહુથી વધુ વિદ્વાન કોણ? તે જાણવાની ઈચ્છા તથા તેઓએ કહ્યું 'જે વિદ્વાન શ્રેષ્ઠ હોય તે ગોષ્ઠમાં રહેલ, સુવર્ણમંડિત શૃંગવાળી એક હજાર ગાયોને વાળી જાય.પણ કોઈ આગળ ન આવ્યું.યાજ્ઞવલ્ક્યજીએ એક શિષ્યને તે ગાયો વાળી જવા કહ્યું. શિષ્યે તેઓની આજ્ઞા પાળી અને ત્યાં જ એક બ્રાહ્મણે યાજ્ઞવલ્ક્યના સર્વશ્રેષ્ઠ હોવાના દાવાને

પડકાર્યો. આમ જોવા જતાં અહીં સમજાય છે કે જ્ઞાન ઇન્દ્રિયજન્ય નથી. તો જેની પ્રેરણાથી તે કાર્યશીલ બને છે તે કોણ? શું ગમે તેવો બળવાન મંચસ્થ રહી મંચને વહી શકે? ન. તેથી પ્રત્યક્ષ છે કે જ્ઞાન ગયું કામથી. બીજું કે રટણ જ્ઞાનનું તો બુદ્ધિ છે. ઇન્દ્રિયથી અનુમાન થાય, જ્ઞાન નહી.કા.કે 'यन्मनसा न मनुते येनाहुर्मनो मतम्' જેને મન વડે નહી, પણ જેના વડે મનને જાણી શકાય તેવું શ્રુતિ કહે છે. ત્રીજું સાધન આપ્તવચન છે. પણ તે અધ્યાત્મનું સહાયક છે અને यदि मन्यसे। (केन-२.९)

અહી એક અને અદ્વિતીય બ્રહ્મ છે. તેથી જ્ઞાનની પ્રક્રિયા દ્વૈતમૂલક હોવાથી, તેના વડે બ્રહ્મજ્ઞાન અશક્ય છે. ઉપર્યુક્ત પ્રમાણો વડે જ્ઞાન-જ્ઞાતા-જ્ઞેય ત્રિપુટી નહીં કે બે છે. આમાં તો પાછું એક વધ્યું. આ દશામાં એકનું જ્ઞાન ન થાય.પરંતુ ચોથું સોપાન છે આ બધાથી ભિન્ન અપરોક્ષાનુભૂતિ. જયાં ત્રણેય એક થઇ જાય તે અનુભૂતિજન્ય. તેજ અપરોક્ષાનુભૂતિ. તેથી ઋષિદર્શન કેન ૨-૪ મુજબ આ જગત જાણતલ કરણો બ્રહ્મણ ન કરાવી શકે. બ્રહ્મનું બીજું મોટું કારણ છે તે અનંત છે. ભાણદેવ કહે છે એમ 'બ્રહ્મ સાકરનો પહાડ અને બ્રહ્મજ્ઞાનની ઇચ્છાવાળો કીડી છે. જે વધુમાં વધુ બે ચાર કણ સાકરદાણા ઉપાડી શકે ન કે આખો પહાડ.' 'यदि मन्यसे सुवेदेति----।' બ્રહ્મ અજ્ઞેય છે. 'नाहं मन्ये सुवेदेति---।' આ મંત્રભાગથી અજ્ઞેયવાદ નિરસ્ત થાય છે. અમૃતપુત્ર તારા માટે આ માર્ગ સર્વદા ખુલ્લો છે.' આ બ્રહ્મજ્ઞાનનું સ્વરૂપ જ એવું છે કે સ્વના વિસર્જન બાદ બ્રહ્મજ્ઞાન પ્રગટે છે. તે તર્કોતીત સત્યને અધ્યાત્મમાર્ગમાં વિતર્કને સહારે प्रतिबोधितम्। (केन.२-४)

**બ્રહ્મવિદ્યાનાં સાધનો**

अधिदैवत, अध्यात्म, तप, दमतस्यै तपो दमः कर्मेति प्रतिष्ठा वेदाः सर्वांगानि सतयमायतनम्। (केन-४-८) છતાં નવા સાધકના પુરુષાર્થ હેતુ બ્રહમવિદ્યા પ્રાપ્તિહેતુ સાધનો જણાવતા ઋષિ કહે છે 'सा ब्रह्मेति होवाच ।' (केन-४-१) 'अथाध्यात्मं यदेतद्गच्छतीव च मनोडनेन चैतदुपस्मरन्त्यभीक्षणं संकल्पः। (કેન-૪-૫) અહી સત્ય, તપ અને કર્મ સાથે અધ્યાત્મ અને અધિદૈવનું સ્મરણ કર્યું છે.

તપ. (ગી.૧૭.૧૪થી૧૯)કાયિક-વાચિક-માનસીક એવા ત્રિવિધ તપ જણાવ્યા છે. એટલે ચાતુર્વર્ણ્ય વ્યવસ્થા પ્રમાણે કર્તવ્ય કરે તે યજ્ઞયાગાદિને પણ 'તપ' કહેવાય છે. માનસકાર કહે છે આ બધું તપના બળે તો સ્થિર છે. 'तपबल रचइ प्रपँच विधाता ।' વગેરે.સામાન્ય રીતે મનાય છે કે દેહદમન એટલે 'તપ' ના તે નહી પણ દેવ-દ્વિજ-ગુરુ-વિદ્વાનની પૂજા, પવિત્રતા, નીતિમત્તા, બ્રહ્મચર્ય, અહિંસા વગેરે શરીરના તપ કહ્યા છે. દેવાલય પ્રતિ મનસા મંદિર સ્વચ્છ કરવું મૂર્તિને નમતો, વિધિ પ્રમાણે દેવતાદિઓને નમતો, તીર્થાદિમાં પૂજન કરતો જોવાય. જેમાં દેહ પ્રધાન હોવાથી તે દૈહિક તપ છે. આમ આ તપ તે માર્ગગામી બનવા સહાયક બને છે.

સત્ય (ગી. ૧૭-૧૪) કોઈને દુઃખ ન પહોંચાડવું.સત્ય-પ્રિય-હિતકારી વાક્ય બોલવું.વેદ આજ્ઞા કરે છે. 'सत्यं ब्रूयात्। प्रियं ब्रूयात्। सत्यं परं धीमहि ।' પણ મહાકવિ ભારવિ કહે છે તે કેમ બને? 'हितं मनोहारी च वचनं दुर्लभम् ।' સત્ય અને પ્રિય બોલવાની યુક્તિ અહી કહી બતાવી છે. 'કાણાને કાણો નવ કહીયે,કડવાં લાગે વેણ, ધીમે રહીને પૂછીએ કે શેણે ખોયા નેણ.' હિતોપદેશને યાદ કર્યા સિવાય, જુઓને

इज्याध्ययनदानानि तपः सत्यं धृति क्षमा।
अलोभ इति मार्गोडयं धर्मस्याष्टविधः स्मृतः। (हितो-१-१-९)

ઈજ્ય, અધ્યયન, દાન, તપ,સત્ય, ધૃતિ,ક્ષમા અને અલોભ આ આઠ ધર્મનાં લક્ષણો છે. જેને કેન ઉપર્યુક્ત ગદ્યાંશમાં કહી દે છે સાધન તરીકે ઉપર્યુક્ત આ સત્યાદિ ધર્મકરણ પણ છે. તત્ત્વોનો વિમર્શ બ્રહ્મ, અધ્યાત્મ, કર્મ, અધિભૂત, અધિદેવ અને અધિયજ્ઞ વ. કોને કહેવાય? ગીતામાં આ પ્રશ્નોનો ઉત્તર એટલે અક્ષરબ્રહમ, પ્રયાણકાલની ગતિ દર્શાવતો આ ભાગ. અક્ષરમ્ અર્થાત્ જેનો ક્ષય ન થાય તે. એકરૂપ અને અવિકૃત છે તેથી તે અંતિમ તત્ત્વ છે एतद्वैतदक्षरं गार्गि ब्रह्मणा अभिवदन्त्यस्थूलमनण्वित्यादि। एतस्य वा अक्षरस्य प्रशासने गार्गि सूर्यचन्द्रमसौ विधृतौ तिष्ठतः। વિશિષ્ટાદ્વૈતીતે આચાર્ય રામાનુજના મતે 'अव्यक्तमक्षरे लीयते अक्षरं तमसि लीयते ।' આ શ્રુત્યાનુસાર ક્ષેત્રજ્ઞ, જગદ્ભિન્ન ઈશ્વર કે સમષ્ટિરૂપ ચૈતન્ય છે. સાંખ્યાનુસાર અવ્યક્ત પ્રકૃતિને પણ અક્ષર કહેવાય છે. તેથી માત્ર અક્ષર કહેતા સાંખ્યની પ્રકૃતિ અને બ્રહ્મ એવા બન્ને અર્થો થઈ શકે. આવો પ્રશ્ન ન થાય તેથી ગીતા તે અક્ષરને પરમ વિશેષણથી ઓળખાવે છે. 'अक्षरं ब्रह्म परमं' (ગીતા.૮-૩)

**કર્મ**

भूतभवोद्भवकरो विसर्गः कर्मसंज्ञितः॥

કર્મ એટલે નિર્વાહાદિ કરનાર જે જે વિસર્ગ એટલે કાંઈપણ અપાયેલું અથવા કરાયેલું છે તે કર્મ - कर्मब्रह्मोद्भवं विद्धि ब्रह्माक्षरसमुद्भवम्। (गीता-३-१५)

**અધ્યાત્મ**

'स्वभावोडध्यात्ममुच्यते। (ગીતા.૮-૩) સ્વભાવ અર્થાત્ કોઈપણ પદાર્થનું સૂક્ષ્મ સ્વરૂપ 'स्वभावः स्वो भावः स्वरूपं प्रत्यक्चैतन्यम्तु स्वस्य भावः' આવું તિલકનું માનવું છે. અર્થાત્ સ્વરૂપ ચૈતન્ય એટલે કે પ્રત્યક્ ચૈતન્ય જ અધ્યાત્મ છે. 'अध्यात्मनित्या विनिवृत्तकामा।' (ગીતા. ૧૫-૫)ભક્તને ભગવાન અધ્યાત્મનિત્ય ત્યારે કહે છે જયારે તે વિનિવૃત્તકામ બને. અમેરીકન કલાવિદ્ ના મતે અધ્યાત્મ એટલે' 'अपरोक्षज्ञानमिदं किच्चन अध्यात्मदृष्टिः' (ફ્લોરેન્સ સ્કોવેલ શિન-સં.સંભા) તત્ત્વજ્ઞાનનો અનુભવ એ અધ્યાત્મ

अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम्। (ગીતા-૧૩-૧૧) વિદ્યાઓમાં અધ્યાત્મવિદ્યા 'अध्यात्मविद्या विद्यानाम् ।' (ગીતા.૧૦-૩૨)અર્જુને કહ્યું કે મારા પર પરમ કૃપા અર્થે આપે મને આધ્યાત્મિક રહસ્ય કહયું –

मदनुग्रहाय परमं गुह्यमध्यात्मसंज्ञितम्। (ગીતા-૧૧-૧)

મધુસૂદન સરસ્વતીના મતે સ્વભાવ એટલે બ્રહ્મભાવ 'अहं ब्रह्मास्मि' શ્રુતિ કહે છે. આ અધ્યાત્મ માત્ર બ્રહ્મભાવ જ નહીં પણ જનકાદિઓ જેવા દેહમાં અધિષ્ઠિત વિદેહ કહેવાયા તેવા ભોક્તારૂપ વર્તતો પ્રત્યક્ ચૈતન્ય' 'स एवात्मानं देहमधिकृत्य भोर्क्तृत्वेन वर्तमानोऽध्यात्मशब्देनोच्यते।' (શંકરાચાર્ય)

यज्ञार्थात्कर्मणोऽन्यत्र लोकोऽयं कर्मबन्धनः।
तदर्थं कर्म कौन्तेय मुक्तसङ्गः समाचर ॥ (ગીતા-૩-૯)

સંક્ષેપમાં આને માનસકારની ચોપાઇ-

तापस सम दम दया निधाना परमारथ पथ परम सुजाना । (માન.બાલકાંડ-૪૪) આમ આ સત્કર્મસૂચક જ્ઞાનયજ્ઞથી-

यद् दर्शनं च विनिहन्त्यशुभानि सद्यः श्रेयस्तनोति भवदः खदवार्दितानाम् ।

**ઉપસંહાર**

આ કર્માદિ સાધનો પ્રતિષ્ઠિત કરે છે સાધકને બ્રહ્મવિદ્યામાં 'तस्य प्रज्ञा प्रतिष्ठिता । यो एतामेवं वेदापहत्य पाप्मानमनन्ते स्वर्गे लोके ज्येये प्रतिष्ठिति प्रतिष्ठिति। (केन. ४-९) एतदर्थे तु सत्कर्म त्वं समाचर। तत्ते कर्मभिधास्यन्ति साधवः साधुभूः।'

આ ઉપનિષદ એક આધ્યાત્મિક કવિતા છે. બ્રહ્મ સર્વનું કારણ છે. તેને કાવ્યાત્મક પદ્ધતિથી પ્રસ્તુત કરેલું આદિકારણ તે હોય તો સમસ્તને તે પ્રભાવી છે. દુર્યોધનની જેમ જાણ પણ કરે નહી. વારંવાર સર્વને શાબ્દિક રીત ખ્યાલ હોય, નોલેજ પણ વિસ્ઝમ-અનુભવે નહીં. આ અનુભવ, તૂર્યાવસ્થા કે જાગૃતિ ગીતા કહે છે તેમ यस्यां जाग्रति भूतानि तस्यां जागर्ति मुनिः। વિપરીત અવેરનેસ જરૂરી છે.

ચિત્ત જ્યારે અન્વેષણ કરવા મથતું હોય ત્યારે તે ક્યાંથી બચવું તેનો ઉપાય શોધતું હોય છે.સુખની શોધમાં અને દુઃખની ત્રાણમાં કોણ તેને બચાવે તેની જાણ અર્થે કારણના કારણને શોધવા મથતો સાધક કેન જેવા તત્ત્વદર્શનથી ભૂમિકાભેદે કારણનિમિત્ત, ઉપાદાન, પ્રારબ્ધ કે ક્યારેક સંકલ્પ જણાય છે. જેમકે સર્પથી ભયોત્પાદન થાય. સર્પ ભય ઉત્પન્ન કરવામાં નિમિત્ત બન્યો.તેથી નિમિત્ત કારણ, ચિત્તમાં સ્થાયી ભાવ ભય ન હોય તો ભય કેમ ઉદ્‌ભવે?

જેમકે અગ્નિ બાળે છે, તે બાળક ન જાણે ત્યાં સુધી તેમાં કૂદી પણ પડે. પણ બાળવાની અનુભૂતિ બાદ 'દૂધનો બળેલો છાશ પણ ફૂંકીને પીવે' તેમ ખ્યાલ આવ્યા બાદ બાળક આગ પાસે જાય નહીં. તેમજ આ જ્ઞાન થયા બાદ ભયોત્પાદનનું મૂળ ઉપાદાન કારણની મોજુદગી, સર્પની સાથે રમનારો બાળક મોટો થયા પછી, તેની સાથે આ જ કારણથી રમવાનું ચાલુ નથી રાખતો.આ જ ભૂતકાલિક અનુભવ-પ્રારબ્ધ થઈને આવે અને કર્મસંગતિ થાય છે. જેમકે નારદશાપાદિ ભગવાનના જન્મકારણો તેમ વિરાટની સંકલ્પશક્તિ કે લીલામાત્ર કારણ બને છે. આમ 'तदेव त्वं ब्रह्म विद्धि।' ઋષિ સર્વકારણ नाहं कर्ता हरिः कर्ता ઈશ્વર છે તેવું માનતા ગીતાકારની મતિ પ્રમાણે-

गतिभर्ताप्रभुः साक्षी निवासः शरणं सृहत्। (ગીતા ૯-૧૮) છે. ઉમા બ્રહ્મવિદ્યા-ઈન્દ્ર જીવાત્મા અને પ્રણવનું બીજું નામ અ-ઉ-મમાં આગળથી પાછળ મૂકતા ઉ–મ-અ , જેમ મરા-મરા જાપ વાલ્મીકિ બનાવે તેમ, ઉમા બનતા પ્રણવોપાસના 'सा ब्रह्मेति होवाच' બ્રહ્મ સુધી પહોંચાડે છે.

(આચાર્ય, એન.-એ. એન્ડ ટી.વી.પટેલ આર્ટ્સ કોલેજ,
વલ્લભ વિદ્યાનગર)

**। વિ-વિદ્યાનગર । માસિક અંગેનું માહિતીપત્રક**
**ફોર્મ - ૪ (નિયમ - ૮ મુજબ)**

| | |
|---|---|
| ૧. પ્રકાશન સ્થળ | : વલ્લભ વિદ્યાનગર |
| ૨. પ્રકાશનની સામયિકતાઃ | માસિક |
| ૩. મુદ્રક | : આણંદ પ્રેસ, ગામડી-આણંદ |
| ૪.પ્રકાશકનું નામ | : ડૉ.એસ.જી.પટેલ |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામું | : માનદ મંત્રી<br>ચારુતર વિદ્યામંડળ<br>વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦ |
| ૫. તંત્રી | : ડૉ. ઉર્વીશ છાયા |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામું | : ચારુતર વિદ્યામંડળ<br>વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦ |
| ૬. માલિકનું નામ | : ડૉ.એસ.જી.પટેલ |
| સરનામું | : માનદ મંત્રી<br>ચારુતર વિદ્યામંડળ<br>વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦ |

હું, એસ.જી.પટેલ, આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને સમજ મુજબ બરાબર છે.

૫ માર્ચ ૨૦૧૯ એસ.જી.પટેલ
માનદમંત્રીઃ ચારુતર વિદ્યામંડળ

॥પ્રાસંગિક॥

# ભાઈકાકાનો વાંચનપ્રેમ અને તેનો પ્રભાવ

**રમણભાઈ પી. પટેલ**

વ્યક્તિના જીવનઘડતર અને તેના વ્યક્તિત્વવિકાસમાં કુટુંબ, સમાજ, વાતાવરણ, સ્થિતિ-પરિસ્થિતિ, ધર્મસંસ્કાર, સત્સંગ, અભ્યાસ વગેરે અનેક પરિબળો ભાગ ભજવે છે. તેમાં પુસ્તકો પણ એવું એક મહત્ત્વનું પરિબળ છે કે, જે વ્યક્તિના જીવનઘડતરમાં તેમ વ્યક્તિત્વ વિકાસમાં ઉપકારક બની રહે છે. અનેકમુખી પ્રતિભા ધરાવતા વલ્લભ વિદ્યાનગરના વિશ્વકર્મા સ્વ. ભાઈકાકાના બાહોશ ઈજનેર, કુશળ વહીવટકર્તા, દૃષ્ટિવંત કેળવણીકાર, સંનિષ્ઠ લોકસેવક-લોકનેતા, સાત્ત્વિક રાજપુરુષ, ચિંતક, લેખક તરીકેનું વિવિધરંગી વ્યક્તિત્વ પ્રગટાવવામાં, જીવનઘડતર કરવામાં પુસ્તકોના વાચન-મનન-ચિંતનનો ઘણો બધો પ્રભાવ છે. અલબત્ત, પુસ્તકાનુરાગી અને વાચનપ્રેમી ભાઈકાકાના વ્યક્તિત્વઘડતરનું આ એક અલ્પખ્યાત પ્રચ્છન્ન પરિબળ પ્રત્યે ઝાઝું ધ્યાન ગયું નથી.

અનેક અવરોધો, પ્રતિકૂળસંજોગો, તીવ્રસંઘર્ષ, આર્થિક સંકડામણ જેવી સ્થિતિ-પરિસ્થિતિ વચ્ચે જીવનાર-ઝઝૂમનાર ભાઈકાકાએ દૃઢસંકલ્પબળે તથા નિષ્ઠાપૂર્વકના પ્રબળ પુરુષાર્થે જીવન-વ્યવસાય- જાહેર સેવાક્ષેત્રે જે સફળતા હાંસલ કરી તેમાં, તેમનો પુસ્તક અનુરાગ તથા વિશાળ વાચન-મનન-ચિંતનનો ફાળો પણ નાનો સૂનો નથી. તેઓ બાળપણથી માંડી જીવનના અંતકાળ સુધી, અનેકવિધ વ્યસ્તતાઓ વચ્ચે, સમય મળતાં ઉપલબ્ધ પુસ્તકોનું વાચન-મનન-ચિંતન કરતા રહ્યા છે. નાદુરસ્ત તબિયત હોય કે પ્રવાસ ચાલતો હોય, રાત્રે સૂતાં પહેલાં સમય મળે તે પ્રમાણે કશુંક જીવનલક્ષી વાંચવાનું તેમને વ્યસન હતું.

શાળાના અભ્યાસ દરમિયાન તેમણે સાહિત્ય, સંસ્કૃતિ, ધર્મ વગેરેનાં અનેક પુસ્તકો વાંચી લીધાં હતાં. આ ઉપરાંત ફળિયામાં રોજ રાત્રે વંચાતાં રામાયણ-મહાભારત-ભાગવત-વચનામૃત સાંભળી, જિજ્ઞાસા જાગતાં એ ગ્રંથોનું વાચન કર્યું. નિષ્કુલાનંદ-દેવાનંદ જેવા ભક્ત કવિઓનાં વાંચેલા ભજનો બાળદોસ્તો સમક્ષ વાંચી-ગાઈ સંભાળવતા. પછી તો વાચન-શોખ વધતાં 'બેન્જામીન ફ્રેન્કલીન'નું ચરિત્ર વાંચ્યું. 'માણસમાં જો અડગ હિંમત, ધીરજ, ખંત, મહેનત હોય તો શૂન્યમાંથી પણ સર્જન થઈ શકે.' એવા આ પુસ્તકના વિચારબીજના પ્રભાવે વલ્લભ વિદ્યાનગરનું સર્જન કરવાની તેમને પ્રેરણા સાંપડી.

ભાઈકાકા જે કંઈ વાંચતા તેને વાર્તાના સારરૂપે મિત્રોને રોજ રાત્રે કહી સંભળાવતા. એમાંથી એમને પોતાના ગામ સોજિત્રામાં નાનકડું પુસ્તકાલય ઊભું કરવાનો વિચાર આવતાં, ગામમાંથી ઘેર-ઘેર ફરીને પડી રહેલાં પુસ્તકો ઉઘરાવ્યાં, એમાં પોતાનાં અંગત પુસ્તકો ઉમેરી એક નાનકડું બાળપુસ્તકાલય ગામમાં શરૂ કર્યું. એ રીતે કિશોર ભાઈકાકાએ આ પ્રવૃત્તિ થકી ગામના અનેક મિત્રો તથા વિદ્યાર્થીઓને પુસ્તકવાચનમાં રસ લેતા કર્યા.

કિશોર ભાઈકાકા યુવાનવયમાં પ્રવેશતાં શાળાજીવનનો વાચનપ્રેમ કૉલેજકાળમાં વિશેષરૂપે વિસ્તર્યો ફલતઃ સંસ્કૃત, ગુજરાતી, અંગ્રેજી સાહિત્યના વાચન પ્રત્યે વિશેષ અભિમુખ થયા. આ સમયમાં કવિ પ્રેમાનંદનાં આખ્યાનો (નળાખ્યાન, મામેરું, સુદામાચરિત્ર વગેરે) તેમજ સંસ્કૃત ગ્રંથો (શાકુંતલ, નીતિશતક, વૈરાગ્યશતક) તથા ચાર્લ્સ ડિકન્સની કૃતિઓનું પાઠ્યપુસ્તક તરીકે અધ્યયન કરવાનું થતાં તેમણે એ કૃતિઓનું ઊંડાણપૂર્વક વાચન-અધ્યયન કર્યું. આ ઉપરાંત નીતિ-સદાચારનાં ચરિત્રો, ધર્મદર્શન, અર્થશાસ્ત્ર-સમાજશાસ્ત્ર, પ્રકૃતિ-સંસ્કૃતિ, વનસ્પતિશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ઈતિહાસ-ભૂગોળ-ભૂસ્તરશાસ્ત્ર વગેરે અનેક વિષય પર ગુજરાતી-હિન્દી- અંગ્રેજીમાં લખાયેલાં અનેક પુસ્તકો ભાઈકાકાએ શાળા-કોલેજકાળ દરમ્યાન વાંચી લીધાં હતાં. તેમની આ બહુવાચ્યતામાં વિશાળ વાચન, વિષયવૈવિધ્ય અને રસ-રુચિનાં દર્શન થાય છે.

ભાઈકાકાએ અનેક વિષયનાં પુસ્તકોનું વાચન કર્યું હોવા છતાં તેમના વ્યક્તિત્વ ઘડતરમાં સૌથી વિશેષ પ્રભાવક તેમનાં ત્રણ પ્રિય પુસ્તકો હતાં. (૧) ભર્તૃહરિનું 'નીતિશતક' (૨) ગોવર્ધનરામ ત્રિપાઠીની નવલકથા 'સરસ્વતીચંદ્ર' અને (૩) લોકમાન્ય ટિળક રચિત 'ગીતારહસ્ય'. આ ત્રણ પુસ્તકોના વાચન-મનને પોતાના જીવનઘડતરમાં દાખવેલ પ્રભાવ વિશે તેઓ કહે છે : ''વ્યવહાર જીવનની અનેક આંટીઘૂંટી અને મૂંઝવણોના ઉકેલમાં આ પુસ્તકોએ મારા વ્યક્તિત્વઘડતરમાં જીવનદીપની ગરજ સારી છે.''

સંસ્કૃત કવિઓમાં ભર્તૃહરિ તેમનો સૌથી માનીતો કવિ છે. તેનું કારણ તે પુસ્તકોમાં રજૂ થતી જીવનપ્રેરક બોધકતા હતી. ભર્તૃહરિના 'નીતિશતક'ની બોધકતા તેમને સ્પર્શી જતાં તેઓ પોતાનાં વ્યાખ્યાનો, લેખો, વાર્તાલાપોમાં, પોતાની વાતનું સમર્થન કરવામાં ટાંકતા હતા. 'નીતિશતક' પછી તેમના માટે ગુજરાતી સાહિત્યમાં અતિપ્રિય પુસ્તક 'સરસ્વતીચંદ્ર' હતું. જેનું તેમણે અનેકવાર વાચન, સાચા અર્થમાં પારાયણ કરેલું. 'સરસ્વતીચંદ્ર'ના ચોથા ભાગમાં કથાનાયક સરસ્વતીચંદ્રના મુખે રજૂ થતી 'કલ્યાણગ્રામ'ની યોજનાનો ભાઈકાકા પર ઊંડો પ્રભાવ પડ્યો. જેના પરિણામસ્વરૂપે ભાઈકાકાની વલ્લભ વિદ્યાનગરની સર્જન-આયોજન વ્યવસ્થા પાછળ આ કલ્યાણગ્રામની કલ્પના સૂક્ષ્મ રીતે પ્રભાવકબળ તરીકે કામ કરી ગઈ છે. 'સરસ્વતીચંદ્ર'ના પ્રભાવ વિશે ભાઈકાકા લખે છે. ''મારા જીવનના ઘડતરમાં 'સરસ્વતીચંદ્ર'નાં એ પુસ્તકોએ સારો એવો ભાગ ભજવ્યો છે. મેં આઠ વખત તેના ચારેય ભાગ ખરીદ્યા છે, શિક્ષકો-

વિદ્યાર્થીઓને ભેટ પણ આપ્યા છે.''

ગોવર્ધનરામે પોતાના 'સ્ક્રેપબુક' નામના જીવનચરિત્રમાં ચાણક્યનો શ્લોક ટાંકીને પ્રાચીન આર્યસંસ્કૃતિમાં દર્શાવેલ જીવનની આશ્રમવ્યવસ્થા મુજબ જીવન જીવવાની કરેલી હિમાયત ભાઈકાકાને સ્પર્શી જતાં તેમણે તે મુજબ જીવન વ્યતીત કર્યું. સરદાર પટેલની આજ્ઞાથી લોકસેવા માટે, યથાસમયે સરકારી ખાતાની ઊંચા પગારની નોકરી છોડતાં તેઓ અચકાયા નહિ. રાજકીય રીતે પોતાને સાંપડેલ સફળતા, માનપાન, ઉપલબ્ધિને પણ સમયાનુસાર ત્યાગી દઈ સંસ્થાનું સુકાન અન્યને સોંપી તેમાંથી નિવૃત્તિ લીધી.

ભાઈકાકાનું ત્રીજું પ્રિય પુસ્તક 'ગીતારહસ્ય' (લોકમાન્ય ટિળક) છે. ગીતાના 'નિષ્કામ કર્મયોગ'નો બોધ સ્વીકારી ભાઈકાકાએ જીવનના દરેક ક્ષેત્રમાં તેને આચારમાં મૂકી તે મુજબ જીવનભર પુરુષાર્થ કર્યો. જેનું ફળ તેમને તો મળ્યું, તેથી વિશેષ લોકસમુદાયને ફળ્યું. આ ઉપરાંત, ગ્રામોદ્ધાર તથા ગ્રામોદ્યોગ પ્રવૃત્તિની હિમાયત કરતું મહાત્મા ગાંધીજીના પુસ્તક 'હિન્દ સ્વરાજ' અને જે.સી. કુમારપ્પાના પુસ્તક 'ગ્રામોદ્યોગ'ના વાચને ભાઈકાકાને, ચરોતરની પ્રજા ભણતર સાથે રળતર પામે એ પ્રકારનું ગ્રામઆયોજન કરવાની કલ્પના અને પ્રેરણા મળી હતી. જેના ફળરૂપે શિક્ષણધામ વલ્લભ વિદ્યાનગર અને ઔદ્યોગિક વસાહત વિઠ્ઠલ ઉદ્યોગનગરનું નિર્માણ થવા પામ્યું.

ગુજરાતી લોકસાહિત્યનાં વાચનને કારણે તેમની પાસે લોકસાહિત્યનો ખજાનો કંઠસ્થ હતો. વાતચીતમાં, વ્યવહારમાં, ભાષણમાં, લેખનમાં વચ્ચે વચ્ચે તેનાં દૃષ્ટાંતો, ઉદાહરણો ટાંકી પોતાની વાતને અસરકારક રીતે રજૂ કરતા. વનસ્પતિશાસ્ત્રના ઊંડા અભ્યાસે તથા પ્રકૃતિપ્રેમને લીધે તેમણે વિદ્યાનગરમાં વિવિધ પ્રકારનાં વૃક્ષો-વેલીઓનું ઉછેર-જતન કરાવી વિદ્યાનગરની પ્રાકૃતિક શોભામાં ઉમેરણ કર્યું. વનસ્પતિશાસ્ત્રનાં પુસ્તકોના પ્રકાશન થકી પ્રકૃતિને ઓળખવાની દૃષ્ટિનો પ્રજાને પરિચય પણ આપ્યો.

સમગ્ર રીતે જોઈ તો, જીવનભરની, વિવિધ વિષય-ભાષાનાં પુસ્તકોની વાચનયાત્રાએ ભાઈકાકાના વ્યક્તિત્વનું ઘડતર થયું છે. પોતાના જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં આ પુસ્તકોએ જીવન જીવવાની, કાર્યમાં સફળતા મેળવવાની અદ્ભુત દૃષ્ટિ -શક્તિ આપી છે, એમ માનતાં તેઓ કહે છેઃ ''એકલાં પુસ્તકો ગળી જવાથી કે સમય પસાર કરવાના સાધન તરીકે પુસ્તકવાચન કરવાથી કશું મળી શકે નહિ. જે પુસ્તકોના વાચને માણસની દૃષ્ટિ ન કેળવાય, જેનાથી માનવીય ગુણો ન ખીલે એવા વાચનનો શો અર્થ? પુસ્તકો વાંચીને ભૂલી ન જવાય પણ સ્મરણમાં સંગ્રહાય એવું પુસ્તકવાચન કામનું.''

પુસ્તકવાચન વિશે ભાઈકાકાના આ વિચારો આજના સંદર્ભે એટલા જ પ્રસ્તુત છે, નવી પેઢી માટે પ્રેરણાદાયી પણ છે.

સરદાર પટેલ યુનિવર્સિટી, ભાઈકાકા અધ્યયન એકમ પ્રકલ્પ (ચેર)ને આશ્રયે આપેલ વ્યાખ્યાનને આધારે લખાયેલ આ લેખ, માર્ચ માસમાં આવતા વલ્લભ વિદ્યાનગર સ્થાપનાદિન (ત્રીજી, માર્ચ) અને સ્વ. ભાઈકાકાના નિર્વાણદિન (૩૧ માર્ચ) નિમિત્તે સ્વ. ભાઈકાકાને સ્મરણાંજલિસહ પ્રસ્તુત છે.

(માનદ નિયામક, એઆઈપીએસ,
શ્રીરામકૃષ્ણ સેવામંડળ, આણંદ)

॥ લઘુકથા ॥

## ઘરબંગલો

**નટવર આહલપરા**

સ્વર્ગસમું 'ગુરુ આશિષ' મકાન. ના ના એવા ફળિયામાં બદામ,ચીકુ, જમરૂખ, પપૈયો અને જાંબુડો ઘરની શોભા વધારતાં હતાં. કુંવરપાઠું, એરંડો, તુલસી વૈદ્યરાજનું કામ કરતાં હતાં. ડંકીનું પાણી સાંઠ વર્ષેય ડૂક્યું નહોતું. વનિતાએ વગડામાં વૃંદાવન જેવું ઘર બનાવ્યું હતું. તેમાં વનિતા, વાલજીનો દીકરો-વહુ રહેતાં હતાં. વાલજી વૃદ્ધ માતાને સાથે રાખી સેવા કરતો હતો. દીકરી પરણીને સાસરે ગઈ હતી અને દીકરાની વહુ ઘરમાં આવી ગઈ હતી.

સંતોની પધરામણી, કથા, સત્સંગ અને કીર્તન થયા કરતાં હતાં. પર્વો ઉત્સવોની ઉજવણી તો 'ગુરુ આશિષ'માં જ થતી હતી. ગોકુળ જેવા ઘરમાંથી વનિતાએ એકાએક અનંતની વાત પકડી. બે મહિના માંડ પસાર થયા હતા, ત્યાં વનિતાના દીકરાની વહુએ પતિને તાડૂકીને સંભળાવી દીધુંઃ ''આપણે હવે આ ઘરમાં નથી રહેવું. આપણો બંગલો તૈયાર થઈ ગયો છે. ત્યાં રહેવા જવું છે, સમજ્યાં?''

વાલજી વનિતાની છબી સામે જોઈ રડતો હતો. રડતા વાલજીને જોઈ તેની મા બોલીઃ ''વહુ બેટા, દીકરા-વહુને જાવા દે, એના બંગલામાં. જાઓ, વહુ બેટા, વનિતાની જેમ તુંય બંગલામાં ઘર બનાવજે હો?''

(શ્રી પવનતનય પ્લોટ નં. ૬૫ ડી-એ, વિમલનગર શેરી નં.૩,
આલાપ સેન્ચુરી પાછળ, યુનિ. રોડ, રાજકોટ-૫ મો. નં.
૯૯૭૪૦૦૯૦૪૨)

॥ વિશેષ ॥

## ગાંધીનું વિજ્ઞાન

**પંકજ જોશી**

ગાંધી અને વિજ્ઞાન? ગાંધી સંત હતા, મહાત્મા હતા એ બધું સાચું, પણ તેઓ અને વિજ્ઞાન એ બંને વચ્ચે વળી શું સંબંધ? દેશના બુદ્ધિશાળી વર્ગમાં આજે પણ આવો પ્રશ્ન પૂછાયા કરે છે. મહાત્મા ગાંધી લોકોને ભેગા કરી જાણતા, ભારતની આઝાદી લાવવામાં તેમણે મદદ કરી, પણ એમની વિચારવાની પદ્ધતિ તો ઘણી અવૈજ્ઞાનિક હતી અને તેઓ તો વિજ્ઞાનના વિરોધી હતા, આવું વિધાન પણ અવારનવાર સાંભળવા મળે છે. ખાસ કરીને દેશના ભણેલા ગણેલા અને બુદ્ધિપ્રધાન લોકોમાં તેઓ એક ધાર્મિક વ્યક્તિ જરૂર હતા પણ વૈજ્ઞાનિક અભિગમવાળા નહિ, અને આથી જ આજના વિજ્ઞાન યુગમાં તેઓ ઘણા અંશે અપ્રસ્તુત પણ ખરા, એવું પણ કહેવાય છે. એટલું જ નહિ, ઘણા લોકો તો ગાંધીના વિચારોને આધુનિક વિજ્ઞાનના સંદર્ભમાં સાવ પછાત પણ ગણે-ગણાવે છે.

આજે પણ આવા વિચારો અને છાપ ભારતના બુદ્ધિશાળી વર્ગમાં વ્યાપક છે. પછી સંત મહાત્મા તરીકે તેઓ ભલે ગાંધીજીને માન અને આદર આપતા હોય, પણ એ તો અલગ વાત છે. આઝાદી પછી આ વિચાર અને છાપ એટલી હદે વ્યાપક થયા છે કે કરવામાં આવ્યા છે કે આપણા દેશના ભાવિ ઘડતરના કે આર્થિક આયોજનોની વાત આવે ત્યારે, અથવા વિજ્ઞાન વિષયક નીતિઓની વાત આવે ત્યારે સરકાર, નીતિઓ અને આયોજનો ઘડનારા તથા વિજ્ઞાનીઓ દ્વારા ગાંધીનું ભાગ્યે જ નામ લેવાય છે. ખરેખર તો એ બધાં કાર્યોમાં ગાંધીને પ્રસ્તુત મનાયા જ નથી અને આ રીતે દેશની બૌદ્ધિક તથા વિજ્ઞાનનીતિઓ તથા દેશના ભાવિ આયોજનો અને દૃષ્ટિમાં ગાંધી જાણે ગેરહાજર જ રહે છે. આ જ રીતે બીજી બાજુએ જો ગાંધી વિષેના અભ્યાસો અને ગાંધી સાહિત્ય જોઈએ તો તેમાં પણ વિજ્ઞાન વિષેની કોઈ પણ વાતનો મોટા ભાગે અભાવ જોવા મળે છે.

દેશના કે દુનિયાના તંદુરસ્ત બૌદ્ધિક કે સંસ્કૃતિક વિકાસ માટે કદાચ આ પરિસ્થિતિ ફાયદામાં નથી એમ થોડું વિચારતા અવશ્ય જણાશે. ખરેખર તો આલ્ડુસ હકસલીએ સૌથી પહેલા એવું કહ્યું હતું કે ગાંધી અને તેમની ચળવળો અવૈજ્ઞાનિક છે. તેમણે કહ્યું, "તોલ્સતોય અને ગાંધીવાદીઓ કહે છે કે વિજ્ઞાનનો ત્યાગ કરીને કુદરત ભણી પાછા વળો અને આદિ માનવની જેમ જીવો. આ સલાહની તકલીફ એ છે કે તે અમલમાં મૂકી શકાય તેવી નથી.... શું અર્ધી માનવજાતિનો આપણે વિનાશ કરવો છે?" જવાહરલાલ નેહરુએ એનો જવાબ આપતા હકસલીને લખ્યું કે ગાંધીનું આ વલણ યોગ્ય નથી અને તેમાં ભૂલો હોવાનો સંભવ છે પછી તો ભારતના વિજ્ઞાન નીતિ બનાવનારાઓએ તથા આયોજનકર્તાઓએ આ વાત ઉપાડી લીધી અને આ બધા વિષયોમાં ગાંધીને સાવ અસ્પૃશ્ય કરી મૂક્યા. દાખલા તરીકે વિજ્ઞાની મેઘનાદ સાહાએ આઝાદી પછી દેશના આયોજનોની ચર્ચા કરતી વખતે રશિયાને લખેલું કે, "તમને જેટલો આદર તોલ્સતોય માટે છે એટલો જ આદર અમને પણ ગાંધીના આર્થિક અને સામાજિક વિચારો માટે છે." ટૂંકમાં ગાંધીને ગેરવૈજ્ઞાનિક અને પછાત વલણ ધરાવતા ચીતરવામાં આવ્યા અને દેશની આઝાદી પછીના કાળમાં આ છાપ બુદ્ધિશાળી વર્ગ અને નીતિના ઘડવૈયાઓમાં મજબૂત જ થતી કે કરાતી ગઈ છે.

પણ શું આ સાચી વાત છે? શું ગાંધી અવૈજ્ઞાનિક અને વિજ્ઞાન વિરોધી હતા? આધુનિક સમયમાં ગાંધી સામેની આ મોટામાં મોટી ટીકા છે. આ પ્રશ્ન વિષે અહીયા થોડો વિચાર કરીશું. શું ગાંધી હંમેશાં અને દરેક વખતે યંત્રો અથવા ઔદ્યોગીકરણની વિરુદ્ધ જ હતા? અલબત્ત એ તો જાણીતું છે કે સીવવાના સંચાને ગાંધીએ સહુથી ઉપયોગી શોધોમાંનું એક ગણાવેલ. વળી તેમનો રેંટિયો પણ એક યંત્ર જ હતું, જેનો તેઓએ આખી જિંદગી પ્રચાર અને પ્રસાર કર્યો. આથી એમ તો નહિ કહી શકાય કે તેઓ સંપૂર્ણ યંત્ર વિરોધી હતા. સ્વાભાવિક રીતે જ, તેમનું કહેવાનું એ હતું કે યંત્રો કેવળ સાધનો છે અને તે આપણા માલિક બની જવા જોઈએ નહિ. આ વાત કહેવાની તેમણે કદી છોડી નહોતી.

વળી, પોતાના આખાએ જીવન દરમિયાન પણ અનેકવિધ યંત્રો જેવાં કે ટેલિફોન, ટેલિગ્રાફ, રેલવે, મોટરકાર, મુદ્રણકળા વગેરે અને અનેક ઉપકરણોનો પણ ગાંધી ઉપયોગ કરતા જ રહ્યા છે તો પછી તેમની આવી વિજ્ઞાન વિરોધી હોવાની છાપ કેવી રીતે જન્મી અને વૃદ્ધિ પામી? કદાચ આનો જવાબ તેમના પુસ્તક 'હિન્દ-સ્વરાજ' દ્વારા મળી આવે, જેને સન ૨૦૦૯માં એકસો વર્ષ પૂરા થયેં છે. તેમાં તેમણે જે વાત કરી છે અને જેવી રીતે કરી છે, તેને કારણે તેઓ વિજ્ઞાન વિરોધી હોય તેવી છાપ ઊભી થઈ હોય તેવું બને.

ઘણીવાર લોકો એ નથી સમજતા કે ગાંધી ખરેખર તો આધુનિક સંસ્કૃતિના મોટા ટીકાકાર હતા.

વિજ્ઞાન કે વૈજ્ઞાનિક વિચાર પદ્ધતિના નહિ. કાળજીપૂર્વક જોઈએ અને તેમનાં લખાણો વાંચીએ તો તરત સ્પષ્ટ થશે કે તેમણે પશ્ચિમના વૈજ્ઞાનિક અભિગમ કે જુસ્સાની ટીકા ક્યારેક નથી કરી, પણ વિજ્ઞાનની શોધોના માનવતાની વિરોધમાં ઉપયોગની જ તેઓ વિરુદ્ધ હતા.

આ જ વાતને થોડી વિશેષ સમજવા માટે એ પ્રશ્ન કરીએ કે ખરેખર તો વિજ્ઞાન એટલે શું? વિજ્ઞાન એટલે બ્રહ્માંડની રચના અને તેના મૂળભૂત નિયમોને સમજવાનો પ્રયત્ન. તેમાં વિશ્વ પણ આવી જાય અને આપણે પોતે પણ આવી જઈએ. વિજ્ઞાન એટલે વિશ્વના પાયામાં રહેલા સત્યની શોધ. ગાંધીએ તો વારંવાર અનેક જગ્યાએ સ્પષ્ટ કહ્યું જ છે કે તેમનું જીવન એ સત્યની શોધનાં અનેકાનેક પ્રયોગો સિવાય અન્ય કઈ જ નથી. હવે આ દષ્ટિએ જોતાં તો ગાંધી વિજ્ઞાન વિરોધી હતા, એમ કહેવાનો પ્રશ્ન જ આવતો નથી. સીધી અને મૂળભૂત વ્યાખ્યાની દષ્ટિએ જ. પછી દરેકની પ્રયોગ વિધિ તો જુદી જુદી હોય, તેમાં કોઈ વિરોધાભાસ નથી. વિજ્ઞાનમાં પણ અનેક વિજ્ઞાનો છે અને અનેકાનેક પ્રયોગ વિધિઓ છે, વિવિધતાનો પાર નથી. મૂળ વાત એ છે કે હેતુ શુદ્ધ હોવો જોઈએ, સત્યની શોધનો જ. એમાં તો ગાંધીની બાબતમાં કોઈ શંકા છે જ નહિ.

ગાંધીએ અનેક વાર સ્પષ્ટ જ કહ્યું છે કે એક વિજ્ઞાનીની ચોકસાઈથી તેઓ પોતાનું દરેક કર્મ અને કાર્ય કરવા અને તપાસવા માંગે છે. તેમના સત્યના પ્રયોગો માટે તેમણે વિજ્ઞાની પોતાના પ્રયોગ માટે માંગે તેટલી જ સૂક્ષ્મતા, આગળનો વિચાર તથા આયોજન માગ્યા છે અને કર્યા છે. વળી પરિણામો વિષે છેવટનો કોઈ દાવો નથી અને ખુલ્લા મન અને વિચાર રાખવાની આવશ્યકતા સદૈવ બતાવી છે. તેમણે અંતર નિરીક્ષણ અને પરીક્ષણ પર વારંવાર અત્યંત ભાર મૂક્યો છે અને કહ્યું છે કે હું મારી જાતને તથા કાર્યોને સતત અને ઘણા ઊંડાણથી તપાસતો રહ્યો છું અને પ્રત્યેક પરિસ્થિતિનું સૂક્ષ્મ વિશ્લેષણ કરતો રહ્યો છું. વિજ્ઞાનની પણ આ જ પદ્ધતિ અને કાર્યશૈલી હોય છે.

ખરેખર તો, અતિ સૂક્ષ્મ આંતર-નિરીક્ષણ અને નાનામાં નાની વિગતોમાં જવાની તૈયારી અને ટેવ એ ગાંધીની મોટામાં મોટી શક્તિ હતી. જો તેમના વિચારો, કાર્યો અને લખાણો જોઈએ તો દેખાઈ આવે છે કે કેવી સૂક્ષ્મતાથી તેઓ દરેક પરિસ્થિતિનું વિશ્લેષણ કર્યા પછી જ કોઈ પણ નિર્ણય લેતા.

ગાંધીનું મગજ અને વિચારશૈલી અતિ તર્કયુક્ત હતી તેમાં શંકા નથી. અને તર્ક તો વિજ્ઞાનનો પાયો છે. તેમની આત્મકથામાં તેઓ ભૂમિતિના વિષય વિષે એક સરસ વાત કરે છે. તેઓ કહે છે કે ભૂમિતિનો નવો વિષય ભણવાનો આવ્યો અને તે તેમને બહુ આવડતો નહિ. વળી અંગ્રેજી માધ્યમે પણ મુશ્કેલીઓ કરી હતી પણ જ્યારે તેઓ બહુ પ્રયત્ન યુક્લીડના તેરમાં પ્રયત્ને પહોંચ્યા ત્યારે આ આખો એ વિષય કેટલો સરળ અને મઝાનો છે, તે તેમને અચાનક જ સ્પષ્ટ થઈ ગયું! જે વિષયમાં કેવળ અને સાદો તર્ક જ વાપરવાનો હોય તે મુશ્કેલ કેવી રીતે હોય આવો તેમને પ્રકાશ થયો અને પછી તેઓ કહે છે કે ત્યારથી ભૂમિતિએ હંમેશ માટે સરળ અને રસનો વિષય બની ગયો.

આ સાથે જ માતૃભાષા વિષે પણ તેઓએ એક ઘણી વૈજ્ઞાનિક અને સ્પષ્ટ વાત કરી છે, પોતાનો વ્યક્તિગત અનુભવ ટાંકીને કહે છે ચોથા ધોરણથી માધ્યમ અંગ્રેજી થયું અને હું જાણે અચાનક જ દરિયામાં ફંગોળાયો! જો આપણી કેળવણી કૈક વ્યવસ્થિત ઢબે અપાતી હોય અને વિદ્યાર્થીઓ ઉપર વિદેશી માધ્યમ દ્વારા શીખવાનો બોજો ન નખાતો હોય તો મોટી રાહત અને સુધારો થાય. તેમણે સમજાવ્યું કે એક ભાષાનું સારું અને વૈજ્ઞાનિક જ્ઞાન હોય તો પછી બીજી ભાષાઓ શીખવામાં મોટી મુશ્કેલી રહેતી નથી અને એ કામ પ્રમાણમાં સરળ બની જાય છે. કાયદાની વકીલાત ભલે તેમણે છોડી હોય પણ માતૃભાષાની વકીલાત તો ગાંધી આખી જિંદગી કરતા રહ્યા હતા! દેશના જાણીતા વૈજ્ઞાનિકો સાથે તેમને ઓળખાણ અને સંબંધ હતા. અને તેમાં ડૉ. જગદીશચંદ્ર બોઝનો પણ સમાવેશ થાય છે. એક પ્રસંગે ગાંધીએ કહ્યું હતું કે, ''આવતી કાલે ડૉ. બોઝ બોલવાના છે. જો તેઓ બંગાળીમાં બોલે તો મારે તેમની સાથે કોઈ ઝઘડો નથી પણ તેઓ અંગ્રેજી વાપરશે તો અમારે જરૂર ઝઘડો થશે.'' ગાંધી જેવી વ્યક્તિ જ્યારે ઝગડો શબ્દનો પ્રયોગ કરે ત્યારે માતૃભાષાનું તેમને મન કેવું અને કેટલું મહત્ત્વ હશે તે સ્પષ્ટ થાય છે.

ગાંધી અને વૈજ્ઞાનિક અભિગમની વાત કરીએ ત્યારે એ જાણવું ઉપયોગી થશે કે તેમના સમયના મોટા ભાગના દેશના ઉત્તમ વિજ્ઞાનીઓ સાથે તેમનો સારો પરિચય અને સંપર્ક હતો. ડૉ. બોઝ તેમને આવીને ૧૯૨૪માં મુંબઈમાં મળ્યા હતા. એ પહેલા ૧૯૧૭માં ગાંધી બોઝ ઈન્સ્ટિટ્યૂટના ઉદ્‌ઘાટન પ્રસંગે હાજરી આપવા ખાસ કોલકત્તા ગયા હતા. સી.વી. રામન તથા તેમનાં પત્ની તેમને ચર્ચાઓ માટે ૧૯૩૬માં મળ્યા હતા. બોઝ, રામન તથા ડૉ. પ્રફુલ્લચંદ્રરાય ખાદી ડેવલોપમેન્ટ બોર્ડના સભ્યો પણ હતા.

ગાંધી સંશોધન અને વિચારના મહત્ત્વને પાકું

સમજતા હતા તેવા સંકેતો પણ ઘણાં છે, એક દાખલો લઈએ તો ૧૯૩૫માં તેમણે ગાંધી સેવા સંઘની સ્થાપના કરી, અને તેનો મૂળ હેતુ અને ઉદ્દેશ્ય પોસ્ટ ગ્રેજ્યુએટ, અભ્યાસ, વિચારણા અને સંશોધનનો જ હતો. ગાંધીએ સમજાવ્યું કે બીજી બધી સંસ્થાઓ જે મોટા ભાગે વિવિધ કર્મોમાં જ લાગેલી છે, તેમના પાસે વિચાર અને સંશોધનનો પૂરતો સમય નહિ રહેવાનો આથી આ કાર્ય માટે એક વિશેષ સંસ્થાની આવશ્યકતા છે જે ખાદી, ચરખો, એકાદશી વ્રતો, વગેરે અનેકવિધ સંકલ્પનાઓ વિષે ઊંડો વિચાર કરી તેની સાચી અને ઊંડી સમજણ કેળવે અને તેના પાયાના સિદ્ધાંતો વિષે સંશોધન કરે. આમ અભ્યાસ, વિચાર તથા સંશોધન તથા પાયાની પરિકલ્પનાઓ તથા સિદ્ધાંતોના વિશ્લેષણ ઉપર ગાંધીએ સમયે સમયે અત્યંત ભાર મૂક્યો જ છે.

તેમનું જીવન અલબત્ત એટલાં બધાં મહાકર્મોથી ભરપૂર અને વેગયુક્ત હતું, અને તેથી સામાન્ય જન તથા મોટા ગાંધીવાદીઓ પણ ઘણીવાર આ હકીકત સમજવાનું ચૂકી જાય અને ચૂક્યા પણ છે, તે સ્વાભાવિક સમજી શકાય તેવું છે. ગાંધી પછીના વિચારકો તથા કર્મશીલોમાં વિનોબા ભાવેએ આ બાબત પર વધુ ને વધુ ભાર મૂક્યો છે. 'હિન્દ સ્વરાજ' ના ૧૦૦ વર્ષ નિમિત્તે શ્રી કાંતિ શાહે તાજેતરમાં પ્રકાશિત તેમના પુસ્તકમાં પણ આ વિષે સારો એવો પ્રકાશ પાડ્યો છે અને ગાંધીનો વાસ્તવિક અભિગમ સમજાવ્યો છે.

અન્ય દૃષ્ટિકોણથી જોઈએ અને વિશેષ સમજવાનો પ્રયત્ન કરીએ તો એવું પૂછવાનું મન થાય કે શું ગાંધી એમના જમાનામાં થઈ રહેલી ભવ્ય વિજ્ઞાન પ્રગતિઓથી વાકેફ હતા? શું અદ્‌ભૂત બ્રહ્માંડ અને તેના અદ્‌ભૂત રહસ્યો વિષે તેમને રસ અને ધ્યાન હતા? કેવી અવનવી દિશાઓમાં આપણું જ્ઞાન-વિજ્ઞાન આગળ જઈ રહ્યું છે તેની શું તેમને ખબર હતી?

આજે વિજ્ઞાન જે બ્રહ્માંડનાં રહસ્યો ખોલી રહ્યું છે તે જાણીને આનંદ પમાય તેવું છે. વિશાળ સ્તરે જોઈએ તો બ્રહ્માંડ અબજો તારાવિશ્વોનું બનેલું છે અને વળી આ દરેક તારાવિશ્વ પોતે ચારસોથી પાંચસો અબજ તારાઓ ધરાવે છે. આપણો સૂર્ય પણ તેમાંનો જ એક નાનકડો તારો છે, જે આપણી આકાશગંગા તારાવિશ્વના એક ખૂણે આવેલી છે. આ બધા તારાવિશ્વો એક બીજાથી દૂર જઈ રહ્યાં છે અને સમગ્ર બ્રહ્માંડ ગતિશીલ છે.

ગાંધીના સમગ્ર સાહિત્યના ગ્રંથોની મદદથી મેં એ શોધવાનો થોડો પ્રયત્ન કર્યો કે બ્રહ્માંડ વિષે ગાંધીએ કંઈ વાત કરી છે કે કેમ? તેમના પત્રો, લેખો કે વિવિધ લખાણોમાંથી આ વિષેના અનેક સંદર્ભો મળી આવ્યા, જેમ કે આ વિશાળ બ્રહ્માંડમાં આપણી તે શી હસ્તી? આપણે તો રજકણથીએ નાના છીએ આ મહાકાય વિશ્વ મંડપનો વિચાર તો કરો... "જો આકાશી પદાર્થો અને ગ્રહો નક્ષત્રો યંત્રની નિયમિતતાથી ના ચાલે, તો આખું એ વિશ્વ અટકી પડે" બ્રહ્માંડના અણુ-પરમાણુંઓની જેમ વિશ્વમાં આપણું પોતાનું અસ્તિત્વ પણ સાવ ક્ષણિક જ છે. જો બ્રહ્માંડનું આપણે કાળજીપૂર્વક અવલોકન અને પરીક્ષણ કરીશું તો આપણને સમજાશે કે... જેમ શરીર હંમેશાં મરતું રહે છે અને છતાં જીવે છે તેમજ વિશ્વમાં પણ સતત વિનાશ ચાલે છે અને છતાં એ તો જીવંત રહે છે, "એ બુદ્ધિ શક્તિ જે સમગ્ર બ્રહ્માંડને પરમાણુમાં જુવે છે...." બ્રહ્માંડમાં એક એવી નિયમબદ્ધતા છે, એક એવી સુવ્યવસ્થા છે, જે બધા માણસોની ઈચ્છાથી ઉપર છે અને જેથી આપણે કોઈ વિશ્વને છેતરી શકતા નથી, "સૂર્ય આમ તેમ ફરવા ચાલ્યો જાય તો શું થાય? આ એકધાર્યાપણું અને નિયમશીલતા જ વિશ્વને ટકાવી રાખે છે." "પાણીમાં રહેલી માછલીને દરિયો અને તેનાં ઊંડાણો કેટલાં સમજાય? માણસ પણ બ્રહ્માંડને કદાચ એટલું જ સમજી શકે."

વળી ગાંધી કહે છે, "બ્રહ્માંડમાં એક નિયમબદ્ધતા અને એક અચલ કાયદો વ્યાપી રહ્યાં છે, જે અસ્તિત્વમાં રહેલી સર્વ વસ્તુઓને અને સર્વ જીવોને નિયમન કરે છે. આ કોઈ આંધળો કાયદો નથી, કારણ કે કોઈ દૃષ્ટિહીન નિયમ જીવંત અસ્તિત્વનું સંચાલન કરી શકે નહિ." આ બધાં ઉદાહરણોથી એ સ્પષ્ટ થાય છે કે કદાચ ગાંધી આ બ્રહ્માંડની વિશાળતા, સમગ્રતા અને તેના અદ્‌ભૂત ' પહેલુઓથી કૈક અંશે પરિચિત અને માહિતગાર હતા.

જો કોઈને આ વિષે વિશેષ રસ હોય અને ગાંધીના સમગ્ર સાહિત્યને વધુ વિગતે જુએ તો અન્ય અનેક સંદર્ભો પણ આ વિષયમાં મળી શકે. વળી અનેક વિજ્ઞાનીઓ સાથેનો તેમનો કેટલોક પત્રવ્યવહાર પણ મારા જોવામાં આવ્યો.

કાકાસાહેબ કાલેલકર, તો કુદરત અને વિશ્વના ભારે રસિયા હતા અને તેમણે તો અનેક પ્રવાસવર્ણનો તથા આકાશદર્શન વિષેના લેખો અને વાતો આપ્યાં છે. એક વખતે શ્રી નારાયણભાઈ દેસાઈએ વાત કરી કે આકાશદર્શનના ઘણાંય પુસ્તકો કાકાસાહેબે ગાંધીજીને લાવી આપ્યાં હતાં અને તેને ગાંધી ભારે રસથી વાંચી ગયાં હતાં અને તેને સમજવાનો પ્રયત્ન અને ચર્ચા કરી

હતી. આનાથી સ્પષ્ટ થાય છે કે ગાંધી કોઈ એકાંગી વ્યક્તિત્વ તો હતા જ નહિ અને સમગ્રતામાં તેમને રસ હતો. વૈજ્ઞાનિક વિકાસ અને અભિગમ માટેની આ તો પહેલી શરત છે.

આજે તો હવે વિશ્વ દર્શન અને બ્રહ્માંડના અભ્યાસ માટે અવકાશમાં હબલ સ્પેસ ટેલિસ્કોપ મૂકાયું છે. આપણને પૂછવાનું મન થાય કે શું ગાંધીને તેમાં રસ પડત? હવે જુઓ, ગાંધી ટેલિફોનનો ઉપયોગ તો કરતા, વર્ધાથી તેઓ ફોનથી વાત કરે છે તેનો જાણીતો ફોટો કદાચ ઘણાએ જોયો હશે. વળી એક વાર તેમને સૂક્ષ્મદર્શક યંત્ર બતાવવામાં આવ્યું ત્યારે તેમાં પણ તેમને ભારે રસ પડ્યો હતો અને તેના દ્વારા તેમણે સૂક્ષ્મ સૃષ્ટિનું નિરીક્ષણ કરેલું તેનો પણ ભારે સરસ ફોટો છે જેમાં તેઓ અતિ એકાગ્રતાથી સૂક્ષ્મદર્શકમાં જોઈ રહ્યા છે. આમ આપણે માની શકીએ કે જેવો તેમને સૂક્ષ્મ-દર્શનમાં રસ પડ્યો તેવો દૂરદર્શનમાં અને બ્રહ્માંડના દૂરના અવલોકનોમાં પણ જરૂર પડત! આમ પણ તેમનાં લખાણો, વિચાર અને કાર્યમાં લાંબી દષ્ટિ તો દેખાય જ છે. આધુનિક સંસ્કૃતિ વિષેના તેમના અભિપ્રાયો, જે દાયકાઓ પહેલા અપાયેલા તે એમની દીર્ઘ દૃષ્ટિ જ બતાવે છે.

આમ આપણે અતિશયોક્તિ સિવાય કહી શકીએ કે ગાંધીને વિજ્ઞાનના વિકાસમાં બ્રહ્માંડની અજાયબીઓમાં અને તારાસૃષ્ટિમાં સારો એવો રસ હતો. અલબત્ત તેમની મૂળ નિસ્બત તો માનવ કલ્યાણ જ હતી પણ તેનો અર્થ એમ નહિ કે તેમના મગજના દરવાજા બંધ હતા, ખરેખર તો માનવકલ્યાણ માટે વિજ્ઞાનનો ઉપયોગ થાય તેમાં તેમને પૂરો રસ હતો. રેંટિયામાં અને કાંતણના વિજ્ઞાનમાં વિશેષ સુધારા-વધારા અને સગવડો કરાવવા માટે તેઓ સતત અનેક યંત્રવિદોની સલાહ લીધા જ કરતા અને તે માટેની અનેક કોન્ફરન્સ પણ તેઓ કરતા રહેતા.

તેમને ખબર હતી કે બ્રહ્માંડને જોવા સમજવા માટે નવી દષ્ટિ અને નવા ચક્ષુની જરૂર છે. કદાચ તેમને માનવીનું અંતઃકરણ અને વિશ્વ વચ્ચેનાં ઊંડા સંબંધનો પણ અણસાર હતો. તેમણે કદી એવું નહોતું કહ્યું કે બ્રહ્માંડ વિષે નવું નવું જાણવાની તે વળી શી જરૂર છે, શું પૃથ્વી પર આપણી પાસે ઓછા પ્રશ્નો છે?

આ સાથે જ એ નોંધવું જોઈએ કે ગાંધી અંધશ્રદ્ધાના તો પૂરા વિરોધી હતા અને તેને તેમણે ક્યારેય કોઈ પણ પ્રોત્સાહન આપ્યું હોય તેવું જોવા-જાણવામાં આવ્યું નથી. જ્યોતિષ વિષે તો તેમણે સ્પષ્ટ કહેલું, ''જ્યોતિષ વિષે હું કશું જાણતો નથી અને જો તેને વિજ્ઞાન કહેવાતું હોય તો પણ તે ભારે શંકાવાળું વિજ્ઞાન છે. વળી ઈશ્વરમાં શ્રદ્ધા રાખનારે તો તેનાથી સો યોજન દૂર જ રહેવું.''

સંશોધન અને વિશ્લેષણને તો ગાંધી વારંવાર અતિ મહત્ત્વ બાપ્યા જ કરતા, પછી તે ખાદીની વાત હોય કે આયુર્વેદની કે ભલે બીજો કોઈ અન્ય વિષય હોય. આયુર્વેદમાં સંશોધનની આવશ્યકતા વિષે તેમણે અવારનવાર ખૂબ વજન મૂક્યું છે. ઘણાએ વૈદ્યો સાથેનો તેમનો સંવાદ એક તબક્કે ઘણો લાંબો ચાલેલો, જેમાં તેમણે પૂબ ભાર દઈને કહેલું કે 'જૂનું' અને 'પ્રાચીન' એટલું બધું સારું અને ઉત્તમ એમ કદી ના માનશો. આ તેમના વૈજ્ઞાનિક અભિગમનો એક પુરાવો છે.

દેશ તથા વિદેશના અનેક વિજ્ઞાનીઓ તથા તત્ત્વજ્ઞાનીઓ સાથે ગાંધીનો જીવંત સંબંધ સતત જળવાયેલો. વિખ્યાત ફ્રેંચ વિજ્ઞાન વિદુષી મેરી કયુરીના દીકરી ઈવ ક્યુરી, જે જાણીતા પત્રકાર હતાવ તેઓ ૧૯૪૨માં ગાંધીને દિલ્હીમાં મળવા આવેલાં ત્યારે તેમણે ગાંધીને મેડમ ક્યુરી વિષે એક પુસ્તક ભેટ આપેલું. ગાંધી તે તરત અતિ રસથી વાંચી ગયેલા. આ વિષે સુશીલા નય્યરે તેમની કારાવાસ કી કહાની' પુસ્તકમાં લખે છે કે ગાંધી એ વિષે શું બોલ્યા, વોહ તો સચ્ચી તપસ્વિની થી, મુઝે હોતા હૈ પેરીસ જાકે ઉસકા ઘર દેખ આઉં! હમારે કિસી વિજ્ઞાનીને ઐસા દુઃખ નહિ ભોગા... હમને તો અંગ્રેજો કી મેહરબાની સે અંગ્રેજો કે ઢંગ સે કામ કરના સીખા શોધ વિભાગ આદિ કે સફેદ હાથી ખડે કર લિયે ઈતના યા ખર્ચ હોતા હૈ, ઈતની બડી પ્રયોગશાલાએ તાતાને ખડી કી, મગર વહાં કામ કિતના હોતા હૈ? ... સુશીલા નાયર લખે છે. ''ઉસ કિતાબ સે તો બસ બાપુ ચિપક ગયે હૈ... મુઝે શામ કો બોલે, તુઝે ઈસ કિતાબકા હિન્દી મેં સુંદર અનુવાદ કરના હોગા.''

આ જ રીતે આઈન્સ્ટાઈન સાથે પણ તેમનો પત્ર વ્યવહાર થેયલો આ બંને મહાનુભાવો કદી મળેલા નહી પરંતુ એક બીજાના કાર્યની પ્રશંસા કરતાં પત્રોની તેમણે આપ લે કરેલી. ગાંધી જ્યારે ઈંગ્લેન્ડમાં હતા ત્યારે ૧૯૩૧માં આઈન્સ્ટાઈને તેમને લખેલું, ''તમારું કાર્ય જગતને એ બતાવે છે કે હિંસાનો સહારો લીધા વિના પણ ધ્યેય સિદ્ધિ કરી શકાય છે... હું તમને ભવિષ્યમાં મળવાની આશા રાખું છું...'' આનો જવાબ તેમને ગાંધીએ બર્લિન મોકલી આપ્યો હતો જેમાં તેમણે કહ્યું, ''એ મારા માટે સંતોષની વાત છે કે તમને મારું કાર્ય ઉપયોગી જણાયું છે.'' હું તમને મળવાની રાહ જોઉં છું, અને એ પણ ભારતમાં, મારા આશ્રમમાં, ''આમ આ બંનેને એક બીજા પરત્વે ઘણો આદર હતો તે દેખાઈ આવે છે. ગાંધીના મૃત્યુ

સમયે આઇન્સ્ટાઇને તેમને આપેલી ભવ્ય અંજલી તો ઘણી જાણીતી છે.'

રવીન્દ્રનાથ ટાગોર સાથેના ગાંધીના સંબંધો પણ સારી રીતે ચર્ચાયા છે. તેઓ બંને ગાંધી દક્ષિણ આફ્રિકામાં હતા ત્યારથી સંપર્કમાં હતા. ચાર્લીસ એન્ડ્રુઝ તથા પિયર્સન નામના બે અંગ્રેજી મિત્રોને પણ ટાગોરે ગાંધીને તેમના કાર્યમાં મદદ કરવા આફ્રિકા મોકલી આપ્યા હતા.

પરંતુ આ બંને મહાનુભાવો વચ્ચે કેટલીક વાર મોટા વૈચારિક મતભેદો પણ થયા છે. તેમાં એક ઘટના એવી થઈ કે જ્યારે બિહારમાં મોટો ભૂકંપ થયો અને મોટી હાનિઓ થઈ ત્યારે ગાંધીએ એવું કહ્યું કે આ તો આપણા અછૂતોને કરેલા અન્યાયના પાપનું પરિણામ છે. ટાગોર આ સાંભળીને ભારે નારાજ થયા અને તેનો ભારે વિરોધ કરીને તેમણે લખ્યું કે આ તો મોટી અવૈજ્ઞાનિક વાત ગાંધી કરી રહ્યા છે.

અલબત્ત, પોતાના સ્વભાવ અને સત્યનિષ્ઠા પ્રમાણે ગાંધીએ તરત આ વાતની જવાબદારી સ્વીકારીને કહ્યું કે હા, મેં જરૂર આવું કહ્યું છે અને હું જે માનું છું તે મેં કહ્યું છે એટલું જ નહિ, એ તો આગળ વધ્યા અને પૂછ્યું, ‘‘શું તમારું વિજ્ઞાન બધા જ જવાબો જાણે છે? શું તે બધી જ રીતે અને બધાં પાસાંમાં સંપૂર્ણ છે?’’ કદાચ કોઈએ તેમને પૂછ્યું હોત કે એ તો કહો કે તમારી આ વાતની સાબિતી શું? તો તેમનો એવો જવાબ હોઈ શકત કે આ તો મારો અંતરનો અવાજ છે અને તેની સાબિતીની મારે જરૂર નથી. આમ અતિ તર્કયુક્ત ગાંધી ક્યારેક તર્કનો સહારો છોડી દેતા પણ અચકાતા નહિ. અંતરનો અવાજ એ તેમના માટે તર્કથી પણ વિશેષ મોટું પ્રમાણ અને આધાર હતા.

આ ઘટનામાં ટાગોર અને ગાંધી બંને પોતપોતાની રીતે સાચા હતા. ગાંધી જેવી વ્યક્તિ આવી વાત કરે તેમાં સામાન્ય પ્રજામાં અંધશ્રદ્ધાને જ પોષણ મળે આવી ટાગોરની ચિંતા હતી. જે સાચી હતી બીજી બાજુએ ગાંધી અતિ તર્કયુક્ત હોવા છતાં હંમેશાં તર્કના બંધનમાં બંધાઈ રહેવામાં માનતા નહોતા. તેમણે તો જે હૃદયથી પોતાને લાગ્યું તે નિખાલસ રીતે વ્યક્ત કર્યું. તેમાં કેવળ તેમના શબ્દોનો અર્થ પકડવાને બદલે તેમના મૂળ ભાવને જોવાની પણ વાત હતી.

ગાંધીની વિચાર પદ્ધતિનો તેમના નીચેના વિધાન પરથી ખ્યાલ આવે છે. ‘‘અહિંસા અને જીવનનું વિજ્ઞાન પદાર્થોના વિજ્ઞાન કરતા અનેકગણું મહાન છે, અને તેમાં ભવિષ્યમાં અનેક ગણી મહાન શોધો અને સિદ્ધિઓ આવશે.’’ આમ એક મિસ્ટિક એટલે કે આધ્યાત્મિક ગાંધીના વ્યક્તિત્વની અહીં આપણને એક ઝાંખી અને દર્શન મળે છે. બીબીસી રેડિયોએ તેમનું એક રેકાર્ડિંગ કર્યું હતું તેમાં તેમણે કહ્યું છે... એક ગહન અને રહસ્યમય શક્તિ સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપી રહી છે. જો તેને આપણી જાત દ્વારા કામ કરવા દઈએ તો તે અદ્ભૂત પરિણામો લાવી શકે છે, ‘‘ગાંધી એક ઊંડા અર્થમાં ધાર્મિક વ્યક્તિ હતા તેમાં કોઈ શંકા નથી.’’

આ તબક્કે કદાચ આપણને એમ પૂછવાની ઇચ્છા થાય કે બ્રહ્માંડની ફિકર કરવાની આપણે તે વળી શી જરૂર છે? શું પૃથ્વી પર અહીંયા જ પૂરતા પ્રશ્નો નથી? આ બધા વિચારવિમળોની તે વળી શી આવશ્યકતા? પણ થોડું વિચારતાં જ સમજાશે કે જીવનમાં એક અથવા બીજા તબક્કે આપણે આપણા અસ્તિત્વ વિષે એક અથવા બીજા મૂળભૂત પ્રશ્નો પૂછ્યા સિવાય રહી શકતા નથી. આપણે કોણ છીએ, ક્યાંથી આવ્યા અને ક્યાં જવાના અને આપણી આજુબાજુનું આ બધું બ્રહ્માંડ તે વળી શું છે? આ બધા પ્રશ્નોને આપણે અવગણી શકવાના નથી જ. એટલે જ બ્રહ્માંડને અને આપણી જાતને ક્યારેક ને કયારેક તો સમજ્યા વગર ચાલે તેવું નથી જ. આ જ વિજ્ઞાનનું કાર્ય છે, અને એમ ગણો તો તત્ત્વજ્ઞાન પણ આ જ પ્રશ્નોની વાત કરે છે.

આ ઉપરાંત, આવા અભ્યાસના રોજબરોજના જીવન માટેના ઉપયોગો, વ્યાવહારિક ફાયદા પણ ઘણા છે. આપણા કપડાં, ખેતીવાડી, ઘરો અને આવાસો, યંત્ર અને તંત્રવિદ્યા આ બધું આ અભ્યાસમાંથી જ ઊભું થયું છે. ખરેખર તો માનવીય સંસ્કૃતિનો ઇતિહાસ જ તેમાંથી પેદા થયો છે. પરમાણુને સમજવાનો પ્રયત્ન આપણને ક્વોન્ટમ વિજ્ઞાનમાં દોરી ગયો અને તેમાંથી જ આધુનિક વીજળીના એક ઇલેક્ટ્રોનિક ઉપકરણો તરફ આપણે દોરાયા. આજના મોબાઈલ ફોન, ટેલિવિઝન વગેરે તેમાંથી જ જન્મ્યાં છે. આજની કોમ્પ્યુટર ક્રાંતિનું જનક પણ પાયામાં તો આ ક્વોન્ટમનું વિજ્ઞાન જ છે.

આવી જ રીતે, ગ્રહો અને તારાઓને સમજવાનો પ્રયત્ન આપણને ગુરુત્વબળનાં રહસ્યો સમજવા ભણી દોરી ગયો. તેમાંથી જ આજનું આખુંએ અવકાશ વિજ્ઞાન તથા ઉપગ્રહોની ટેક્નોલોજી પેદા થઈ છે. આજે જે સરળતાથી આપણે સમગ્ર વિશ્વમાં સંપર્ક કરી શકીએ છીએ તે તેના કારણે જ છે. આજે નેનો વિજ્ઞાન પણ તબીબીશાસ્ત્રોમાં તથા જીવવિજ્ઞાનમાં નવી ક્રાંતિ તરફ આપણને દોરી રહ્યું છે એટલે મૂળ વાત એ છે કે બ્રહ્માંડ તો એક જ છે અને તેને સમગ્ર રીતે જ આપણે જોવું પડે. તેમાં ભાગલા પાડ્યે નહિ ચાલે, જીવનને સમગ્રતામાં જોવું

પડશે અને ત્યારે વિજ્ઞાન કે તત્ત્વજ્ઞાન કોઈને અવગણી શકાશે નહિ કે એકના ભોગે બીજું ટકી શકશે નહિ.

આજે આટલા વિકાસ પછી પણ વાસ્તવમાં તો અનેક મહાપ્રશ્નો આપણા બ્રહ્માંડ જ્ઞાનના સંદર્ભમાં વણઉકેલાયેલા ઊભા છે. ખગોળમાં આજે એવાં અવલોકનો થઈ રહ્યાં છે જેનો તાળો મળતો નથી. કેટલીક ક્ષણોમાં જ આખા સૂર્યની તેના સંપૂર્ણ જીવનમાં કુલ થાય તેટલી શક્તિ ઓક્તા મહાવિસ્ફોટો આપણે બ્રહ્માંડમાં આજે જોઈએ છીએ. એ પણ રોજના લગભગ એકના હિસાબે વિશ્વમાં એક અથવા બીજી દિશામાં. તેમને ગામા કિરણ વિસ્ફોટો કહેવાય છે. આટલી શક્તિશાળી વિસ્ફોટ ઘટનાઓ કેવી રીતે બને છે તેની આપણને આજે કલ્પના પણ નથી. વળી એક બાજુએ આ મહાવિશ્વ છે અને બીજી બાજુએ અણુપરમાણુનું સૂક્ષ્મ જગત છે. આ બંને વચ્ચે શો સંબંધ હશે? વીજ ચુંબકીય બળો, પરમાણુની અંદર કામ કરતાં બળો, ગુરુત્વ, આ બધાં એક બીજાં સાથે કેવી રીતે સંકળાયેલાં હશે? તેમને એક સાથે અને સમગ્ર રીતે સમજી શકાય ખરા? આપણે તારા તથા તારાવિશ્વો તો બ્રહ્માડમાં જોઈ અને અવલોકન કરી શકીએ છીએ, પણ તેના ઉપરાંત જોવાતું નથી તેવા અદશ્ય દ્રવ્યનું પણ વિશ્વમાં અસ્તિત્ત્વ જણાય છે. તે શું હશે? આવા તો બ્રહ્માંડ વિષેનો અનેક અતિ રસપ્રદ પ્રશ્નોની હારમાળા વર્ણવી શકાય. આપણે જે જાણીએ છીએ તેના કરતા અજ્ઞાતનો પ્રદેશ અનેક ગણો મોટો છે.

ગાંધીએ બ્રહ્માંડ વિશે જે વિધાનો આપ્યાં છે તે જોતાં એમ કહેવું અતિશયોક્તિ નહિ ગણાય કે તેમને જ્ઞાનની આ વિશાળ અને વ્યાપક ક્ષિતિજોનો કૈક અંદાજ અને આભાસ તો જરૂર હતો. એમના યુગના વિજ્ઞાનીનો સાથેના એમના સંપર્કો, સંવાદો તથા વૈજ્ઞાનિક પદ્ધતિ વિશેના તેમનાં વિધાનો પરથી પણ આવો અણસાર મળે છે. બ્રહ્માંડની વિશાળતા અને તેના વિશેનું આપણું અજ્ઞાન આ બંનેનું તેમને એક ભાન હતું તે વાત અનેક જગ્યાએથી ગાંધીના લખાણો જોતાં જણાઈ આવે છે તેઓ વિશ્વને એક સંકુચિત દાયરામાં જોવા નહોતા માંગતા એ તો સ્પષ્ટ જ છે. ગાંધીને ખગોળના પુસ્તકો જોવા સમજવામાં જે રસ હતો તેનાથી ખ્યાલ આવે છે કે મનુષ્ય અને બ્રહ્માંડના સંબંધમાં તેમને ઊંડો રસ હતો.

ગાંધીના જીવનની શરૂઆતથી જ કેટલીક ઘટનાઓ અને તેમના કાર્યોને જોઈશું તો આ વાત વિશેષ સ્પષ્ટ થશે. તેમના યુવાનીના દિવસોમાં જ તેમનો શ્રીમદ રાજચંદ્ર સાથે મેળાપ થયેલો ત્યારે ગાંધીએ તેમને જે અનેક પ્રશ્નો કર્યા છે તેમાં બ્રહ્માંડ અને પોતાની જાતને સમજવાની તેમની તીવ્ર જિજ્ઞાસા તરત જ દેખાઈ આવે છે. આ પ્રશ્નોની હારમાળામાં જીવ અને જગત વિષેના અનેક પ્રશ્નો છે, જે જોવા જેવા અને વિચારવા જેવા છે. આ પછી વિનોબા ભાવે સાથે પણ ગાંધીના અનેકવિધ સંવાદો ચાલ્યા જ કરતા જે લડત તથા રચનાત્મક કાર્યો વગેરેથી અલગ વિષયો પર હતા, જેને હું સૃષ્ટિ-રચના અને જાતને સમજવાનો સંવાદ અને પ્રયત્ન જ ગણું છું. આ સિવાય તેમના સમયના અનેક તત્ત્વજ્ઞાનીઓ અને વિજ્ઞાનીઓ સાથે ગાંધીનો જીવંત સંપર્ક જીવનભર ચાલુ જ રહ્યો હતો. આનંદમયી માતા, રમણ મહર્ષિ તથા સ્વામી યોગાનંદ જેવાં અધ્યાત્મિક વ્યક્તિત્વો સાથે પણ ગાંધીને મુલાકાત અથવા સંપર્કો થયેલા. આમ તરત જ સ્પષ્ટ થાય છે કે ગાંધી કોઈ સંકુચિત રસ્તાના માણસ નહોતા, જ્યાંથી મળે ત્યાંથી સત્યને સમજવાની તેમની તીવ્ર જીજ્ઞાસા હતી અને પ્રયત્નો હતા.

આપણે આગળ વાત કરી ગયા તેમ જગદીશચંદ્ર બોઝ અને એમના સમયના અન્ય ભારતીય વિજ્ઞાનીઓના કાર્યમાં ગાંધીએ ઊંડો રસ લીધેલો. બોઝની સંસ્થાના તો ઉદ્‌ઘાટનમાં પણ તેઓ ખાસ કોલકતા ગયેલા. આટલું જ નહિ, ગુજરાત વિદ્યાપીઠના ખાતમુહૂર્ત માટે તેમણે ડૉ. પ્રફુલ્લચંદ્ર રાયને ખાસ અમદાવાદ આમંત્રિત કરેલા.

આ બધી હકીકતો પરથી એક વાત તો સાવ સ્પષ્ટ થાય છે કે ગાંધી વિજ્ઞાનના વિરોધી હોવાનો તો કોઈ પ્રશ્ન જ રહેતો નથી. દેશના બૌદ્ધિક વર્તુળોમાં આજે પણ આ પ્રકારની જે છાપ છે તે કોઈક અજ્ઞાન અથવા અણસમજનું જ પરિણામ છે અને તેને સત્વરે દૂર કરી નાખવામાં જ આપણને ફાયદો છે. વિજ્ઞાનની સત્યને પામવાની અને શોધવાની પદ્ધતિના તો તેઓ ચાહક હતા અને પોતાનાં બધાં કાર્યોમાં તેમણે તેનો ઉપયોગ કર્યો છે. તેમનું પોતાનું વ્યક્તિત્વ અતિ તર્કયુક્ત હતું, વિચારને તેઓ કર્મની સાથે એટલું જ મહત્ત્વ આપતા અને વૈજ્ઞાનિક વિચાર પદ્ધતિ તથા સંશોધનને તેમણે હંમેશાં ઘણું આદરપૂર્વકનું મહત્ત્વ અને સ્થાન આપ્યું છે, તે અનેક દાખલાઓ પરથી સ્પષ્ટ થાય છે. આ પછી આધુનિક સંસ્કૃતિમાં વિજ્ઞાનનો ઉપયોગ અને વિનિમય તેના વિશે તેમણે સ્પષ્ટ વિરોધ કર્યો, પણ એ તો જુદી જ વાત છે અને તેના પાયામાં એ મહત્ત્વનો મુદ્દો છે કે માણસ યંત્રનો ગુલામ ન બની જાય. આનું ધ્યાન જો આપણે નહિ રાખીએ તો અનેકવિધ કરુણ પરિસ્થિતિઓના ભોગ આપણે બનવું જ રહ્યું, જે આજના આધુનિક જગતમાં હવે વિશેષ અને વિશેષ સ્પષ્ટ થતું જાય છે.

જો આ બધામાંથી ભવિષ્યને માટે આપણે કૈક શીખવું મેળવવું અને કરવું હોય તો એ વિચારવું જોઈએ કે આજે જો ગાંધી આપણી વચ્ચે હોત તો તેમનાં કાર્યો અને

અગ્રતાક્રમો શું હોત. આજનું વિજ્ઞાન જે એકાંગી દિશાઓમાં જઈ રહ્યું છે, માનવ અને માનવતાની પરવા કર્યા સિવાય, તેના વિષે ગાંધીએ શું કહ્યું અને કર્યું હોત તે આપણા વિચાર અને ચિંતનનો વિષય હોવો જોઈએ.

જો એ વિચાર કરીએ અને તેના આધારે આપણો ભાવિ કાર્યક્રમ ઘડીએ તો જ ગાંધીવિચાર અને વિજ્ઞાનની એકાત્મતા તરફ આગળ વધી શકાય, જે આજના યુગની અને સમયની માગ છે. અને તે જ વિશ્વની સમગ્ર માનવતાને તેના કલ્યાણ ભણી દોરી શકશે તેવું મને તો લાગે છે.

એમના પોતાના સમયમાં વિજ્ઞાનના આવિષ્કારોનો ગાંધીએ જે સંકોચ સિવાય પોતાના કાર્ય અને ધ્યેય માટે ઉપયોગ કર્યો હતો તેવું તેઓ આજે પણ કરત તેમ મને લાગે છે. પોતાના સમયમાં તેમણે આઝાદીના ઉપલક્ષમાં ભારતવ્યાપી કાર્ય કર્યું અને આંદોલનો ચલાવ્યાં અને તે માટે તેમણે વિજ્ઞાને જે સગવડો આપી તેનો પૂરો ઉપયોગ કર્યો. આજે હવે આઝાદીનું કાર્ય પુરું થતાં ગાંધી કદાચ વિશ્વવ્યાપી કાર્ય કરત. તેમાં તેઓ આજની કપ્યુટર તથા મોબાઈલ ટેકનોલોજીનો પણ એટલી જ સહજતા અને સરળતાથી ઉપયોગ કરત. આજના પ્રાણપ્રશ્નો વિષે વિશ્વવ્યાપ જાગૃતિ અને આંદોલન જગાડવા ગાંધી જેવી કલ્પનાશીલ વ્યક્તિના હાથમાં આ સાધનો કેવાં અદ્ભુત ઓજારો થઈ પડત તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. આજનો પર્યાવરણનો પ્રશ્ન તેમણે કદાચ પોતાના નિત્ય નવીન અભિગમથી જુદી રીતે જ ઉપાડયો હોત. અર્થકારણ ટકે તેવી માનવીય પાયા પરની પ્રગતિ અને શક્તિના સ્ત્રોતો પર તેમણે ખાસ ધ્યાન પોતાની લાક્ષણિક અદાએ આપ્યું હોત. ગાંધીએ પોતાના જીવન કાળમાં પર્યાવરણ એવો શબ્દ ખાસ વાપર્યો નહોતો પણ વાસ્તવમાં તો પર્યાવરણની કાળજી તેમના પ્રત્યેક કાર્ય વિચાર અને વાણીમાં ટપકતી હતી. કુદરત સાથેની તેમની એકાત્મતા નમૂનારૂપ હતી અને શરીરની કાળજી તથા તેના રોગો મટાડવા માટે પણ તેઓ હંમેશાં કુદરતનો સહારો લેવાનું જ પસંદ કરતા. કુદરતી ઉપચાર વિષે તેમણે ઘણું કાર્ય કર્યું હતું એ તો જાણીતું છે.

પર્યાવરણ સંદર્ભે આજે તો ગાંધીએ પ્રદૂષણ ફેલાવતાં આધુનિક સંસ્કૃતિનાં અનેકવિધ સાધનોની અતિ ઘોર ટીકા કરી હોય અને તેમના સામે જંગ છેડી દીધો હોત. કુદરતના રક્ષણનું સંપૂર્ણ રીતે આંતરરાષ્ટ્રીય મહાઅભિયાન શરૂ કરીને તે માટે તેમણે આજના બધા એ સંચાર સાધનોનો લોકસંપર્ક માટે ઉપયોગ કર્યો હોત. લોક સંપર્કનાં સાધનો જે વિજ્ઞાને આજે આપ્યાં છે તેને, તથા નેનો વિજ્ઞાનને તેમણે કદાચ અહિંસક વિજ્ઞાન તરીકે બિરદાવ્યું હોત. રોકેટ તથા પરમાણુ બોમ્બના વિજ્ઞાનની સરખામણીએ આવા વિજ્ઞાનનો તેઓ પોતાના કાર્ય માટે પૂરેપૂરો ઉપયોગ પણ કરી લેત.

એકવાર આઝાદીની લડતમાંથી સમય મળ્યો હોત તો તરત જ શિક્ષણશાસ્ત્રીઓ તથા વિજ્ઞાનીઓ સાથેના તેમના સંપર્કો અતિ વિશેષ સઘન થયા હોત, તેમાં મને કોઈ શંકા નથી. પાયાના શિક્ષણને તેમને જે મહત્ત્વ આપ્યું છે તેનું આઝાદી પછીની કોઈ સરકારોએ આપ્યું નથી અને આથી જ કેળવણીના ક્ષેત્રે આજે આપણી ઘોર અવદશા છે.

ગાંધીને આપણે ભલે સંત મહાત્મા તરીકે ખપાવી દીધા, ભલે આપણે તેમનું અનુસરણ કર્યા સિવાય જ તેમની પૂજા કર્યા કરી, પણ વિજ્ઞાની ગાંધીને આપણે આજ સુધી કદી ઓળખ્યો પીછાણ્યો નથી તે આપણી મોટી કમનસીબી છે. આપણા વિચારકો, વિદ્વાનો અને ખાસ તો બુદ્ધિજીવી વર્ગે આ વિષે ખાસ ધ્યાન આપીને શીખવાનો સમજવાની આ વાત છે. જે આજ સુધી આપણે કર્યું નથી. તો જ દેશ તથા દુનિયાના ભવિષ્યના મોટાં મોટાં આયોજનોમાં ગાંધીની વાતની અસર થવી શરૂ થશે, જે આજે ઘણાં અને મોટા ભાગના અગત્યના મુદ્દાઓમાં તો નહીવત જ હોય છે. આજે તો આપણે ગાંધીની મહાત્મા તરીકે પૂજા કરીને તેને એક બાજુએ મૂકી દઈએ છીએ. જ્યારે કોઈપણ મહત્ત્વની વાત હોય ત્યારે તેમાં ગાંધીનું તત્વજ્ઞાન ન ચાલે. આવી જ આપણી માનસિકતા હોય છે.

ગાંધીનું વિજ્ઞાની વ્યક્તિત્વ ન સમજવું તે માનવતા અને બધા દેશોનું નુકસાન છે. આજે જેની ખરેખર જરૂર છે એ ગાંધીયન સાયન્સ અને ગાંધીયન કોસ્મોલોજીની. એટલે કે વિજ્ઞાનમાં ગાંધીની દૃષ્ટિનો સમન્વય કરીએ અને ગાંધીની વાત હોય, ગાંધી સાહિત્ય અથવા વિચાર હોય તેને વૈજ્ઞાનિક દૃષ્ટિએ જોતાં તપાસતાં શીખીએ. બ્રહ્માંડને ગાંધીની દૃષ્ટિએ જોતા થવું અને ગાંધીને વિજ્ઞાનની નજરે જોવા એ આજના સમયની માંગ છે. આ માટે ઊંડો વિચાર, સંવાદ અને વિચાર વિનિમય સંપૂર્ણ રીતે આંતરરાષ્ટ્રીય સ્તરે કરવાનો સમય પાકી ગયો છે. તો જ ગાંધીનું વ્યક્તિત્વ દેશ તથા દુનિયાનાં કર્મોમાં અને ભવિષ્યમાં પ્રતિબિંબિત થવાની શરૂઆત થશે!

(પ્રોવોસ્ટ, ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ચારૂસેટ, ચાંગા)

॥ ભાવાનુવાદ ॥

## જાનના જોખમે...

લે. કોસ્ટારિકા  અનુ. હરિત પંડયા

જુલાઇની એ રાતે ચાર ઘોડેસવારો મારતે ઘોડે ધોરી માર્ગ પરથી પસાર થઇ રહ્યા હતા. એ લોકો થોડી વારમાં સાન એન્ટોનિયો આવી પહોંચ્યા. અહીં તેઓ થોડો સમય રોકાયા.

''અહીંથી આપણે છૂટા પડવું પડશે'' ચારમાંના એક અસવારે કહ્યું. છૂટા પડતા પહેલાં બે અસવારો સાલ્વાડોરને ભેટ્યા.

''આવજો. ગુડ બાય!'' સાલ્વા ડોરે છૂટા પડતા સાથીઓને કહ્યું.

ઉષ્માભર્યા આલિંગન પછી તેઓ ભિન્ન ભિન્ન દિશામાં પોતાના અશ્વો હંકારી ગયા.

જે બે અસવારો ધોરી માર્ગ પર આગળ વધી રહ્યા હતા, એમને રાજના સૈનિકોનો ભેટો થઇ ગયો. સૈનિકો એમને બંદી બનાવીને લશ્કરી છાવણીમાં લઇ ગયા.

બીજા બે અસવારોનું નસીબ સારું હતું. સાન એન્ટોનિયોથી આગળનો એમનો પ્રવાસ એમણે કોઇપણ જાતની મુશ્કેલી વિના જારી રાખ્યો. એમના માર્ગ પર ચોમેર ગાઢ અંધકારનું સામ્રાજ્ય વ્યાપેલું હતું. અંધકારમાં તેઓ ક્યાં જઇ રહ્યા છે એનો કશો ખ્યાલ એમને આવતો નો'તો. એમણે એમના ઘોડાઓની લગામ ઢીલી મૂકી દીધી. ઘોડા એમની મરજી મુજબ ચાલતા રહ્યા.

આગલી રાતે સૈનિકો પર કરવામાં આવેલ હુમલામાં સાલ્વાડોરે મહત્ત્વનો ભાગ ભજવેલો. એ કારણે સૈનિકો ચારેકોર એની શોધમાં લાગી ગયેલા.

શાસકો સામેનો ક્રાન્તિકારીઓનો બળવો નિષ્ફળ ગયો હતો. નજીકના વિસ્તારોમાંથી, એમની ધારણા મુજબની કુમક એમને સમયસર પ્રાપ્ત થઇ શકેલી નહીં. એ કારણે એમનો પરાજય નિશ્ચિત હતો. એ સંજોગોમાં એમને, અથડામણના સ્થળેથી ભાગી છૂટવા સિવાય બીજો કોઇ આરો નો'તો. આ અથડામણમાં ઘણાં ક્રાન્તિકારીઓ શહીદ થયેલા.

સાલ્વાડોરનો સાથી એને માર્ગમાં ઘણાં પ્રશ્નો પૂછતો રહ્યો. એણે પેડ્રોના પ્રશ્નોના જવાબો આપવાનું ટાળ્યું. એ આગલી રાતે ઘટેલી ઘટનાઓ વિશે વિચારતો રહ્યો.

એ રાતે યોજાયેલી મીટિંગમાં, જેમની ઉપસ્થિતિ અપેક્ષિત હતી એ ફરક્યા જ નહીં. દગાની આશંકા, આશંકામાંથી જન્મેલી ભયની લાગણી, સૈનિકો સાથેની અથડામણમાં ક્રાન્તિકારીઓની મોટા પાયે થયેલી ખુવારી,.... આ બધું એના માનસ પટ પર ઘૂમરાતું રહેલું.

અથડામણમાં થયેલ ખૂનખરાબી બાબતે એનો અંતરાત્મા એને ડંખતો રહ્યો. એ ભારે લાગણીશીલ અને સંસ્કારી હતો. આવી અથડામણોમાં થતા પાશવી શક્તિના પ્રદર્શનને એ ધિક્કારતો. સાથે સાથે, રાજ્યના એકહથ્થુ શાસકોના જુલ્મો સામે ઝૂકી જવાની એની તૈયારી નો'તી, રાજ્ય સામેના બળવામાં એને ગુલામીની ઝૂંસરી દૂર થવાનાં એંધાણ વરતાતાં હતાં. એમાં એને દેશના હણાએલ આત્મસન્માનનું વેર લેવાતું હોય એમ લાગતું. દેશની આઝાદી માટે પોતાની જિંદગીની આહુતિ આપવા એ તલસી રહેલો. ક્રાન્તિના હિમ્મતભર્યા પ્રયાસને નિષ્ફળ બનાવનારાઓને એ મનોમન ધિક્કારતો રહ્યો. એના સાથીઓની શહીદી એળે જવા બદલ એ દુઃખી દુઃખી થઇ ગયેલો. રણભૂમિમાં ગંભીર રીતે ઘાયલ થઇને પડેલ એના કેટલાય સાથીઓને એણે જાનના જોખમે ઉપાડીને સલામત સ્થળે પહોંચતા કરેલા.

રાત્રે ત્રણેકને સુમારે સાલ્વાડોર, પેડ્રો સાથે Atenas માંથી પસાર થયો. છ એક વાગે એ લોકો સાન મેટીઓના દરવાજે આવી પહોંચ્યા, પણ હવે એમના ઘોડા થાક્યા હતા. અહીં સુરૂબ્રાસના મેદાનમાં વસતા એકાદ વિશ્વાસુ પરિચિતને ત્યાં છુપાઇને આખો દિવસ પસાર કરવાનું સાલ્વાડોર વિચારી રહ્યો, પણ એનો એ પ્લાન સફળ થાય એવું એને લાગ્યું નહીં. કારણ કે બન્નેએ, ગામડિયાનો પોષાક ધારણ કરેલો હોવા છતાં એમની શોધમાં નીકળેલા સૈનિકો દ્વારા ઝડપાઇ જવાની પૂરી સંભાવના હતી.

''ડોન સાલ્વાડોર, અહીંથી સહેજ દૂર મારા એક ઓળખીતા રહે છે. એના પર આપણે જરૂર વિશ્વાસ મૂકી શકીએ. જો તમે ઇચ્છતા હો તો આપણે એને ત્યાં આશરો લઇએ.'' પેડ્રોએ કહ્યું એ આ વિસ્તારથી સારો એવો પરિચિત હતો.

''એમ કરીએ'' સાલ્વાડોરે કહ્યું.

એ પછી બન્નેએ એમના ઘોડા એ દિશામાં વાળ્યા. થોડી વારમાં બન્ને આસવારો ધોરી માર્ગથી થોડે અંતરે રહેતા પેડ્રોના ઓળખીતાને નિવાસે આવી પહોંચ્યા. નિવાસનો દરવાજો ખુલ્લો હતો. અસવારો દરવાજાની અંદર પ્રવેશ્યા, એટલે બે કૂતરાઓએ ભસીને એમનું સ્વાગત કર્યું. કૂતરા બાંધેલા હતા એટલું વળી સારું હતું. કૂતરાના ભસવાનો અવાજ સાંભળીને એક આધેડ વયનો ગ્રામવાસી

વરંડામાં દેખાયો.

''ગુડ મોર્નિંગ!'' પેડ્રોએ આધેડનું અભિવાદન કરતાં કહ્યું.

''ગુડ મોર્નિંગ!'' આવો, અચાનક આ તરફ ક્યાંથી? કહી પેડ્રોના પરિચિતે બેયને આવકાર્યા.

''અહીંથી પસાર થતા હતા, થયું, મળતા જઈએ તમને. તબિયત તો સારી છે ને તમારી? બન્ને દીકરીઓ મજામાં?'' પેડ્રોએ યજમાનની ખબર અંતર પૂછતાં કહ્યું.

સાલ્વાડોર તો ખૂબ થાકી ગયેલો. દરવાજામાં પ્રવેશતાં જ એ ઘોડા પરથી ઊતરીને વરંડામાં પડેલી ખાટ પર લાંબો થઈને સૂઇ ગયો. એ ખાટ પર આરામ ફરમાવતો હતો એ દરમ્યાન પેડ્રો તથા એના ઓળખીતા નોર જોસે બન્ને ઘોડાઓનાં જીન છોડ્યાં.

''મારા સાથીદારને એક આદમી સાથે ઝઘડો થયેલો. ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં બન્ને પક્ષે હથિયારો ખેંચાયાં. એમાં સામે વાળાનું ઢીમ ઢળી ગયું. પોલીસોને એની જાણ થતાં તેઓ મારા સાથીદારને શોધી રહ્યા છે,'' પેડ્રોએ નોરને કહ્યું. એણે એના સાથીદાર વિશેની આ વાત ઉપજાવી કાઢેલી.

નોર જોસે ઘટનાની વિગતો જાણવાનો આગ્રહ ન રાખ્યો. એણે પોતાના નિવાસમાં આશ્રય લઇ રહેલ ભાગેડુ વિશે મૌન સેવવાનું વચન પેડ્રોને આપ્યું.

નોરથી છૂટા પડ્યા પછી પેડ્રો ઘોડાઓને નજીકના ઘાસના મેદાનમાં લઇ ગયો. અહીં ભૂખ્યા થયેલ ઘોડા નિરાંતે ઘાસ ચરતા રહ્યા.

નોર જોસની નાની દીકરી સાલ્વાડોર માટે ગરમાગરમ કોફી લઇ આવી. સાલ્વાડોરે એનો સહર્ષ સ્વીકાર કર્યો. કોફી પીધા પછી એ બગાસાં ખાવા લાગ્યો એને બગાસાં ખાતો ભાળીને નોર એને પોતાના શયન-ખંડમાં લઇ ગયો. સાલ્વાડોર શયનખંડમાંના એક કોટ પર સૂઇ ગયો. થોડીવારમાં તો એ ઘસઘસાટ ઊંઘી ગયો. રાત પડી છતાંય એ ઊઠ્યો નહીં થાક અને માનસિક તણાવને કારણે એનું આખું શરીર દુઃખતું હતું.

ઘોડાઓને ચરાવ્યા પછી પેડ્રો એમને, ગામની નજીકથી વહેતી નદીએ લઇ ગયો અને એમને બરાબર નવરાવ્યા. એ કામ પતાવ્યા પછી એય સૂઇ ગયો.

સાન મેટ્રોના દેવળનો ઘંટારવ સંભળાતાં જ પેડ્રો જાગી ગયો. એણે સાલ્વાડોરનેય જગાડ્યો. એને જગાડવાનું સહેલું નો'તું. પેડ્રોએ એને ખાસી વાર સુધી ઢંઢોળ્યો ત્યારે એ જાગ્યો. એણે જાગીને આસપાસ નજર નાખી. પોતે ક્યાં હતો એનો એને ખ્યાલ ન આવ્યો. પેડ્રોએ એને આગળની મુસાફરીની યાદ અપાવી ત્યારે જ એને પરિસ્થિતિનું ભાન થયું. એ મહામુશીબતે કોટમાંથી ઊઠ્યો. એનો દુઃખાવો હજી શમ્યો ન'તો. નોર જોસે એની સામે શરાબનો જામ ધર્યો. શરાબ પીધા પછી એનામાં સ્ફુર્તિનો સંચાર થયો. નોરની નાની દીકરીએ એને માટે થાળીમાં પીરસેલ ભોજનની સોડમે એને યાદ અપાવી કે પોતે છેલ્લા કેટલાંય કલાકોથી કશું ખાધું નો'તું.

સાલ્વાડોર જમતો હતો એ દરમ્યાન નોર એની સામે બેસીને એનું નિરીક્ષણ કરી રહ્યો હતો. એની નજર, સાલ્વાડોરે પહેરેલ ટૂંકા જેકેટ પર પડી. એને ખ્યાલ આવી ગયો કે સાલ્વાડોર આવું જેકેટ પહેરવા ટેવાયેલા નહીં હોય. જે ચીવટથી પેડ્રો એના સાથીદારની સંભાળ લઇ રહ્યો છે. તથા જે આદર-સન્માનથી એ એની સાથે વર્તી રહ્યો છે એના પરથી નોરને લાગ્યું કે પેડ્રોનો સાથી કોઇ ખાનદાન પરિવારનો નબીરો હોવો જોઇએ. પણ પછી, પોતાનો મહેમાન કોણ છે, એ શું કરે છે, એવી બધી બાબતો સાથે પોતાને શી લેવા દેવા? એમ વિચારી નોર પોતાને કામે લાગ્યો.

પોતાના યજમાનની વિદાય લેતા પહેલાં સાલ્વાડોરે એની નાની દીકરીને પાંચ ડોલરની નોટ આપી ત્યારે સાલ્વાડોર વિશેની નોરની ધારણાને વિશેષ બળ મળ્યું.

ત્યાં, પેડ્રોએ એના સાથીને જાણ કરી કે એમની આગળની સફર માટે ઘોડા તૈયાર છે.

છૂટા પડતાં પહેલાં સાલ્વાડોરે નોર સાથે હાથ મીલાવ્યા અને નોરે એ બેયની ઉષ્માભેર કરેલી સરભરા બદલ એનો આભાર માન્યો. બેયની આગળની સફર સુખમય નીવડે એવી શુભેચ્છા સાથે નોરે એમને વિદાય આપી.

સાલ્વાડોરે અને પેડ્રોએ વરંડાની બહાર માંડ પગ મૂક્યો હશે ત્યાં, એક છોકરી દોડતી આવી અને એણે સમાચાર આપ્યા કે નોરની મોટી દીકરીને અકસ્માત થયો છે. એના રૂમમાં એને ઠોકર વાગતાં એ ભોંય પર પટકાઇ પડી ને એને ખાસું વાગ્યું છે.

નોર જૉસની મોટી દીકરી પ્રેગ્નન્સિના છેલ્લા સ્ટેજમાં હતી, એ કારણે ઠોકર વાગતાં પડી જવાથી એની તબિયત ચિંતાજનક રીતે કથળી ગયેલી.

દીકરીના અકસ્માતની જાણ થતાં જ નોર તો બરાબરનો ગભરાઇ ગયો. સાલ્વાડોરે એને સાંત્વના આપતાં, ડોક્ટરને તાબડતોબ બોલાવવાની સલાહ આપી.

''અમારા ગામમાં એકે ડોક્ટર નથી. નજીકના

શહેરમાંથી ડોક્ટર આવે ત્યાં સુધીમાં તો મારી દીકરી...'' નોરથી આગળ બોલી શકાયું નહીં.

''હું પોતે ડોક્ટર છું. ચાલો આપણે દરદીને જોઇએ.'' સાલ્વાડોરે કહ્યું. નોરની ખુશીનો પાર ન રહ્યો. એને થોડી નવાઇ લાગી. એનાથી લાગણીવશ થઇ જવાયું. સાલ્વાડોરનો મનોમન આભાર માનતો એ એટલું જ બોલી શક્યો. ''ભગવાન તમારું ભલું કરશે'' એ પછી નોર સાલ્વાડોરને દીકરીના રૂમમાં લઇ ગયો.

આ બાજુ પેડ્રોની ચિંતા વધી પડી. એણે સાલ્વાડોરને બાજુમાં બોલાવીને ધીમા સૂરમાં કહ્યું કે જે દરદીનો ઇલાજ કરવા એ તત્પર થયો છે એના પતિએ જ એને પકડવાનો હુકમ આપ્યો છે. જવાબમાં સાલ્વાડોરે કહ્યું, ''હું એક ડોક્ટર છું જરૂરિયાતમંદ દરદીઓને ટ્રીટ કરવાની મારી નૈતિક ફરજ છે. આપણા યજમાનની દીકરીની સારવાર તો મારે સામે ચાલીને કરવીજોઇએ.''

નોરની દીકરીની માંદગીના સમાચાર સાંભળતાં જ એના પડોશીઓ એના નિવાસે ઊમટી પડ્યા. સાલ્વાડોરના પોશાક પરથી બધાંને લાગ્યું કે આ કોઇ લેભાગુ ડોક્ટર લાગે છે. ગામડાંની અભણ પ્રજાના અજ્ઞાનનો ગેરલાભ ઉઠાવીને એ એનું પેટિયું રળી ખાતો હશે.

સાલ્વાડોરે પીડાથી કણસતી નોરની મોટી દીકરીને તપાસી. એને લાગ્યું કે કેસ થોડો ગંભીર છે. આમ છતાં એ સુધરી શકવાની પૂરી શક્યતા એને જણાઇ. એણે દરદીને પીડામાંથી મુક્ત કરવા જરૂરી તમામ ઇલાજો આરંભી દીધા. દરદીની સારવાર દરમ્યાન એ માત્ર દરદીનો જ વિચાર કરતો રહ્યો.

તક મળતાં પેડ્રોએ સાલ્વાડોરને ચેતવ્યો કે અહીં ઝાઝો વખત રોકાવામાં ભારે જોખમ રહેલું છે. એની વાત પર ધ્યાન આપ્યા વિના સાલ્વાડોર એનું કામ કરતો રહ્યો.

સાલ્વાડોરની સારવારને પ્રતાપે દરદીના સ્વાસ્થ્યમાં સુધારો વરતાવા લાગ્યો. એ જોઇને નોરે તથા એના પરિવારજનોએ રાહતનો દમ ખેંચ્યો. ત્યાં એકત્રિત થયેલ સૌને શરાબ પીવડાવીને એણે પોતાની ખુશી પ્રગટ કરી. શરાબની અસર નીચે બધાં આડીતેડી વાતે ચડયાં. કેટલાંક ક્રાન્તિ વિશે વાતો કરવા લાગ્યા. નોર જોસ એકાકી જિંદગી ગુજારતો. એ આવી તેવી બાબતોથી અલિપ્ત રહેતો. એણે ભેગા થયેલાઓમાંથી એકાદને ક્રાન્તિ વિશે પૂછયું, ખાસ તો એને એના દીકરા વિશે જાણવું હતું. દીકરો રાજના સૈન્યમાં જોડાયેલો હતો. જોસનો જમાઇ ત્યાં હાજર હતો. જોસના જમાઇએ કહ્યું કે પોતે તાર કરીને એના સમાચાર મેળવી આપશે.

થોડીવારે જમાઇ પર લાંબો તાર આવ્યો. એ વાંચતા એનો હાથ ધ્રૂજવા લાગ્યો. એનું મોં પડી ગયું. એ જોઇને બધાં ચોકી ઊઠયાં. અને તારમાંના સમાચાર વિશે પૂછવા લાગ્યાં. એમને કશો જવાબ આપ્યા વિના જમાઇ એના સસરાને બાજુના રૂમમાં લઇ ગયો અને એને જણાવ્યું કે ક્રાન્તિકારીઓ સાથેની અથડામણમાં એનો દીકરો મૃત્યુ પામ્યો છે. દીકરાને હણ્યા પછી એનો હત્યારો અહીંથી બીજા દેશમાં રવાના થવા એ અથડામણના સ્થળેથી ભાગી છૂટ્યો છે. દીકરાને હણનાર ડૉક્ટર સાલ્વાડોર છે, એમ પણ તારમાં જણાવવામાં આવેલું.

એ સમાચાર સાંભળતાં નોરે ભારે આઘાત અનુભવ્યો. એ હૈયાફાટ રડી પડયો અને ખુરસીમાં ફસડાઇ પડયો.

થોડીવારે એ ખુરસીમાંથી ઊભો થયો. એનો ક્રોધ સાતમે આસમાને પહોંચી ગયો. એમી આંખોમાંથી અંગારા ઝરતા રહ્યા. અર્ધ પાગલની જેમ એ બબડતો રહયો.

"સાલ્વાડોર મોરેનો ! એ હત્યારાનું નામ મારાથી કયારેય ભુલાશે નહી."

આ બધો વખત દરમ્યાન સાલ્વાડોર એના દરદીની સારવાર કરતો રહેલો. એ દરદી પાસેથી ખસ્યો નહીં. એ દરદીને હિમ્મત આપતો રહયો.

ત્યાં, એક મહિલા નોર પાસે આવી અને એને સમાચાર આપ્યા કે એની મોટી દીકરીએ એક તંદુરસ્ત અને એના જેવા રૂપાળા પુત્રને જન્મ આપ્યો છે, તથા બન્નેની તબિયત સારી છે. એ સાંભળતાં જ નોર તથા એનો જમાઇ દીકરીના કક્ષ તરફ ઉતાવળે પગલે જવા લાગ્યા.

આ બાજુ પેડ્રોની ચિંતા વધતી જતી હતી. દીકરીના રૂમમાં જઇ રહેલા નોરને એણે કહયું,

"સાલ્વાડોરને કહો કે અહીં ઝાઝું રોકાવામાં જોખમ રહેલું છે. અમારે અહીંથી ઝટ રવાના થઇ જવું પડશે."

સાલ્વાડોરે ધારણ કરેલા ખોટા નામને બદલે એનું અસલ નામ પેડ્રોથી નોરની હાજરીમાં ઉચ્ચારાઇ ગયું, ભૂલથી.

સાલ્વાડોરનું નામ સાંભળતાં જ નોર ચોંકી ઊઠયો.

"હં ! એટલે ડોકટર સાલ્વાડોર પોતે જ છે ! મારા દીકરાનો હત્યારો સાલ્વા ડોર નોર મનોમન બબડ્યો.

પછી એ એના રૂમમાં ગયો, અને ખૂણામાં ખીંટીએ ભેરવેલ ખંજર મ્યાનમાંથી બહાર ખેંચી કાઢીને એ મોટી દીકરીના કક્ષ તરફ ધસી ગયો.

એજ ક્ષણે રુમનું બારણું ખુલ્યું. નોરે અંદર નજર કરી. એની દીકરીને એણે કોટમાં નિરાંતે સૂતેલી જોઇ. એના ફિક્કા પડી ગયેલા હોયે પર મજાનું સ્મિત ફરકી રહયું હતું. સાલ્વાડોર શર્ટની બાંચો ચડાવીને નવજાત શિશુને ટબમાં નવરાવી રહયો હતો.

ઓરડામાંનું દશ્ય જોઇને નોર બારણામાં જ થંભી ગયો. એનો ક્રોધ શમી ગયો. એનામાં જાગેલી પ્રતિશોધની લાગણી ચાલી ગઇ. નવજત શિશુને ટબમાં નવડાવી રહેલ સાલ્વાડોરને એ હેતભરી નજરે જોતો રહયો. સાલ્વાડોર એના દીકરાનો હત્યારો હતો, તો બીજી બાજુ એ જ વ્યકિતએ એની દીકરી તથા એના સંતાનને મોતના મુખમાંથી ઉગાર્યાં હતા. નોર વિચારી રહયો.

બાળકનું રુદન, પોતાની જનેતાને મરતી બચાવનાર માટે ક્ષમા યાચના કરી રહયું હોય એવું નોરને લાગ્યું. એ એના રૂમમાં પાછો ફર્યો અને હાથમાંનું ખંજર ફરી ખીંટી પર લટકાવી દીધું. એ પછી એ ફરી દીકરીના રૂમમાં ગયો અને સાલ્વાડોર પાસે જઇને એણે એને કહયું.

“સાલ્વાડોર, મહેરબાની કરીને તમે અહીંથી ઝટ રવાના થઇ જાઓ, કારણ કે અહીં તમે સલામત નથી. તમારી જાન જોખમમાં છે અહીં.'' આટલું કહીને એ ત્યાંથી ચાલ્યો ગયો.

(૨૧, મેઘાનગર, પવનચકકી રોડ, નડિયાદઃ ૩૮૭૦૦૨
મો.૯૪૨૮૬૯૯૮૫૪)

કોસ્ટારિકાના લેખક, રિકાર્ડો ગાર્સિયા કૃત,
વાર્તા:“શિવલ રી”નું સંક્ષિપ્ત રૂપાન્તર

પ્રદૂષણને અટકાવો,
જીવન સુરક્ષિત બનાવો,

કુદરતી સ્ત્રોતોને બચાવો,
દેશને ઉન્નત બનાવો,

દેશની વસતીમાં કરો ઘટાડો
તો પર્યાવરણમાં થાય સુધારો.

સૌજન્ય- ડૉ. શારદા જોશી,
એસ.એમ. પટેલ કોલેજ ઓફ હોમસાયન્સ, વિ.વિ.નગર

## નલિની આર્ટ્સ કોલેજમાં સમાજશાસ્ત્ર વિભાગના ઉપક્રમે વ્યાખ્યાન યોજાયું

વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારુતર વિદ્યાનગર સંચાલિત નલિની આર્ટ્સ કોલેજના સમાજશાસ્ત્ર વિભાગના ઉપક્રમે મહિલા સશક્તિકરણ વિષય પર સરદાર પટેલ યુનિવર્સિટિના સમાજશાસ્ત્ર વિભાગના વિભાગાધ્યક્ષ ડો.રમેશભાઈ મકવાણાનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોલેજના આચાર્ય ઘનશ્યામસિંહ ગઢવી અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહ્યા હતા.

મહેમાનોનું સ્વાગત અને પરિચય કોલેજના સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડો. નિલેષ બારોટે આપ્યો હતો.

પ્રસંગોચિત ઉદબોધન કરતાં ડો.રમેશ મકવાણાએ જણાવ્યુ હતું કે, વિશ્વની અર્ધી વસ્તી આજે પણ પરતંત્ર છે. મહિલાઓ વિશ્વમાં અડધી જનસંખ્યાનું બળ ધરાવે છે. આદિકાળથી સ્ત્રીઓ સમાજમાં પુરુષો કરતાં ઓછો મહત્વનો દરજ્જો ધરાવે છે. વર્તમાન આધુનિક યુગમાં સ્ત્રીઓએ શિક્ષણ પ્રાપ્ત કરીને પોતાની શક્તિનો વિશ્વને પરિચય કરાવ્યો છે. સ્ત્રીને તેના અધિકારોથી વંચિત રાખી શકાય નહીં, સ્ત્રી સામાજિક, આર્થિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક ક્ષેત્રે સ્વતંત્ર બને તે સામયની માંગ છે. આજે પણ ઘણી સ્ત્રીઓ હજુ પણ પછાત અવસ્થામાં જીવે છે તેવી સ્ત્રીઓને સશક્ત બનાવવી તે આપની ફરજ છે.

કોલેજના આચાર્ય ઘનશ્યામસિંહ ગઢવીએ તેઓના અધ્યક્ષીય ઉદબોધનમાં જણાવ્યુ હતું કે, આજે મહિલાઓ અનેક ક્ષેત્રે ટોચ પર બિરાજમાન છે. બહેનોએ તેઓની શક્તિને ક્યારેય ઓછી આંકવી નહી. તમે એટલા શક્તિ સંપ્પન છો કે ધારો તે સ્થાન પ્રાપ્ત કરી શકો છો. હાં એ સાચું છે કે આપણે જોઈએ તેટલા પ્રમાણમા સ્ત્રીઓને સશક્ત કરી નથી શક્યા પરંતુ તે સમય દૂર નથી જયારે સ્ત્રીઓ દરેક ક્ષેત્રે પુરુષોના કદમથી કદમ મિલાવતી હશે.

કાર્યક્રમની આભાર વિધિ અને સંચાલન ડો. મહેશ પરમારે કર્યું હતું.

॥ રમત-જગત ॥

# ઓસ્ટ્રેલિયન ઓપન ચેમ્પિયનશીપ-૨૦૧૯

**પી.ડી. શર્મા**

દર વર્ષની જેમ આ વર્ષે પણ ટેનિસની પ્રથમ ગ્રાન્ડસ્લેમ ઓસ્ટ્રેલિયન ઓપન ચેમ્પિયનશીપનું આયોજન ૧૪ જાન્યુઆરીથી ૨૭ જાન્યુઆરી દરમિયાન ખૂબ જ સફળ રીતે મેલબોર્ન પાર્ક મુકામે કરવામાં આવ્યું હતું. ગ્રાન્ડસ્લેમની આ પ્રથમ ટુર્નામેન્ટ હોવાને કારણે વિશ્વના બધા જ ટેનિસ ખેલાડીઓને એમાં રમવાની ખૂબ જ ઉત્સુકતા હોય છે. આ વર્ષે ઓસ્ટ્રેલિયન ઓપનમાં પુરુષ વિભાગમાં સર્બિયાના નોવાક યોકોવિચને ટોપસીડનું સ્થાન આપવામાં આવ્યું હતું. અને મહિલા વિભાગમાં રોમાનિયાની સિમોના હાલેપને ટોપસીડનું સ્થાન આપવામાં આવ્યું હતું.

**ડિફેન્ડિંગ ચેમ્પિયન્સ**

આ વર્ષે પણ પુરુષોમાં સ્વિત્ઝરલૅન્ડના રોજર ફેડરર તથા ડેન્માર્કની કેરોલિન વોઝનિઆકી ડિફેન્ડિંગ ચેમ્પિયન તરીકે પોતાનું ટાઇટલ જાળવી રાખશે એવી બધાને આશા હતી. પરંતુ બન્ને ખેલાડીઓ ક્વાર્ટર ફાઇનલ પહેલાં જ હારી ગયાં હતાં. અને તેથી જ આ વર્ષે પુરુષ વિભાગમાં કેઇ નિશિકોરી, નોવાક યોકોવિચ, રાફેલ નડાલ તથા લુકાસ પોઉલી ટાઇટલ જીતવા માટે હોટ ફેવરિટ હતા. એવી રીતે જ મહિલા વિભાગમાં સેરેના વિલિયમ્સ, સિમોના હાલેપ, એંજેલિક કેર્બર, નાઓમી ઓસાકા તથા પેટ્રા ક્વિટોવા ટાઇટલ જીતવા માટે હોટ ફેવરિટ હતાં.

**મેજર અપસેટો**

આ વર્ષે ઓસ્ટ્રેલિયન ઓપનમાં કેટલાક અપસેટો સર્જાયા હતા. દા.ત. રશિયાની મારિયા શારાપોવાએ મહિલા ડિફેન્ડિંગ ચેમ્પિયન ડેન્માર્કની કેરોલિન વોઝીનિઆકીને હરાવીને મેજર અપસેટ સર્જ્યો હતો. એવી રીતે જ ગ્રીસના ખેલાડી સ્ટેફાનોસ સિત્સિપાસે સ્વિત્ઝરલેન્ડના ડિફેન્ડિંગ ચેમ્પિયન રોજર ફેડરરને હરાવીને અકલ્પનીય સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. એવી રીતે જ આ વર્ષે મહિલા વિભાગમાં સેરેના વિલિયમ્સ, સિમોના હાલેપ,એન્જેલિક કેર્બર, કારોલિના પ્લીસેકોવા જેવી મહિલા ખેલાડીઓ સેમિફાઇનલ સુધીમાં હારી ગઇ હતી. આ રીતે જ એન્ડીમેર, કોઇ નિશિકોરી, સ્ટાન નાવરિન્કા, મરિન સિલીક જેવા ખેલાડીઓ પણ સેમિફાઇનલ સુધીમાં હારી ગયા હતા. આ વર્ષે નવોદિત ખેલાડીઓ જેવા કે ગ્રીસના સ્ટેફાનોસ સિત્સિપાસ તથા અમેરિકાના ટિએફોએ અકલ્પનીય રીતે સારો દેખાવ કર્યો હતો.

**ભારતનો દેખાવ**

આ વર્ષે ઓસ્ટ્રેલિયન ઓપનમાં ભારતના લેજન્ડરી ટેનિસ ખેલાડી લિએન્ડર પેસે 'મિક્સ ડબલ્સ'માં ઓસ્ટ્રેલિયાની સામંથા સ્ટોસુર સાથે જોડી બનાવી હતી. તથા પ્રથમ રાઉન્ડમાં નેધરલૅન્ડના વેસ્લી ખૂલ્હોફ તથા ચેક રિપાબ્લેકની ક્વેટા પેસ્ચેકની જોડીને હરાવીને ખૂબ જ સારી રાહત કરી હતી, પરંતુ બીજા રાઉન્ડમાં લિએન્ડર પેસ તથા સ્ટોસુરની જોડી જર્મનીની એના-લેન ગારાફેલ્ડ તથા રોબર્ટ ફરાહની જોડી સામે હારી ગઇ હતી. એવી રીતે જ આ વર્ષે લિએન્ડર પેસે મેક્સિકોના મિગ્યુલ એન્જેલ રેપેસ-વારેલા સાથે 'મેન્સ ડબલ્સ'માં રમવા ઊતર્યો હતો. અને તેઓ પહેલા જ રાઉન્ડમાં હારી ગયા હતા. આ રીતે આ વર્ષે ઓસ્ટ્રેલિયન ઓપનમાં ભારતનો દેખાવ ખૂબ જ સામાન્ય રહ્યો હતો.

**વિમેન્સ સિંગલ્સ ફાઇનલ**

આ વર્ષે ઓસ્ટ્રેલિયન ઓપનમાં 'વિમેન્સ સિંગલ્સ'ની ફાઇનલ સ્પર્ધા જાપાનની ૨૧ વર્ષની યુવા મહિલા ખેલાડી નાઓમી ઓસાકા તથા ચેક રિપબ્લિકની ૨૮ વર્ષીય પેટ્રાકિવટોવા વચ્ચે રમાઇ હતી. ફાઇનલમાં નાઓમી ઓસાકાએ અકલ્પનીય રમત રમીને પેટ્રોકિવટોવાને હરાવીને ઇતિહાસ સર્જ્યો હતો તથા આ રીતે પહેલી જ વાર જાપાનની કોઇ મહિલા ખેલાડીએ ઓસ્ટ્રેલિયન ઓપન ચેમ્પિયનશીપ જીતી હતી. આ રીતે જ ગયા વર્ષે સપ્ટેમ્બર, ૨૦૧૮માં 'યુએસ ઓપન ચેમ્પિયનશીપ' જીતીને પણ ઓસાકાએ અકલ્પનીય ઇતિહાસ સર્જ્યો હતો. હકીકતમાં સપ્ટેમ્બર ૨૦૧૮ થી જ તેઓ આ વર્ષની પ્રથમ ગ્રાન્ડસ્લેમ એટલે કે ઓસ્ટ્રેલિયન ઓપન ચેમ્પિયનશીપ જીતે તે માટે સતત અને સખત પ્રેક્ટિસ કરતા હતા. આ સતત પ્રેક્ટિસને કારણે જ તેઓએ આ વર્ષે ઓસ્ટેલિયન ઓપન ચેમ્પિયનશીપ જીતી હતી અને સાથે સાથે ડબ્લ્યુટીએ રેન્કિંગમાં વિશ્વની નંબર વન ટેનિસ સ્ટાર તરીકેનો તાજ પણ પોતાના નામે કર્યો હતો. એટલું જ નહિ પણ ઓસાકા ડબલ્યુટીએ રેન્કિંગના ઇતિહાસમાં પહેલી એવી જાપનીઝ ખેલાડી બની છે કે જેણે વર્લ્ડ રેન્કિંગમાં નંબર વનનું સ્થાન હાંસલ કર્યું હોય. ઓસાકાએ આ સાથે સતત બીજું ગ્રાન્ડસ્લેમ જીત્યું હતું. કારણ કે સપ્ટેમ્બર ૨૦૧૮ માં તેઓએ 'યુએસ ઓપન ચેમ્પિયનશીપ' જીતી હતી.

**મેન્સ સિંગલ્સ ફાઇનલ**

આ વર્ષે ઓસ્ટ્રેલિયન ઓપનમાં 'મેન્સ સિંગલ્સ'ની મેચ ખૂબ જ અનુભવી ખેલાડીઓ જેવા કે

સ્પેનના રાફેલ નડાલ અને સર્બિયાના નોવાક યોકોવિચ વચ્ચે રમાઈ હતી. આ મેચ ખૂબજ રોમાંચક બનશે એવી બધાને આશા હતી. પરંતુ નોવાક યોકોવિચે સહેલાઈથી સીધા ત્રણ સેટોમાં ૬-૩, ૬-૨,૬-૩ થી નડાલને હરાવીને કારકિર્દીના રેકોર્ડ સાતમા ઓસ્ટ્રેલિયન ઓપનની સાથે સાથે ૧૫ મું ગ્રાન્ડસ્લેમ ટાઇટલ હાંસલ કર્યું હતું. એટલું જ નહિ પણ સર્બિયન સ્ટાર યોકોવિચે આ ઓસ્ટ્રેલિયન ઓપનની સાથે સતત ત્રીજું ગ્રાન્ડસ્લેમ પોતાના નામે કરીને ફરી ટેનિસ જગત પર પોતાનો દબદબો પ્રસ્થાપિત કર્યો છે. કારણ કે ગતવર્ષ ૨૦૧૮માં તેઓએ જુલાઈમાં વિમ્બલ્ડન તથા સપ્ટેબરમાં યુએસ ઓપન ચેમ્પિયનશીપ જીતી હતી.

છેલ્લા દસકાના ઓસ્ટ્રેલિયન ઓપનના વિજેતાઓ

| **વર્ષ** | **પુરુષો** | **દેશ** |
|---|---|---|
| ૨૦૧૦ | રોજર ફેડરર | સ્વિત્ઝર લેન્ડ |
| ૨૦૧૧ | નોવાક યોકોવિચ | સર્બિયા |
| ૨૦૧૨ | નોવાક યોકોવિચ | સર્બિયા |
| ૨૦૧૩ | નોવાક યોકોવિચ | સર્બિયા |
| ૨૦૧૪ | એસ.વાવરિન્કા | સ્વિત્ઝરલેન્ડ |
| ૨૦૧૫ | નોવાક યોકોવિચ | સર્બિયા |
| ૨૦૧૬ | નોવાક યોકોવિચ | સર્બિયા |
| ૨૦૧૭ | રોજર ફેડરર | સ્વિત્ઝરલેન્ડ |
| ૨૦૧૮ | રોજર ફેડરર | સ્વિત્ઝરલેન્ડ |
| ૨૦૧૯ | નોવાક યોકોવિચ | સર્બિયા |

| **વર્ષ** | **મહિલાઓ** | **દેશ** |
|---|---|---|
| ૨૦૧૦ | સેરેના વિલિયમ્સ | અમેરિકા |
| ૨૦૧૧ | કિમ કલાઈસ્ટર્સ | બેલ્જિયમ |
| ૨૦૧૨ | વિકટોરિયા એઝારિન્કા | બેલારૂસ |
| ૨૦૧૩ | વિકટોરિયા એઝારિન્કા | બેલારૂસ |
| ૨૦૧૪ | લીના | ચીન |
| ૨૦૧૫ | સેરેના વિલિયમ્સ | અમેરિકા |
| ૨૦૧૬ | એંજોલેક કેર્બેર | જર્મની |
| ૨૦૧૭ | સેરેના વિલિયમ્સ | જર્મની |
| ૨૦૧૮ | કેરોલિન વોઝનિઆકી | ડેન્માર્ક |
| ૨૦૧૯ | નાઓમી ઓસાકા | જાપાન |

(બી-૧, સ્વીસ એવેન્યુ, પટેલ કોલોની, માણેકબાગ હોલની સામે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫
મો: ૯૮૯૮૮૭૦૮૪૦)

**નલિની કોલેજ તથા જાગૃતિ મહિલા સમાજ, આણંદના સંયુક્ત ઉપક્રમે વ્યાખ્યાન યોજાયું**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી.વી.પટેલ આર્ટ્સ કોલેજ ખાતે જાગૃતિ મહિલા સમાજ, આણંદના સહયોગથી 'પોષણક્ષમ આહાર' વિષય પર એસ.એમ.પટેલ હોમ સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ ડો. ભાવનાબેન ચૌહાણનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

કાર્યક્રમના આરંભે વિમેન સેલના કન્વીનર ડો. અનીતા સાળુંકેએ મહેમાનોનો પરિચય કરવી શાબ્દિક સ્વાગત કર્યું હતું. જાગૃતિ મહિલા સમાજ, આણંદના પ્રમુખ શ્રીમતી ભારતીબેન પટેલે વિદ્યાર્થીઓને જાગૃતિ મહિલા સમાજની સ્થાપના અને પ્રવૃત્તિઓ વિશે જણાવતા કહ્યું હતુ કે, અમારી સંસ્થાની સ્થાપના આજથી ૩૮ વર્ષ પહેલા થયેલી. અમારો હેતુ સમાજના ઉત્થાનમાં વિવિધ પ્રવુત્તિઓ કરવાનો છે. દિવસમાં ઓછામાં ઓછી એક વ્યક્તિને પણ મદદ કરવી તે અમારો મંત્ર છે. આથી વિદ્યાર્થીઓએ પણ સમાજ સેવા માટે સમય દાન આપવા જણાવ્યુ હતું.

મુખ્ય વક્તા પ્રિ. ભાવનાબેન ચૌહાણે પોતાના વક્તવ્યમાં વિદ્યાર્થીઓને સંબોધતા સ્વાસ્થ્યના અગત્યના ત્રણ પાસાઓની સમજ આપી હતી તેઓએ જણાવ્યું હતું કે આપણે શારિરીક, માનસિક અને સામાજિક સ્વાસ્થ્યની કાળજી લેવી જોઈએ. સ્વાસ્થ્ય સારું રાખવા માટે કેવા અને કેટલા પ્રમાણમા પૌષ્ટિક આહાર લેવો જોઈએ તેની વિગતે છણાવટ કરી હતી. ફૂડ પિરામિડ સમજાવતા તેઓએ જણાવ્યું હતું કે, જો તમે ફૂડ પિરામિડને અનુસરો તો શારીરિક અને માનસિક બીમારીઓથી બચી શકશો. આ ઉપરાંત શારીરિક શ્રમ કરવા પર ભાર મૂક્યો હતો.

અધ્યક્ષીય ઉદબોધન આપતા ડો. ઘનશ્યામસિંહ ગઢવી સાહેબે જણાવ્યું હતું કે આજે આપણે પશ્ચિમી સંસ્કૃતિએ ત્યાગેલી વસ્તુઓને અપનાવી આપણી અમૂલ્ય ધરોહર સમાન પરંપરાગત ખોરાક પદ્ધતિને ભૂલી રહ્યા છીએ. આજનુંમોટાભાગનું યુવાધન તામસિક ખોરાકનુંસેવન કરતુંહોવાથી તેમનામાં તામસિક પ્રકૃતિ જાગૃત થાય છે આથી આપણી પારંપારિક ખોરાક પદ્ધતિને વળગી રહી શારીરિક શ્રમનું મહત્ત્વ જાળવી સ્વાસ્થ્ય પ્રત્યે ધ્યાન રાખવા વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમમાં જાગૃતિ મહિલા સમાજ, આણંદના કારોબારી સભ્યશ્રીઓ સ્મિતાબેન પંડ્યા, સરોજબેન શાહ, મનીષાબેન સોલંકી અને સભ્યશ્રી ભાવનાબેન બારોટ ઉપસ્થિત રહ્યા હતા. કોલેજના અધ્યાપક બહેનો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન ડો. સાધના પટેલે તથા આભાર દર્શન ડો. ઉમા શર્માએ કર્યું હતું.

॥ વિદ્યાવૃત્ત ॥

**ન્યુ વિદ્યાનગર, એરીબાસ કોલેજની વિદ્યાર્થિની આર્યના સીંગને બેસ્ટ રિસર્ચ પોસ્ટર એવાર્ડ પ્રાપ્ત થયો.**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત, ન્યુ વિદ્યાનગરની એરીબાસ કોલેજમાં એમ.એસ.સી. (ઈન્ટીગ્રેટેડ) બાયોટેકનોલોજીનાં છેલ્લાં સેમેસ્ટરમાં અભ્યાસ કરતાં વિવિધ શાખાઓના વિદ્યાર્થીઓ જેવાં કે મેડિકલ બાયોટેક્નોલોજી, એન્વાયરમેંટ બાયોટેક્નોલોજી, ઇંડસ્ટ્રિયલ બાયોટેક્નોલોજી અને જનરલ બાયોટેક્નોલોજી સાથે જોડાયેલા છે. અભ્યાસનાં ભાગ રૂપે વિદ્યાર્થીઓ સમાજને ઉપયોગી બને તેવા પ્રકારના સંશોધનો એરીબાસનાં અધ્યાપકોનાં માર્ગદર્શન મુજબ વિદ્યાર્થીઓ કરે છે, તાજેતરમાં જ મેડિકલ બાયોટેક્નોલોજીનો અભ્યાસ પૂર્ણ કરેલ એવી વિદ્યાર્થિની આર્યના સીંગે અમદાવાદ ખાતે ગુજરાત સાયન્સ કોંગ્રેસ દ્વારા યોજાયેલ ટીચિંગ એન્ડ કમ્યુનિકેશન સાયન્સ પરિસંવાદમાં ભાગ લીધો હતો અને પોતે કરેલાં સંશોધન "સ્ક્રિનિંગ કરન્સી નોટ્સ ફોર મલ્ટી-ડ્રગ્સ રેસિસ્ટંટ ઓરગીનિસમ ઈન આણંદ" ના ભાગ રૂપે પોસ્ટર પ્રેજન્ટેશન કરવામાં આવ્યું હતું, અને તારણ કાઢવામાં આવ્યું હતું કે ચલણી નોટોમાં મલ્ટી-ડ્રગ પ્રતિકારક સજીવ રહેલાં હોય છે જે મનુષ્યની રોગ પ્રતિકારક શક્તિ ઘટાડે છે અને શ્વાસની તકલીફ, ગળાની તકલીફ, ચામડીના રોગ અને પેટના રોગો થવાની શક્યતા રહેલી છે. સંશોધન દરમ્યાન રૂપિયા ૫, ૧૦, ૨૦, ૫૦, અને ૧૦૦ રૂપિયાના દરની ચલણી નોટો જે અલગ અલગ જગ્યા જેવી કે, કરિયાણાની દુકાન, તબીબી દુકાન, રોગવિજ્ઞાન પ્રયોગશાળા, ફૂડ કોર્ટ વગેરે જેવી જગ્યાઓમાંથી આણંદ શહેરમાં આ ચલણી નોટો એક બીજાનાં હાથનાં સ્પર્શ મારફતે ફરતી રહે છે. આ ચલણી નોટો કાગળનાં રૂપમાં હોય છે જેથી મલ્ટી-ડ્રગ્સ રેસિસ્ટંટ ઓરગીનિસમ વધુ જોવા મળે છે. એરીબાસ કોલેજની વિદ્યાર્થિની આર્યના સીંગે એવું સૂચન કર્યું હતું કે ચલણી નોટો કાગળનાં રૂપને બદલે પ્લાસ્ટિક બને તો મલ્ટી-ડ્રગ્સ રેસિસ્ટંટ ઓરગીનિસમ નહિવત જોવા મળશે. એરીબાસ સંસ્થાનાં ઈન ચાર્જ હેડ ડૉ. ભક્તિ બાજપાઈ અને ડૉ ખુશાલ પટેલના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવ્યું હતું અને આવાં સંશોધનો સમાજને વધુ ને વધુ ઉપયોગી બની રહે તે અંગેનું સતત માર્ગદર્શન અને પ્રોત્સાહન એરીબાસના તજજ્ઞ અધ્યાપકો દ્વારા આપવામાં આવે છે. ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ એંજિનિયર શ્રી ભીખુભાઈ બી. પટેલ અને વાઇસ પ્રેસિડન્ટ શ્રી મનીષભાઈ એસ પટેલે એરીબાસ કોલેજની વિદ્યાર્થિની આર્યના સીંગને અને અધ્યાપકોને અભિનંદન પાઠવ્યા હતાં.

**આઈસ્ટાર કોલેજના સરફેસ કોટિંગ ટેક્નોલોજી ડિપાર્ટમેન્ટમાં કેમ્પસ પ્લેસમેન્ટ યોજાયો**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર કોલેજના સરફેસ કોટિંગ ટેક્નોલોજી ડિપાર્ટમેન્ટમાં કેમ્પસ પ્લેસમેન્ટ યોજાયો હતો. જેમાં નામાંકિત મલ્ટીનેશનલ કંપની જેવી કે કંસાઈ નેરોલેક, એશિયન પેઈન્ટ અંકલેશ્વર, એશિયન પેઈન્ટ મહારાષ્ટ્ર, ગ્રાન્ડ પોલીકોટ, પ્રીસમ પેઈન્ટ વગેરે જેવી ખ્યાતનામ કંપનીઓએ કેમ્પસ પ્લેસમેન્ટમાં ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને ઊંચા પગાર ધોરણ સાથે નોકરી મેળવવાની તક પૂરી પાડી હતી. પેઈન્ટ અને કોટિંગ ટેક્નોલોજીને લગતી ઉપરોક્ત તમામ કંપનીઓ આ ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓને પ્રાધાન્ય આપે છે, જે બદલ વિદ્યાર્થીઓમાં પણ ખુશીનો માહોલ છવાયેલ છે. વિદ્યાર્થીઓની જ્વલંત સફળતા બદલ ડિપાર્ટમેન્ટના વડા ડૉ. કલ્પેશ પટેલ અને આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલશ્રી પ્રો.ડો. નિર્મલ કુમારે પસંદગી પામેલ સૌ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

**આઈસ્ટાર અને વી.પી. સાયન્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે રાજ્યકક્ષાનો પરિસંવાદ યોજાયો**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર કોલેજના ઈન્સ્ટ્રુમેન્ટશન અને કંટ્રોલ વિભાગ તેમજ વી.પી. સાયન્સ કોલેજના ઈન્સ્ટ્રુમેન્ટેશન વિભાગ દ્વારા એટલાન્ટા એલેક્ટ્રિકલ્સ પ્રાઈવેટ લિમિટેડ, વિઠ્ઠલ ઉદ્યોગનગર અને પાર્થમ ઓટોસ્વિચ, દહેગામ જેવી ખ્યાતનામ કંપનીઓના સહયોગથી તા. ૨ ફેબ્રુઆરીના રોજ "ફ્રન્ટિયર્સ ઓફ ઈન્સ્ટ્રુમેન્ટશન" વિષય પર સંયુક્ત ઉપક્રમે રાજ્યકક્ષાનો સેમિનાર યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે વડોદરા સ્થિત નામાંકિત કંપની સર્વિલિંક સીસ્ટમ્સના ડાયરેક્ટર ડો. જગદીશ શુક્લા ઉપસ્થિત રહ્યા હતા. સીવીએમના માનદ્ મંત્રી ડો. એસ.જી. પટેલ, આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો.ડો. નિર્મલ કુમાર, વી.પી. સાયન્સ કોલેજના આચાર્ય ડો. ભાવેશ પટેલ મંચ પર ઉપસ્થિત રહ્યા હતા. સેમિનારમાં આશરે ૧૦૦ કરતા પણ વધુ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં ૩૦થી વધુ વિદ્યાર્થીઓએ પોસ્ટર મેકિંગ પ્રતિયોગિતામાં ભાગ લીધો હતો. વિજેતાઓને પ્રમાણપત્ર અને પારિતોષિક એનાયત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ફેકલ્ટી ફેબી સામે અને આભારવિધિ ફેકલ્ટી કૃણાલ સુથારે કરી હતી. પરિસંવાદના સફળ આયોજન માટે આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો.ડો. નિર્મલ કુમારે ઈન્સ્ટ્રુમેન્ટેશન અને કંટ્રોલ વિભાગના સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.

**નલિની આર્ટ્સ કોલેજનો ૫૯મો વાર્ષિક રમતોત્સવ ઉજવાયો**

વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારુતર વિદ્યામાંડલ દ્વારા સંચાલિત નલિની આર્ટ્સ કોલેજનો ૫૯મો વાર્ષિક રમતોત્સવ શાસ્ત્રી મેદાન ખાતે કોલેજના પ્રિન્સિપાલ ડો

ઘનશ્યામસિંહ ગઢવીની અધ્યક્ષતામાં યોજાયો હતો. કોલેજના વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોએ મોટા પ્રમાણમા વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. ભાઈઓમાં ચેમ્પિયન તરીકે ભરત ભરવાડ અને રનર્સઅપ તરીકે ધર્મેશ હઠીલા રહ્યા હતા અને બહેનોમાં ચેમ્પિયન તરીકે તળપદા લક્ષ્મી અને રનર્સઅપ ડામોર સુશીલા રહ્યા હતા. કોલેજ રમતગમત સલાહકાર અધ્યાપકો ડો.મહેન્દ્ર મિશ્રા, ડો. ભરતસિંહ ઝાલા અને ડો. નીરૂબેન પટેલે જહેમત ઉઠાવી હતી અને ૫૯માં રમોતત્સવને સફળ બનાવ્યો હતો.

**સેમકોમ ખાતે ગ્રીન બિઝનેસ ફેર તથા સ્માર્ટ આઈ ફોટોગ્રાફી સ્પર્ધા યોજાશે**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ તા ૧૮ અને ૧૯ ફેબ્રુઆરી ૨૦૧૯ બે દિવસીય ગ્રીન બિઝનેસ ફેર તથા સ્માર્ટ આઈ ફોટોગ્રાફી સ્પર્ધાનું આયોજન કરી રહી છે. વિદ્યાર્થીઓની કુલ ૨૮ ટુકડીઓના ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ ઈકોફ્રેન્ડલી પ્રોડકટસ ઓર્ગેનિક ફૂડ અને ગ્રીન ટેક્નોલોજીનું પ્રદર્શન અને વેચાણ અર્થે વિદ્યાર્થીઓ ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે. સ્માર્ટઆઈ ફોટોગ્રાફી જે નેચરની થીમ ઉપર ફોટોગ્રાફીનું પ્રદર્શન પણ ખુલ્લું મૂકવામાં આવશે. કુલ ૪૮ વિદ્યાર્થીઓની ફોટોગ્રાફી કુશળતા નિહાળવા મળશે.આ ગ્રીન બિઝનેસ ફેર નિહાળવા માટે સર્વે નગરજનોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આચાર્યા ડૉ. વહિદા થોમસના માર્ગદર્શન હેઠળ કો-ઓર્ડિનેટર ડૉ. સ્વાતી પરબ, ડૉ યોગેશ પટેલ, પ્રા પલક પટેલ, પ્રા. પ્રતિક શાહ,પ્રા. હિરલ પટેલ, પ્રા. જૈમિન ત્રિવેદી તથા ઓગસ્ટીન આરે આ કાર્યક્રમને સફળ બનાવવા સારું માર્ગદર્શન પૂરું પાડશે.

**કાસોર (ભાલેજ) ગામમાં એરીબાસ કોલેજ દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના કેમ્પનું આયોજન**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ન્યુ વિદ્યાનગરની એરીબાસ કોલેજનાં રાષ્ટ્રીય સેવા યોજના (એન. એસ. એસ) દ્વારા કાસોર ગામમાં કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય સેવા યોજના કેમ્પનું ઉદ્દ્ઘાટન ચારુતર વિદ્યામંડળના માનદ્ મંત્રીશ્રી ડૉ. એસ.જી પટેલ, કાસોર ગામ પંચાયતના સરપંચ શ્રી રાજેન્દ્રભાઇ વલ્લભભાઇ પટેલ, તલાટીશ્રી વસંતભાઇ ડી મકવાણા, કિરીટભાઈ પટેલ (ચેરમેન, કાસોર દૂધ મંડળી), કાસોર ગામના આગેવાન પુજાભાઈ પટેલ, પરેશભાઈ પટેલ, જીગ્નેશભાઈ પટેલ, મનીષભાઈ પટેલ, એરિબાસ કોલેજનાં ઈન-ચાર્જ હેડ ડૉ. ભક્તિ બાજપાઈ, રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસર ડૉ. કિન્નરી મિસ્ત્રી, કમિટીનાં સભ્યો ડૉ. કલ્પેશ ઈસનાવા, ડૉ. રજનીકાંત પટેલ, શ્રી સોહિલભાઈ વિનુભાઇ પટેલ, કવિતાબેન પટેલ તેમજ રાષ્ટ્રીય સેવા યોજના, એરિબાસના સ્વયંસેવકોની ઉપસ્થિતિમાં ભવ્ય રીતે શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મહાનુભાવોએ એન. એસ. એસ.ના સર્વે સ્વયંસેવકોને પ્રોત્સાહિત કર્યા હતાં અને એક આદર્શ સેવક, આદર્શ નાગરિક બનીને સારામાં સારી રીતે દરેક ક્ષેત્રે સેવા કરવાની તક તેમજ ભારત સરકારની અને ગુજરાત સરકારની વિવિધ યોજનાની માહિતી છેવાડાના વ્યક્તિ સુધી પહોંચે તેવા પ્રયત્નો સૌ સાથે મળીને કરવા પડશે તો જ દરેક ગામ અને શહેરનાં દરેક નાગરિકને મદદરૂપ બન્યાં કહેવાશે. પ્રોગ્રામ ઓફિસર ડૉ. કિન્નરી મિસ્ત્રીએ ૪-૨-૨૦૧૯ થી ૧૦-૨-૨૦૧૯ દરમ્યાન યોજાનાર રાષ્ટ્રીય સેવા યોજનાની વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપી હતી અને અંતમાં ડૉ. કલ્પેશ ઈસનાવાએ સૌનો આભાર માન્યો હતો.

**એન.વી. પાસ કોલેજ ખાતે પેટન્ટસ-કોન્સેપ્ટ એન્ડ પ્રેકિટસના વિષય પર નેશનલ વર્કશોપ યોજાઈ ગયો.**

ચારુતર વિદ્યામંડળ દ્વારા સંચાલિત નટુભાઈ વી. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સીસના એન્ટરપ્રેન્યોરશીપ ડેવલપમેન્ટ સેલ, એમ.એચ.આર.ડી. ઈનોવેશન સેલ, બાયોટેક્નોલોજી—જીનેટિકસ—બાયો ઈન્ફોર્મેટિકસ તથા માઈક્રોબાયોલોજી વિભાગના સંયુકત ઉપક્રમે ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજીના સહયોગથી ૨૯ જાન્યુઆરીના રોજ પેટન્ટસ-કોન્સેપ્ટસ એન્ડ પ્રેકિટસ વિષય પર નેશનલ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્કશોપનો મુખ્ય હેતુ શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઈનોવેશનના માધ્યમથી સાંપ્રત પ્રશ્નોનો ઉકેલ શોધવા તથા પ્રોબ્લેમ પોઝરમાંથી પ્રોબ્લેમ સોલ્વર બનવા કટિબધ્ધ થાય તથા વિકસિત કરેલ પ્રોડકટ કે પ્રોસેસને કઈ રીતે પેટન્ટના માધ્યમથી સુરક્ષિત કરી શકાય તે હતો.

આ વર્કશોપનો ઉદ્ઘાટન સમારોહ ચારુતર વિદ્યામંડળના માનદ્મંત્રીશ્રી ડો.એસ.જી.પટેલના પ્રમુખપદે તથા ગુજરાત ઈનોવેશન સોસાયટી, અમદાવાદના ફાઉન્ડર ચેરમેન શ્રી સુનિલ શાહના મુખ્ય મહેમાનપદે યોજાયો. આ પ્રસંગે સંસ્થાના આચાર્ય તથા વર્કશોપના કન્વિનર ડો. બાસુદેબ બક્ષીએ મહેમાનોને આવકાર્યા હતા તથા આ પ્રકારના વર્કશોપના આયોજનથી વિદ્યાર્થીઓની બુધ્ધિક્ષમતા ખીલશે તથા એક નવો દૃષ્ટિકોણ વિકાસ પામશે તેવી આશા વ્યકત કરી હતી. વર્કશોપના કો—ઓર્ડિનેટર ડો. અક્ષય ગુપ્તેએ વર્કશોપના હેતુ અને ઉપયોગિતા વિષે સમજણ પૂરી પાડી હતી તથા કો-ઓર્ડિનેટર ડો. મધુમતિ બોરાએ મહેમાનોનો પરિચય આપ્યો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાનશ્રી સુનિલ શાહે સમગ્ર દેશ અને ગુજરાત રાજ્યને અનુલક્ષીને ઈનોવેશન્સ અને પેટન્ટસની સ્થિતિ અંગે વિસ્તૃત માહિતી આપી હતી તથા આ દિશામાં અગ્રેસર થવા જરૂરી નીતિગત વિષયોની વિસ્તૃત છણાવટ કરી હતી. આ સમારંભના પ્રમુખપદેથી

માનદ્‌મંત્રીશ્રીએ વિવિધ દૃષ્ટાંતો મારફતે ઈનોવેશનનું મહત્ત્વ સમજાવ્યું હતું. અને દેશનું યુવાધન ફક્ત ઉપભોક્તા જ ન બની રહે અને ઈનોવેટર બને તે માટે આહ્‌વાન કર્યું હતું.

વર્કશોપમાં વિષય તજજ્ઞો તરીકે પધારેલ એન્ટરપ્રેન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા, અમદાવાદના પ્રો. ડો. પદ્મીન બુચ, સેન્ટર ડાયરેકટર આઈ.પી.આર. ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીના ડો. નિધિ બુચ તથા ઈન્ફિન્વેન્ટ આઈ.પી.ના સી.ઈ.ઓ. શ્રી ભાવિક પટેલે શિબિરાર્થીઓને ઇન્ટલેકક્યુઅલ પ્રોપર્ટી રાઈટ, પેટન્ટ ફાઈલિંગ, કોપી રાઈટ ટ્રેડમાર્ક વિગેરે વિષયો પર તકનીકી તેમ જ કાયદાકીય માહિતી ખૂબ જ સરળ શૈલીમાં પૂરી પાડી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે આ વર્કશોપમાં ૨૦૦ જેટલા શિબિરાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને આવનારા વર્ષમાં ઓછામાં ઓછું એક ઈનોવેશન તેઓ કરશે તેવી નેમ પણ પ્રતિજ્ઞા સ્વરૂપે વ્યકત કરી હતી.

આ સમગ્ર વર્કશોપનું આયોજન ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરીઓ ડો. અમિત બલ્લાણી તથા ડો. તેજસ ઠકકરે પ્રાધ્યાપકો તથા વિદ્યાર્થીગણની સહાયતાથી સુપેરે કર્યું હતું તથા વર્કશોપના વિવિધ તબકકાઓનું સંચાલન ડો. અંજલી કુલકર્ણી, ડો. યાચના ઝા, ડો. કુંદન મિશ્રા તથા ડો. ઉર્વીશ છાયાએ કર્યું હતું.

**એમ.યુ.પટેલ હાઈસ્કૂલમાં યોજાયેલી**
**વાર્ષિક ઈનામ વિતરણ કાર્યક્રમ**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત એમ.યુ.પટેલ ટેક્નિકલ હાઇસ્કૂલમાં વાર્ષિક ઇનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચારુતર વિદ્યામંડળના સહમંત્રીશ્રી ખોડાભાઇ પટેલ અધ્યક્ષસ્થાને તથા મંદબુદ્ધિ બાળકોની સંસ્થામાં કાર્યરત એવા સાઇકોલોજીસ્ટ શ્રીમતી મેઘનાબેન જોષી ઉપસ્થિત રહ્યા હતાં, જેઓનું શાળાના આચાર્યશ્રી શંકરભાઇ પારગી તથા સુપરવાઇઝરશ્રી ગુણવંતભાઈએ પુષ્પગુચ્છ આપી શાબ્દિક સ્વાગત કર્યું હતું. શાળાની બાલિકાઓ દ્વારા ભાવવાહી પ્રાર્થનાગાન દ્વારા કાર્યક્રમનો આરંભ કરવામાં આવ્યો હતો. મુખ્ય મહેમાનોના વરદ્‌હસ્તે રમતોત્સવ, શાળાની વિવિધ પ્રવૃત્તિઓમાં વિજેતા બનેલા વિદ્યાર્થીઓને શિલ્ડ તથા પ્રમાણપત્રો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. સાથે-સાથે તાલુકા, જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ વિવિધ રમતો-પ્રવૃત્તિઓમાં વિજેતા થયેલા, એનસીસીમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર, જીવદયાની રક્ષા કરનાર વગેરે વિદ્યાર્થીઓને પણ પ્રોત્સાહિત કરાયા હતા. શ્રીમતી મેઘનાબેને પ્રસંગોચિત ઉદ્‌બોધન કરતા પોતાની આગવી ઢબે વિદ્યાર્થીઓને જરૂરી એવું માર્ગદર્શન પૂરું પાડી વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં. અધ્યક્ષશ્રીએ પણ પોતાના વકતવ્યમાં શાળાના વિદ્યાર્થીઓ આ રીતે જ પ્રગતિ કરી કેન્દ્ર કક્ષાએ પણ આગામી પરીક્ષામાં પણ અગ્ર સ્થાન પ્રાપ્ત કરી સંસ્થાનું નામ રોશન કરે. તેવી શુભ કામનાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું સુપેરે સંચાલન કરનાર સુપરવાઇઝરશ્રી ગુણવંતભાઈએ આભારવિધિ કરી કાર્યક્રમની પૂર્ણા હૂતિ કરી હતી.

**આઈ.બી.પટેલ ઇંગ્લિશ સ્કૂલનું ગૌરવ**

ચારુતર વિદ્યામંડળ દ્વારા સંચાલિત આઇ.બી.પટેલ ઇંગ્લિશ સ્કૂલ (મા.ઉ.મા.) વલ્લભવિદ્યાનગરના વિદ્યાર્થીઓએ ‘કવીઝ સ્પર્ધા’માં પ્રથમ સ્થાન મેળવ્યું.

ઇલ્સાસ કોલેજ દ્વારા ‘‘એન્કવેસ્ટા’’ કવીઝ સ્પાર્ધાનું આયોજન તાઃ૨૧/૧/૨૦૧૯ ના રોજ કરવામાં આવ્યું. જેમાં આણંદ-વિદ્યાનગરની શાળાના કુલ : ૨૧૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આઇ.બી.પટેલ ઇંગ્લિશ સ્કૂલના કુલ ૩૬ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં એલિમિનેશન રાઉન્ડ બાદ શાળાના કુલ ૧૬ વિદ્યાર્થીઓ સ્પર્ધાના બીજા ચરણમાં પહોંચ્યા હતા. ફાઇનલ કવીઝ સ્પર્ધામાં પાર્થ ઠાકોર (ધોઃ૧૦), કુન્દન લામસે (ધોઃ૧૧) તથા યવનીક શર્મા (ધોઃ૧૨)ની ટીમે પ્રથમ સ્થાન મેળવી વિજેતા બની છે.

ચારુતર વિદ્યામંડળના સહમંત્રી શ્રી મેહુલભાઇ પટેલના વરદ હસ્તે આ વિજેતા બાળકોને ટ્રોફી, પ્રમાણપત્રો તથા રૂ.૨૦૦૦/- નુ રોકડ ઇનામ આપી સન્માન કરવામાં આવ્યું હતું. શ્રી મેહુલભાઇ પટેલ તથા કોલેજના આચાર્યશ્રી ડો.સન્ની થોમસે વિજેતાઓને ખૂબ-ખૂબ શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યા. શાળાના આચાર્યશ્રી ડૉ.મહેશ સ્ટેલીન ખ્રિસ્તીએ વિજેતા થનાર તથા ભાગ લેનાર તમામ સ્પર્ધકો તેમજ તેમને માર્ગદર્શન આપનાર શિક્ષકશ્રી દર્શન સુથારને અભિનંદન પાઠવીને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી છે.

**આઈ.બી.પટેલ ઇંગ્લિશ સ્કૂલ**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઇ.બી.પટેલ ઇંગ્લિશ સ્કૂલમાં વિદ્યાર્થીઓની પ્રતિભા વિકસાવવા વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન થાય છે. શૈક્ષણિક વિકાસ માટે વિદ્યાર્થીઓમાં પરીક્ષાનો ડર દૂર થાય અને આત્મવિશ્વાસથી પરીક્ષા આપી શકે તે માટે વિવિધ પરીક્ષાઓનું આયોજન પ્રતિવર્ષ થાય છે. આ વર્ષે આર.જે. વિઝન પ્રાઇવેટ લિમિટેડ દ્વારા ‘‘પરીક્ષા (ઇન સર્ચ ઓફ બ્રિલિયન્સ) અંતર્ગત ધો-૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ જનરલ નોલેજની પરીક્ષા આપી હતી. તેમાં શાળાનાં ૧૪ વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પરિણામ હાંસલ કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. આ વિદ્યાર્થીઓનું આર.જે.વિઝન પ્રાઇવેટ લિમિટેડ તરફથી પ્રમાણપત્રો અને ચંદ્રકો દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું. શાળાનાં આચાર્યશ્રી ડો.મહેશ ખ્રિસ્તીએ આ સિદ્ધિ બદલ વિદ્યાર્થીઓને તથા શિક્ષકોને અભિનંદન આપ્યા હતા.




ગુજરાત સરકાર તથા ચારુતર વિદ્યામંડળના સંયુક્ત ઉપક્રમે બીવીએમ કોલેજ ખાતે યોજાયેલ મેગા પ્લેસમેન્ટ કેમ્પના ઉદ્‌ઘાટન પ્રસંગે લેવાયેલ તસવીરમાં ગુજરાત વિધાનસભાના મુખ્યદંડકશ્રી પંકજ દેસાઈ, અગ્રસચિવ શિક્ષણ વિભાગ શ્રીમતી અંજુ શર્મા, કમિશ્નરશ્રી ટેકનીકલ શિક્ષણ વિભાગ અવંતિકા સિંહ, સીવીએમના અધ્યક્ષશ્રી ઈજનેર ભીખુભાઈ પટેલ, સ.પ. યુનિ.ના કુલપતિશ્રી ડૉ. શિરીષ કુલકર્ણી, સીવીએમના કુલપતિશ્રી ડૉ. ભાવેશ પટેલ તથા બીવીએમના આચાર્ય ડૉ. ઈન્દ્રજિત પટેલ દૃશ્યમાન થાય છે. ઈન્સેટમાં પ્રસંગોચિત ઉદ્‌બોધન કરતા અને મુખ્યદંડક શ્રી પંકજભાઈ દેસાઈનું અભિવાદન કરતા સીવીએમના અધ્યક્ષ દૃશ્યમાન થાય છે.




ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી.વી.પટેલ આર્ટ્સ કૉલેજ ખાતે ચારુતર વિદ્યામંડળ સ્થાપિત શ્રી ઈશ્વર પેટલીકર વ્યાખ્યાનમાળા અંતર્ગત યોજાયેલ ૩૩માં વ્યાખ્યાન પ્રસંગે વ્યાખ્યાન આપતા પ્રો. ડૉ. નરેશ વેદ તથા મંચસ્થ મહાનુભાવોમાં ચારુતર વિદ્યામંડળના સહમંત્રીશ્રી કે.એસ. પટેલ, સંસ્થાના આચાર્યશ્રી ડૉ. ઘનશ્યામસિંહ ગઢવી, સંસ્થાના ગુજરાતી વિભાગના પ્રાધ્યાપિકા ડૉ. અનીતા સાળુંકે અને ડૉ. સાધનાબેન પટેલ દૃશ્યમાન થાય છે.

V-Vidyanagar 21 (3) March 2019 Postal Regd. No. AND/318/2018-20
Published on Tuesday, 05.03.2019 RNI Regd. No. Guj/2009-11/5433
No. of Pages 44 Including Cover Posted at Vallabh Vidyanagar on
ISSN 0976 – 9609 V-Vidyanagar 5th of Every Month

# Dr. Bhailalbhai Dayabhai Patel



## Founder Chairman Charutar Vidyamandal

Death Anniversary 31-03-1970

Type Setting ASF Computers - 80002 74250

Editor: Dr. Urvish Chhaya Printed at Anand Press, Anand 388 001

Printed, Published and owned by Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal and Published at Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)